રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા ૨૩મો મણકો અને પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમ

વિષય : 'સાહિત્ય અને સમાજ'

વક્તા : શ્રી શરીફાબહેન વીજળીવાળા



તારીખ : ૨૯, ઑગસ્ટ ૨૦૨૬

સ્થળ : સારસ્વત ભવન, લોકભારતી

'લોકભારતીમાં જે નવું થયું તે જૂનાના ભોગે નથી થયું,
જૂનું મકાન નહીં મૂલ્યો, જીવન, નીતિરીતિ યથાતથ.'
- શરીફાબેન વીજળીવાળા

વર્ષ: ૮૦ અંક : ૦૨ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬

# પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા ૨૩મો મણકો
## અને પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમ



આવકાર અને ભૂમિકા :
શ્રી અરુણભાઈ દવે



મહેમાન પરિચય :
શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી



પ્રથમ બેઠક સંચાલન :
શ્રી વિશાલભાઈ જોશી



બીજી બેઠક સંચાલન :
શ્રી હસમુખભાઈ દેવમુરારિ







શ્રી શરીફાબહેન વીજળીવાળા અને શ્રી મીનળબહેન દવેનું અભિવાદન
કરતા શ્રી રામચંદ્રભાઈ પંચોળી તથા શ્રી અરુણભાઈ દવે



આભારદર્શન કરતા
શ્રી રામચંદ્રભાઈ પંચોળી

# કોડિયું

વર્ષ : ૮૦ સપ્ટેમ્બર ૨૦૨૬ અંક : ૦૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **શિક્ષણ, કુદરતી ઉપચાર અને સજીવખેતીના કર્મશીલ : મૂળજીભાઈ લવજીભાઈ ભલાણી**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૦૬ |
| ૦૨ | **એક સર્જક શિક્ષકઃ વાસુદેવ સોઢા**<br>ભાવનાબેન પાઠક | ..૦૮ |
| ૦૩ | **સજ્જતા અને સહૃદયતાનો સુયોગ : શ્રી બળવંતભાઈ તેજાણી**<br>ડૉ. હાજીભાઈ બાદી | ..૧૧ |
| ૦૪ | **કર્મશીલ માણસઃ શ્રી જયેશભાઈ રાવલ**<br>હસમુખભાઈ પટેલ, વીરમપુર(ઉ.ગુ.) | ..૧૪ |
| ૦૫ | **જ્ઞાનની પરબઃ ગુજરાત વિશ્વકોશ**<br>ડૉ. દિનુ ચુડાસમા | ..૧૭ |
| ૦૬ | **જે સ્મિતસભર છે તે જ શિક્ષિત છે...**<br>પારસકુમાર | ..૧૯ |
| ૦૭ | **સત્યજિત રે અને એમની વિખ્યાત અપુત્રયી**<br>સોનલ પરીખ | ..૨૧ |
| ૦૮ | **પુસ્તક પરિચય : જેના ઉત્તર નથી એવી કવિતાઓ !**<br>ડંકેશ ઓઝા | ..૨૩ |
| ૦૯ | **તે હું જ હતો**<br>ભાણદેવ | ..૨૫ |
| ૧૦ | **૨ઃ ફ્લાઈટ લૅન્ડિંગ કરે અને પુનઃ ટેકઑફ કરે...**<br>વિનોદ માંગુકિયા | ..૨૭ |
| ૧૧ | **વડીલો માટે ઘરકામ હાથવગી કસરત**<br>ડૉ. નાનક ભટ્ટ | ..૨૯ |
| ૧૨ | **બાઉલ બીબાઢાળ નથી હોતા...**<br>સતીશચંદ્ર વ્યાસ | ..૩૧ |
| ૧૩ | **લોકભારતીમાં એક મહિનો**<br>હિમાંશી પરમાર | ..૩૨ |
| ૧૪ | **વાર્તાનું શિક્ષણ**<br>ડૉ. સી. ટી. ટૂંડિયા | ..૩૪ |
| ૧૫ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ..૩૬ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆


'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆


શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ઑગસ્ટ માસ એટલે તહેવારો-ઉત્સવો અને જલસા કરવાનો મહિનો. બીજી તરફ હજુ તમામ શાળા-કૉલેજોમાં પ્રવેશકાર્ય ચાલી રહ્યું છે. ત્રીજી તરફ બેકાર યુવાનોનો આક્રોશ વધી રહ્યો છે, જ્યારે ચોથી તરફ પ્રકૃતિનો પ્રકોપ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. નેપાળનાં દશ્યો કંપારી છૂટે એવાં છે. વ્યક્તિથી વિશ્વ સુધી સૌ કોઈ એક જબરો અજંપો અનુભવી રહ્યા છે. વિશ્વ આજે માનવસર્જિત અને પ્રાકૃતિક એવા યુદ્ધ સહિતના અનેક પ્રકારના પ્રકોપોનો ભોગ બની રહ્યું છે. આ તમામ પ્રકોપોનો રામબાણ ઈલાજ એક જ છે.

ઉચ્ચ શિક્ષણમાં આજે મેડિકલ ફેકલ્ટીને બાદ કરતાં તમામ ક્ષેત્રે લાખો જગ્યાઓ ખાલી પડી છે. બાંધકામ, કૃષિ, ઉદ્યોગ વગેરે ક્ષેત્રે માણસો મળતા નથી ! બેકાર લોકોને શરીરશ્રમ કરવું નથી. નવી પેઢી નથી કામે ચડી કે નથી ભણવા બેઠી. તો ગઈ ક્યાં ? સૌ 'તૈયારી'ના વાઈરલ ઈન્ફેક્શનના ભોગ બન્યા જણાય છે. ભણ્યા વગર ડીગ્રીઓ જોઈએ છે અને કામ કર્યા વગર વેતન જોઈએ છે. સૌને અમેરિકન જીવનશૈલી જીવવાનો મોહ વધતો જાય છે પણ અમેરિકન જીવનશૈલી નરકાગારનું દ્વાર બની બેઠી છે, એ હવે સૌ અનુભવી રહ્યું છે.

આજે 'કામ' એટલે નોકરી, જે કોઈ બોસ-શેઠ માટે કરવાનું હોય. જેના માટે પૈસા ચુકવવામાં નથી આવતા તે કામ નથી ગણાતું. માણસો ઘરમાં જે કાંઈ કામ કરે તે કામ નથી ગણાતું ! કામ પ્રત્યેનો અભિગમ પણ આપણે બદલવો પડશે. માણસને પ્રસન્નતા, સંતોષ અને સમાધાન આપતું અર્થપૂર્ણ કામ હોવું જોઈએ. માણસના માયલાને અને ખોળિયાને એમ બંનેને પોષણ પૂરું પાડતું કામ, સૃષ્ટિચક્રનું સંવાદી કામ જ તેનું અધ્યાત્મિક મૂલ્ય અપાવી શકશે. પણ આપણે વિકાસ અને પ્રગતિ પાછળ પડ્યા છીએ.

વિકાસ અને પ્રગતિના ભ્રામક ખ્યાલોમાંથી છૂટવું પડશે. જે ગતિનું સુકાન માણસના હાથમાં કે કાબૂમાં ન હોય તે ક્યારેય પ્રગતિ બની શકે નહીં. આજે ટૅકનૉલોજીએ સમગ્ર વિશ્વની માનવજાતને આંજી દીધી છે. ટૅકનૉલોજીનો પ્રભાવ વિશ્વને એક જુદી જ દિશામાં ઘસડી રહ્યો છે ત્યારે સમજાવાનું છે કે જેમ ટૅકનૉલોજી એ બુદ્ધિનું સર્જન છે તેમ ટૅકનૉલોજી વાપરવાનો વિવેક પણ બુદ્ધિનું જ કર્તવ્ય છે. ટૅકનૉલોજીની ઉપર માણસે સવારી કરીને તેનું ચોકડું પોતાના હાથમાં રાખવાનું છે ત્યારે અત્યારે માણસ ટૅકનૉલોજીનો બોજ પોતાના માથે ઉંચકીને ભટકતો વેઠિયો પુરવાર થયો છે. ટૅકનૉલોજીનું ઘોડાપૂર નેપાળના પૂર કરતાં પણ ભયંકર વિનાશકારી સાબિત થવાનું છે.

અંતે બુદ્ધિની અને જ્ઞાનની તાકાત જ વિશ્વનું ઘડતર કરનાર પરિબળો છે. આ બુદ્ધિ વ્યભિચારિણી બુદ્ધિ નહીં, આત્મનિષ્ઠ બુદ્ધિ હોવી જોશે. એ બુદ્ધિ કોઈ લલચામણી ભૌતિક સુવિધાઓમાં અટવાયેલી નહીં, અધ્યાત્મિક બુદ્ધિ જોશે. આવી બુદ્ધિનું આચરણ અંતે કરુણામાં પરિણમતું હોવાથી એ રામરાજ્ય સ્થાપી શકે છે. અંતે આપણે તો ગુણવંત શાહ કહે છે તેમ સ્વીકારવું જ પડશે કે, 'દુનિયા જ્યાં સુધી કૃષ્ણ ભણી નહીં વળે ત્યાં સુધી વિશ્વશાંતિ કેવળ સમણું જ બની રહેશે.' કૃષ્ણએ જ્ઞાનયોગ સમજાવ્યો આપણે અજ્ઞાનને; કૃષ્ણએ કર્મયોગ સમજાવ્યો આપણે કામચોરીયોગને, કૃષ્ણએ ભક્તિયોગ સમજાવ્યો આપણે અંધશ્રદ્ધાયોગની જમાવટ કરી! આપણે આપણા ભવ્ય સંસ્કાર વારસાને આચરણમાં મૂકીને જીવનની દિવ્યતાને પામવાની છે. આપણે આગળનું જોઈ શકવાની ક્ષમતા ધરાવતા નથી માટે આગળ કાંઈ નથી એમ માનવું એ મૂર્ખાઈ છે. આપણી વિચારશક્તિની મર્યાદાને કારણે આપણે એમ કહીએ છીએ કે, 'હું નથી માનતો' વાસ્તવમાં 'હું નથી જાણતો' એમ કહેવું જોઈએ ! ખેર,

કૃષ્ણજન્મોત્સવને 'ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ'ના રામબાણ ઈલાજ તરીકે અમલમાં મુકીને વિશ્વને અનેક પ્રકોપોમાંથી ઉગારી લઈ કૃષ્ણનું ગોકુળિયું વિશ્વ સર્જવા કટિબદ્ધ બનીએ.

— (signature)

## (૦૧) શિક્ષણ, કુદરતી ઉપચાર અને સજીવખેતીના કર્મશીલ : મૂળજીભાઈ લવજીભાઈ ભલાણી

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર



શિક્ષણ, કુદરતી ઉપચાર અને સજીવખેતી જેવા વિવિધ ક્ષેત્રમાં પ્રયોગશીલ અને કર્મશીલ મૂળજીભાઈ (જન્મ : ૨૫/૦૧/૧૯૫૧) લોકભારતીના લોકશિક્ષણ વિભાગના સ્નાતક છે. વર્ષ : ૧૯૭૩, મુખ્ય વિષય- હિન્દી. તેમનું વતન સિહોર તાલુકાનું અમરગઢ ગામ. અહીં પ્રાથમિક શિક્ષણ અને વિવિધલક્ષી હાઈસ્કૂલ-સોનગઢમાં માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. ૧૯૬૯માં ટી.બી. હૉસ્પિટલ અમરગઢમાં મેઇલ નર્સની તાલીમ મેળવી. થોડો સમય ફરજ બજાવી પણ તેમને શિક્ષણમાં રસ-રુચિ હતા, એટલે લોકભારતીમાં પ્રવેશ મેળવ્યો. આર્થિક સ્થિતિ સામાન્ય તેથી સંસ્થાના વિવિધ વિભાગોમાં શ્રમકાર્ય કરીને લવાજમ માટે આવશ્યક રકમ એકત્ર કરી લેતા. સંસ્થાની કેળવણી, સહઅભ્યાસક તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા તેમનું સહજ ચારિત્ર્યઘડતર થતું રહ્યું. સ્નાતક થયા પછી ગૂજરાત વિદ્યાપીઠમાંથી હિન્દી શિક્ષા વિશારદની પદવી પ્રાપ્ત કરી. તે સમયે આયોજિત રાષ્ટ્રકક્ષાએ હિન્દી વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ શિલ્ડથી ગૌરવાન્વિત થયા.

૧૯૭૫થી તેમની શૈક્ષણિક સેવાઓનો શુભારંભ થયો. મૈત્રી અધ્યાપનમંદિર-સુરેન્દ્રનગરમાં ૧ વર્ષ અધ્યાપક તથા ગૃહપતિ. ૧૯૭૬માં લોકભારતી સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે ૬ માસ સેવાઓ આપી. ૧ વર્ષ ટાટા એગ્રિકલ્ચર ટ્રેનિંગ સેન્ટર ફોર ધ બ્લાઈન્ડ—ફણસા, તા. વાપીમાં આચાર્ય અને ૩ વર્ષ એકસેલ ઇન્ડસ્ટ્રીઝ-ભાવનગર અને કચ્છ મુકામે બાયોએન્જિનિયરિંગ વિભાગમાં પ્રવૃત્ત રહ્યા. પૂ.નાનાભાઈ ભટ્ટ સ્થાપિત શ્રી દક્ષિણામૂર્તિ વિનયમંદિરમાં હિન્દી અને ડેરી સાયન્સ વિષયના શિક્ષક તરીકે ૧૯૮૧થી ૨૦૦૪ સુધી ૨૪ વર્ષ સંનિષ્ઠ સેવાઓ આપી. અહીં વનવિભાગની મદદથી રોપા ઉછેર માટે શાળા નર્સરીની શરૂઆત કરેલી. હવે તેમની પ્રબળ ઇચ્છા હતી કુદરતી ઉપચારનો અભ્યાસ કરવાની. તેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને ભાવનગર યુનિ.માંથી ડિપ્લોમા ઇન નેચરોપથી એન્ડ યોગિક સાયન્સ (ડી.એન.વાય.એસ.)નો ૨ વર્ષ અભ્યાસ કર્યો. આ અભ્યાસનું પૂરા સમય માટે અમલીકરણ કરવાની તક તેમને પાંચેક વર્ષ પછી મળી. તે દરમિયાન ચારેક વર્ષ શિશુકુંજ ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન-લંડન દ્વારા ગુજરાત રાજ્યમાં કાર્યરત કેન્દ્રોના મુખ્ય કાર્યવાહક તરીકે જવાબદારી સંભાળી.

'સ્કૂલ ઇન અ બોક્ષ' યોજનાના હિન્દી અભ્યાસક્રમનું ગુજરાતીકરણ કર્યું. આ સમય દરમિયાન જીવનને નિરંતર સુખી રાખવા માટેની જીવનવિદ્યાનો અભ્યાસ સંપન્ન કર્યો.

૬૦ વર્ષની વયે ૨૦૧૧થી તેમણે પ્રાકૃતિક ચિકિત્સક તરીકે પૂરા સમયની સેવાઓનો પ્રારંભ કર્યો છે. આજે કુદરતી ઉપચાર પ્રમાણે નિદાન-સારવાર ઉપરાંત વ્યાખ્યાન તેમ જ શિબિરોનું સમગ્ર દેશમાં સફળતાપૂર્વક આયોજન કરી રહ્યા છે. તેમની સાથે ભાવનગર જિલ્લામાં શામપરા-સિદસર મુકામે પોતાના ફાર્મમાં જીવનસંગિની મંજુલાબહેન અને સુપુત્ર દર્શનને સજીવખેતી સંશોધન અને વિકાસમાં સહયોગ આપે છે. તેમની સાથે અન્ય ખેડૂતોને પણ માર્ગદર્શન પૂરું પાડે છે. તેઓ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને સુવાચ્ય અક્ષર માટે તાલીમ આપતા રહે છે. તેમને સરદાર પટેલ કૃષિ સંશોધન એવોર્ડ તથા સૃષ્ટિ સંસ્થા-અમદાવાદ દ્વારા સન્માન પ્રાપ્ત થયાં છે. દીકરી કૃષ્ણા સપરિવાર સુરત મુકામે સુખી જીવન વ્યતિત કરે છે.

મૂળજીભાઈના જીવન અને કવનની બે વિશેષતાઓ નોંધવા જેવી છે :

(૧) સતત સ્વાધ્યાય : તેઓ આઠેક સંસ્થાઓ સાથે સંલગ્ન રહ્યા. વૈધિક અને અવૈધિક શિક્ષણ, કુદરતી ઉપચાર, સજીવખેતી અને અક્ષર સુધારણા જેવી મલ્ટિટાસ્કિંગ પ્રવૃત્તિઓ પ્રયોજી. દરેકમાં માત્ર વ્યાપ કે વિસ્તાર નહીં, પણ ઊંડાણ લાવવામાં તેઓ સફળ થયા તેનું કારણ છે નિરંતર અધ્યયન.

(૨) સમત્વ : તેમના જીવનમાં ઘણા સંઘર્ષ આવ્યા છે. તેનાથી તેઓ થાક્યા કે હાર્યા નથી. ગીતાજીમાં દર્શાવ્યા મુજબ તેમનો કાર્યમંત્ર છે 'સમત્વમ યોગ ઉચ્યતે'. સુખ કે દુઃખ, સફળતા કે નિષ્ફળતા આવવાનાં. તે સમયે તેમણે ધીરજ જાળવી રાખી છે.

મૂળજીભાઈ આજે ૭૫ વર્ષે અમૃત મહોત્સવમાં પ્રવેશ પામીને આનંદી અને સાર્થક જીવન માણી રહ્યા છે. માતૃસંસ્થા લોકભારતીના સન્માન પ્રસંગે અભિનંદન.

સંપર્ક : ૭૯૮૪૦૫૩૯૭૪.

**પૂર્વવિદ્યાર્થી સન્માન પ્રસંગે પ્રતિભાવ**

લોકભારતી પોતાના વિદ્યાર્થીઓનું જીવન ઘડતર થાય તે માટે કમર કસીને કર્મશીલ રહી છે. સ્વ.પૂ.નાનાદાદા, મનુદાદાથી લઈને તમામ અધ્યાપકો-કાર્યકરોએ સંસ્થાના લક્ષ્યને ફલાન્વિત કરવા પુરુષાર્થ કર્યો છે. લોકભારતીત્વથી રંગાયેલા તમામ સૌને નત મસ્તક વંદન.

હું લોકશિક્ષણનો વિદ્યાર્થી હતો. તે સહિત કૃષિ અને આયુર્વેદનું શિક્ષણ મેં મેળવ્યું હતું. શિક્ષણ, કૃષિ-ગોપાલનને આરોગ્યની જે તાલીમ મને મળી છે તેનો લાભ સમાજને મળતો રહે તે માટે મેં આજીવન કાર્ય કર્યું છે.

મારા જીવનકાર્યમાં લોકભારતી સતત પ્રેરણાનું ઝરણું બની રહી છે. લોકસેવાના સંસ્કાર લેવાની તક મને ૧૯૭૦થી ૭૩ દરમિયાન મળી હતી. મારું ઘડતર અને ચણતર આ સમયગાળામાં થયું હતું.

સમાજમાં જઈને લોકઉત્થાનનું ઉત્તમ કાર્ય કરનારા પૂર્વવિદ્યાર્થીઓનું સન્માન લોકભારતી કરતી આવી છે. આ વર્ષે તા.૨૯-૦૮-૨૦૨૬ના રોજ સંસ્થા મારી પીઠ થાબડી રહી છે. આથી લોકસેવા કરવાની મારી હોંશમાં વધારો થનાર છે. મારા આ સન્માન માટે લોકભારતીનો સપરિવાર આનંદ અને આભાર વ્યક્ત કરું છું.

-મૂળજીભાઈ ભલાણી

જો કોઈ સ્થળે તમે જાઓ, ત્યાં જાણે તમારી બાકીની આખી જિંદગી ગાળવાના હો, તે રીતે રહેજો અને ભલમનસાઈ બતાવવાની, મીઠાશથી બોલવાની કે મિત્રો બનાવવાની તક જવા ન દેશો.

- જ્હોન રસ્કિન

## (૦૨) એક સર્જક શિક્ષકઃ વાસુદેવ સોઢા

**ભાવનાબેન પાઠક**



'દાદા, મને લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રવેશ તો મળી ગયો છે, પરંતુ મારી પાસે ફી ભરવાના પૈસા નથી. એટલે હું અહીં ભણી શકીશ નહીં. તમારા દર્શન કરવા આવ્યો છું. હવે હું ઘરે જાઉં છું.' ૧૯૭૫ની સાલ હશે. એક બપોરે એક નાનકડો S.S.C પાસ જિજ્ઞાસુ વિદ્યાર્થી મનુદાદા 'દર્શક'ને ઘરે જઈને આમ કહી રહ્યો છે ! મનુદાદા જવાબમાં કહે છે, 'અરે, પૈસા નથી તો શું ? તું અહીં કામ કરીને ફી ભરજે. સંસ્થાની ખેતીમાં તને કામ આપશે.' અને આ વિદ્યાર્થી સંસ્થામાં રહી ગયો !

આ રીતે બે વર્ષની તમામ ફી-પ્રવાસખર્ચ, અન્યખર્ચ સંસ્થાની ખેતીમાં કામ કરીને અને ઘરના વાસણ વેચીને મેળવ્યા.' આ વિદ્યાર્થી પોતાની સખત મહેનત, અભ્યાસવૃત્તિ, જિજ્ઞાસાવૃત્તિ, સર્જનાત્મકતાથી એટલું વિકસ્યો કે આજે ૨૦૨૬માં માતૃસંસ્થા લોકભારતી તેનાં પોંખણાં કરી રહી છે ! આ વિદ્યાર્થી... વાસુદેવ સોઢા.

માતા જયાબેન અને પિતા ભીમજીભાઈનો સંસ્કારવારસો ગાંઠે બાંધીને નાના એવા ગામ શીલાણામાં પ્રાથમિક શિક્ષણ ભણીને, માધ્યમિક શિક્ષણ બાબાપુર 'સર્વોદય સરસ્વતી મંદિર'માં ઘડાઈને લોકભારતીમાં P.T.C.નો અભ્યાસ કર્યો. લોકભારતીમાં વિશિષ્ટ દિનચર્યા, ઉત્સવોની ઉજવણી, જીવનલક્ષી પ્રવૃત્તિઓ, પુસ્તકાલય, સમૂહજીવન પ્રવૃત્તિઓ, બાલવાડી-શિબિર, પ્રવાસ, સતતશિક્ષણ, તજજ્ઞ વક્તાઓના વાર્તાલાપ, વિદ્વાન અધ્યાપકોનું માર્ગદર્શન, મનુભાઈ પંચોળીનો સહવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગ્રામાભિમુખ કાર્યક્રમોમાંથી આ વિદ્યાર્થીએ પોતાનું અભ્યાસપાત્ર ચત્તુ રાખીને એટલું બધું મેળવ્યું કે અંદર બેઠેલો સર્જક મહોરી ઉઠ્યો ! અને અભ્યાસકાળ દરમિયાન જ લેખનપ્રવૃત્તિ શરૂ થઈ. P.T.C. કર્યા બાદ પ્રાથમિક શાળામાં ૨૦ વર્ષ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ૧૮ વર્ષ કામ કર્યું. આ દરમિયાન જે જે શાળામાં કામ કરતાં કરતાં અવનવા શિક્ષણપ્રયોગો ગ્રામજનો, યુવાનો, બાળકો સાથે રહીને કર્યા તેની સાથે આજે નિવૃત્તિ પછી પણ તરોતાજા સંબંધો છે !

લોકભારતીના અભ્યાસકાળ દરમિયાન જેનો પરિચય-સંબંધ વિકસ્યો તેવા લોકભારતીના લોકસેવા મહાવિદ્યાલયના પૂર્વાચાર્ય અને જાણીતા સાહિત્યકાર આ. મનસુખભાઈ સલ્લાએ વાસુદેવભાઈના વાર્તાસંગ્રહ 'આયામ'ની પ્રસ્તાવના લખી છે. તેઓએ શિક્ષણ તાલીમ ભવનમાં

કાર્યરત રહીને રાજ્ય કક્ષાએ શિક્ષણને વેગ આપવા માટે અનેક કાર્યો કર્યા, જેમાં શૈક્ષણિક ક્રિયાત્મક સંશોધનો કરવા, સાહિત્ય નિર્માણ અને જિલ્લા-રાજ્ય કક્ષાએ શિક્ષકોને તાલીમ, નિરંતર શિક્ષણ, વસ્તી શિક્ષણ, કક્ષાવાર સાહિત્યનો ઇતિહાસ અને રાષ્ટ્રીય શિક્ષક સામગ્રીના નિર્માણ જેવા મહત્ત્વના વિષયોમાં સક્રિય યોગદાન, નવીન શૈક્ષણિક સાહિત્યનું સર્જન, પ્રાથમિક શાળાનાં બાળકો માટે ઉપયોગી અને રસપ્રદ બાલવાર્તાઓની પુસ્તકશ્રેણી, શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે માટે ઉપયોગી 'પુસ્તિકાઓ'નું પણ સુંદર આયોજન, અનોખી વાર્તાયાત્રા જેને કારણે અત્યાર સુધીમાં રાજયની ૬૫૦થી વધુ શાળાઓના અંદાજે ૨,૫૦,૦૦૦ (અઢી લાખ)થી વધારે બાળકો સુધી વાર્તાનો જાદુ પહોંચાડ્યો છે. આ ઉમદા કાર્ય માટે અંદાજે ૪૭,૫૦૦ કિ.મિ,નો પ્રવાસ ખેડ્યો છે.

શિક્ષણ સિવાયના ક્ષેત્રોમાં MHRD દ્વારા તારુણ્ય શિક્ષણની પદ્ધતિ શિક્ષકો અને વિદ્યાર્થીઓને આપી અને તેનું સાહિત્ય નિર્માણ, ચૂંટણી અને મતદાન જાગૃતિ માટે શોર્ટ ફિલ્મનું સ્ક્રિપ્ટ રાઇટિંગ ને તેમાં પોતાનો જીવંત અભિનય, વિવિધ પ્રમોશનલ એડવર્ટાઇઝમેન્ટમાં મૉડેલ તરીકે પણ પોતાની કળા પ્રદર્શિત, જનજાગૃતિ ફેલાવવા માટે શેરી નાટકોની સ્ક્રિપ્ટ તૈયાર કરી, તેનું દિગ્દર્શન કર્યું અને ઉત્કૃષ્ટ અભિનય દ્વારા સમાજ સમક્ષ રજૂ કર્યા, આંગણવાડીની બહેનોના કૌશલ્યવર્ધન માટે વિશેષ માર્ગદર્શક સાહિત્ય તૈયાર કર્યું અને તેમને વ્યાવસાયિક તાલીમ આપી, મૂક, બધિર શાળા અને અંધ શાળામાં ખાસ વિદ્યાર્થીઓને વાર્તાકથન વગેરે કર્યાં.

પ્રકાશન, મીડિયા અને સાહિત્યિક સિદ્ધિઓમાં અત્યાર સુધીમાં કુલ ૩૪ જેટલાં પુસ્તકોનું લેખન, ગુજરાતના પ્રતિષ્ઠિત સામયિકો તેમ જ અખબારોમાં નિયમિત લેખ, વાર્તાઓ અને ધારાવાહિક રૂપે નવલકથાઓનું લેખન, આકાશવાણીના માધ્યમથી ૧૦૦થી વધુ જેટલાં નાટકો, વાર્તાલાપ અને ટૂંકીવાર્તાઓ, મુલાકાતનું સફળતાપૂર્વક પ્રસારણ, દૂરદર્શન કેન્દ્ર-અમદાવાદ પરથી ૩ જેટલાં નાટકો, વગેરે જેવી વિશિષ્ટ અને સાહિત્યિક ભૂમિકા ભજવી છે.

શિક્ષણ જગતમાં પાઠ્યપુસ્તક નિર્માણ અને ટ્રેનિંગ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં NCERT નિર્મિત ગુજરાતી પાઠ્યપુસ્તક ધોરણ-૦૯માં નાટ્યકૃતિ, અંગ્રેજી માધ્યમના ગુજરાતી વિષયના ધોરણ-૬ અને ૭નાં પાઠ્યપુસ્તકોમાં સાહિત્યિક કૃતિઓ, શિક્ષણ ક્ષેત્રે સંશોધન અને માર્ગદર્શન માટે સમીક્ષક તરીકે પ્રશંસનીય કામગીરી, પ્રતિષ્ઠિત ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામમાં સક્રિય ભાગીદારી, CCRT-ઉદયપુરમાં લોકકલા અને સર્જન વર્કશોપમાં ભાગીદારી, લોકભારતી અધ્યાપનમંદિરમાં યોજાતી બાલવાડી શિબિરમાં છેલ્લા સતત ૨૦ વર્ષથી વાર્તાકથન કર્યું છે. હાલ નિવૃત્તિ બાદ પણ શાળાઓમાં બાળકોને વાર્તાકથન દ્વારા શાળાએ જઈને યોગદાન આપી રહ્યા છે.

તેઓને અનેક સાહિત્ય અને કલાક્ષેત્રે અમૂલ્ય પ્રદાન બદલ પુરસ્કારો-ગૌરવવંતી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે, જેમાં (૧) બાલ સાહિત્ય અકાદમી-અમદાવાદ તરફથી બાળવાર્તા સંગ્રહને 'પ્રથમ પારિતોષિક' (૨) ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર તરફથી બાળવાર્તા સંગ્રહને 'પ્રથમ પારિતોષિક' (૩) સંગીત નાટ્ય અકાદમી-ગાંધીનગર તરફથી વાર્તાકથન ક્ષેત્રે પારિતોષિક (૪) ગુજરાતી સાહિત્ય પરિષદ/બુધસભા ભાવનગર દ્વારા રાજ્ય નાટ્યલેખનમાં દ્વિતીય પારિતોષિક (૫) ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ વિશિષ્ટ બહુમાન (૬) 'અંજુ-નરસી પારિતોષિક' (૭) ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા 'માતૃભાષા દિને' વિશેષ પારિતોષિક/સન્માન (૮) વિવિધ સંસ્થાઓ અને સંતો-મહંતો તરફથી મળેલું સન્માન (૯) 'સૌરાષ્ટ્ર શબ્દ' આજકાલ દૈનિક સમાચાર પત્ર દ્વારા સન્માન (૧૦) પૂજ્ય મોરારિબાપુના હસ્તે નાટ્યસંગ્રહ વિમોચન અને આશીર્વાદ સાથે સન્માન (૧૧) ચાંપરડા-પૂજ્ય મુક્તાનંદ બાપુ દ્વારા સન્માન (૧૨) કબીર ટેકરી-સાવરકુંડલા આશ્રમ દ્વારા ગૌરવ સન્માન (૧૩) લોકભારતી અધ્યાપનમંદિરના પૂર્વવિદ્યાર્થી મિલન સમારોહ દરમિયાન વિશેષ સન્માન (૧૪)GCERT (ગાંધીનગર) દ્વારા

ગૌરવપૂર્ણ સન્માન (૧૫) વતન શીલાણાની ગ્રામપંચાયત અને ગ્રામજનો દ્વારા સન્માન (૧૬) તત્કાલીન ગુજરાત રાજ્યના માનનીય પૂર્વ મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી અને ત્યાર બાદ વર્તમાન મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગૌરવપૂર્ણ 'અભિવાદન પત્ર'.

તેમનાં જીવનસંગિની સુમનબેન સાથે પરિવારમાં આજે બે દીકરા-પુત્રવધુઓ, દીકરી-જમાઈ અને પૌત્ર-પૌત્રીઓ સાથે મોજ કરતા કરતા અગાસીમાં શાકભાજી ઉગાડવાની પ્રવૃત્તિ કરીને શરીર શ્રમ અને આનંદ મેળવી લે છે.

આ બધાં સન્માન પુરસ્કાર મળ્યાં તેનો આનંદ-કૃતજ્ઞતા તો છે જ પરંતુ આજે માતૃસંસ્થા લોકભારતી દ્વારા થઈ રહેલ સન્માન તેમના મનમાં ઊંચા આસને બિરાજે છે ! હૈયે અનેરો હરખ છે !

**પ્રતિભાવ**

**લોકભારતીએ દુઃખણા લીધા**

૨૯ ઓગસ્ટ-૨૦૨૬નો દિવસ મારા સમગ્ર જીવન માટે અત્યંત પાવન, સ્મરણીય અને જીવન-સંધ્યા ખીલી ઊઠી હોય તેવો પરમ આહ્‌લાદક અનુભવ લઈને આવ્યો છે. જે સંસ્થાના પવિત્ર આંગણે મને અધ્યયન કરવાનો પરમ સૌભાગ્યપૂર્વકનો અવસર સાંપડ્યો, જ્યાંથી મને સાચા જીવનની સાચી કેળવણી મળી તથા એક આદર્શ શિક્ષક બનવાની તાલીમ પ્રાપ્ત થઈ એ લોકભારતી સંસ્થા પ્રત્યે હું ઋણાનુબદ્ધ છું.

આ પવિત્ર ભૂમિ સંસ્થાના સ્થાપક પૂજ્ય નાનાભાઈ ભટ્ટની તપોભૂમિ રહી છે. પૂજ્ય મનુદાદા પંચોળી 'દર્શક', બૂચદાદા તેમ જ પૂર્વ નિયામક શ્રી કુમુદભાઈ જેવા અન્ય મહાનુભાવોની પ્રત્યક્ષ/પરોક્ષ ચૈતન્યમય આભામાં મને ઘડાવાનો અવસર મળ્યો છે. મારા અધ્યાપનમંદિરના આદરણીય વિદ્વાન અધ્યાપકો/આચાર્યો શ્રીગણેશભાઈ ડાભી, શ્રી નરેન્દ્રદેવ પાઠક, શ્રી દેસુરભાઈ આહિર, શ્રી રણછોડદાસ રામાનુજ અને શ્રી હરિભાઈ સહિતના તમામ ગુરુજનોને હું અત્યંત શ્રદ્ધા અને આદરપૂર્વક યાદ કરું છું.

છેલ્લાં ૨૦ વર્ષથી હું અધ્યાપનમંદિરની બાલવાડી શિબિરમાં 'વાર્તાનું શાસ્ત્ર' અને 'વાર્તા રસાસ્વાદ'ના માધ્યમથી સંસ્થા સાથે સતત જોડાયેલો રહ્યો છું. આ વણથંભી શૈક્ષણિક સાધના માટે જે તે સમયના આદરણીય આચાર્યશ્રીઓ : શ્રી રાજેન્દ્રભાઈ, શ્રી હાજીભાઈ, શ્રી ભાવનાબેન પાઠકથી માંડીને શ્રી જગદીશભાઈ ગોસાઈ સુધીના તમામ આચાર્યશ્રીઓ અને એમને પણ યાદ કરીશ દરવાજે પહેરગીર તરીકે બેસતા પાંચાભાઈ અને નર્સરીમાં ફૂલો ખીલવતા ઝીણાભાઈ, અમારા રસોડાનાં રસોયા બહેનો..! તમામનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

અધ્યાપકોનું સતત સાન્નિધ્ય, જીવનલક્ષી શિક્ષણ, પ્રવૃત્તિઓથી ધમધમતું વાતાવરણ, દેશ-વિદેશના વિદ્વાનોના પ્રેરણાદાયી ભાષણો, સંસ્કૃતિસભર કાર્યક્રમો અને સમૂહજીવનની કેળવણી, આ બધું આપનાર સંસ્થા જ્યારે પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીને આવું ઉત્કૃષ્ટ સન્માન આપે, ત્યારે તે સન્માન માત્ર વ્યક્તિગત નથી રહેતું પરંતુ જીવનની સંધ્યાને પ્રકાશિત કરતો દિવ્ય દીપક બની જાય છે.

આ સન્માન મારા માટે સમગ્ર જીવનનું પરમ ગૌરવ છે. મેં મારી ક્ષમતા અને ગજા મુજબ જે કંઈ અલ્પ કાર્ય કર્યું છે, તેનું આટલું ઉત્તમ પ્રમાણપત્ર અને સ્નેહાદર લોકભારતીએ મને આપ્યો છે તે માટે હું પોતાને ધન્ય માનું છું.

હાલના દૃષ્ટિવંત કેળવણીકાર મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અરુણભાઈ દવે, નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિ, અન્ય વડીલો અને સમગ્ર લોકભારતી પરિવારનો હું અંતઃકરણના ઋણસ્વીકાર સાથે આભાર વ્યક્ત કરું છું.

સ્થળ : અમરેલી<br>
સ્નેહાધીનઃ<br>
તારીખઃ ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬<br>
વાસુદેવ સોઢા<br>
(ભૂતપૂર્વ વિદ્યાર્થી, લોકભારતી)

## (૦૩) સજ્જતા અને સહૃદયતાનો સુયોગ : શ્રી બળવંતભાઈ તેજાણી

**ડૉ. હાજીભાઈ બાદી**



બહુ જૂજ એવા વિદ્યાર્થીઓ હોય છે કે જે લોકભારતીનો પોતાનો વિદ્યાઅભ્યાસ છોડ્યા પછી લોકભારતી જોડે પ્રત્યક્ષ-પરોક્ષ રીતે અને ઉભયપક્ષે સતત-અવિરત સંકળાયેલા રહ્યા હોય. વળી ટાણે-પ્રસંગે લોકભારતીને સહાયક પણ બન્યા હોય. એવા વિદ્યાર્થીઓ પૈકીના એક આપણા વિદ્યાર્થી એટલે ડૉ.બળવંતભાઈ માધાભાઈ તેજાણી. તેમનો જન્મ તા.૦૧-૦૮-૧૯૭૦માં, વલ્લભીપુર તાલુકાના ભાલ વિસ્તારના એમના વતન મેવાસા ગામમાં, એક સાધારણ કિસાન પરિવારના પુત્ર તરીકે થયો. બચપણમાં જોયેલી ભાલની હાડમારીવાળી પડકારરૂપ જિંદગીને બાલ્યકાળથી જ એમણે અભ્યાસકીય દૃઢતામાં પરિવર્તિત કરી, સતત અને સખત મહેનત સાથે આજની ઊજળી કારકિર્દી ઘડી છે. તેમનો ૧થી ૭ ધોરણ સુધીનો અભ્યાસ ગામની પ્રાથમિક શાળા અને ૮થી ૧૦ સુધીનો અભ્યાસ રતનપુરની ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં થયો. બાળ સહજ ઉંચી સમજણ, સંસ્કાર અને નિઃસ્વાર્થ મૈત્રીને કારણે તેઓ પોતાના વિદ્યાર્થી મિત્રો અને ગુરુજનોમાં સૌના વિશ્વાસુ પ્રિય થઈ શકેલા. ઈ.સ.૧૯૮૬થી ૧૯૮૮ સુધી લોકભારતી અધ્યાપનમંદિર સણોસરામાં શિક્ષક-તાલીમ પ્રાપ્ત કરી. નમ્ર-વિવેકી-જિજ્ઞાસુ-પરગજુ અને સુંદર-મરોડદાર અક્ષરોને કારણે અધ્યાપનમંદિર વિભાગમાં એક આગવી-અનોખી છાપ ઊભી કરીને વિદ્યાર્થી આલમ-ગુરુજનો અને સમગ્ર લોકભારતી પરિસરમાં સૌને માટે જાણીતા-માનીતા બની શક્યા. શિક્ષક તરીકેની તાલીમ પછીના આઠ-દસ માસમાં જ ઉમરાળા તાલુકાના પીપરાળી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નિયુક્તિ પામ્યા. ઓછું ભણતર ભણીને નોકરી કરવી એ એમના ચિત્તનો વસવસો એમને પજવી રહ્યો હતો. એક્સટર્નલ(બાહ્ય) વિદ્યાર્થી તરીકે ધોરણ ૧૨ની પરીક્ષા આપી. પછી ગુજરાત યુનિવર્સિટીમાં બાહ્ય વિદ્યાર્થી તરીકે ગુજરાતી વિષય સાથે બી.એ. અને ભાવનગર યુનિ.માં ગુજરાતી વિષય સાથે એમ.એ. થયા. મનુદાદાની સાથે ચર્ચા-વિમર્શ કરીને ભાવનગર યુનિ.માં ''મનુભાઈ પંચોળી 'દર્શક' સાહિત્યની પાત્રવિભાવના અને એમનાં નારીપાત્રો'' વિષય પર એમણે પીએચ.ડી. કર્યું. દરમિયાન જ એમનાં લગ્ન થયાં. પત્ની મમતાબહેન પણ શિક્ષિકા મળ્યાં. એમણે એમનાં શિક્ષણ-સેવા કાર્યોમાં શ્રદ્ધા, પ્રામાણિકતા અને કર્મઠતાને જબરું બળ પૂરું પાડ્યું છે.

નોકરીની શરૂઆતમાં જ ''બાળકો શા માટે નબળાં રહે છે ? શું કરીએ તો તેઓ સબળાં બની શકે?'' એ અજંપાને કારણે પોતાની આગવી સૂઝબૂઝને કામે લગાડી અને શાળાને

સવારમાં એક કલાક વહેલી ખોલવાનું શરૂ કર્યું. દર રવિવારે પણ સવારમાં શાળા ચાલુ હોય, વિદ્યાર્થીઓ જોડેના આ ઉષ્મા-લાગણીભર્યા સંબંધોએ એમણે વાલીઓને પણ શાળા સાથે સુંદર રીતે જોડ્યા. પોતાના જ્ઞાન-આવડતનો લાભ વહેંચવાનો અવકાશ મળ્યો ત્યારે સરકારી પ્રતિનિયુક્તિ પર સી.આર.સી. અને બી.આર.સી. કૉ-ઓર્ડિનેટરની ભૂમિકા પણ એમણે પોણો દાયકો નિભાવી. જીપીએસસી પાસ થઈ સરકારી કૉલેજમાં અધ્યાપક તરીકે પસંદ થયા, પણ એમણે એ મુલતવી રાખ્યું ને ૩૭ વર્ષથી તેઓ શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે.

શિક્ષણકાર્યના સમાંતરે જ વાચન માટેની વિશિષ્ટ પ્રવૃત્તિઓ, તમામ ગુણોત્સવમાં છ અને છ + ગ્રેડની પ્રાપ્તિ, નિબંધલેખન, ચિત્રકલા, વક્તૃત્વ, રમતોત્સવ, અક્ષરસુધારણા જેવા કાર્યક્રમોનાં આયોજન, વિવિધ બાહ્ય પરીક્ષાઓ, પ્રવાસ-પર્યટન, વિદ્યાર્થીઓમાં મૂલ્યશિક્ષણના પ્રગટીકરણ-સ્થાપન માટે ‘રામહાટ’, ‘ભગવાનનો ભાગ’ જેવી કાયમી પ્રવૃત્તિઓ, બાળકોને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વતૈયારી, વૃક્ષારોપણ, બાળકોની કેળવણી માટે માતાસંમેલનો વગેરે પ્રવૃત્તિઓ કરી.

ગુજરાતીભાષા-વ્યાકરણ એ એમનો અતિ રસનો વિષય. છેલ્લાં વીસ વર્ષથી જિલ્લાની સમગ્ર પ્રાથમિક શાળાઓની પરીક્ષાઓમાં, આસપાસની પી.ટી.સી. અને બી.એડ. કૉલેજો તથા હાયર સેકન્ડરી શાળાઓમાં જઈને ચોક-બોર્ડની મદદથી ભાષાશુદ્ધિ અભિયાન ચલાવે છે. રાજ્ય અને જિલ્લા કક્ષાની ભાષાતાલીમમાં આર.પી. અને કે.આર.પી. તરીકે તથા મોડ્યૂલ લેખન કાર્ય, ગુજરાત બોર્ડના ધો. ૧થી ૮ તથા ૧૧-૧૨નાં ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં વ્યાકરણ લેખનકાર્ય, ગુજરાતી ભાષા-વ્યાકરણ અને કેળવણીનાં ૨૧ જેટલાં પુસ્તકોનાં લેખન અને સંપાદનો, જીવનશિક્ષણ, કોડિયું, અખંડ આનંદ, પ્રગતિશીલ શિક્ષણ, બાલસૃષ્ટિ, શબ્દસૃષ્ટિ, કુમાર, અચલા વગેરે સામયિકોમાં સમયાંતરે લેખનકાર્ય, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરના મુખપત્ર જીવનશિક્ષણ સામયિકમાં છેલ્લાં ચૌદ વર્ષથી સંપાદક સભ્ય, બાયસેગ પર ગુજરાતી ભાષાલેખન-વ્યાકરણ વિષય પર નિદર્શન એકમો. ઘેર ઘેર બાલસૃષ્ટિ અભિયાનમાં ૩૭૦૦ જેટલાં બાળકોનાં ઘરે બાલસૃષ્ટિ સામયિક ચાલુ કરાવીને વંચાતું કર્યું.

કોઈપણ ઍવોર્ડ માટે એમણે કોઈ જાતના ઉધામા કે ઉઘરાણી ક્યારેય કર્યા નથી. તેઓ લગભગ સૌને માટે અજાતશત્રુ જેવા બની રહ્યા છે. તેમને ઘણાં સન્માનો પ્રાપ્ત થયાં છે.

(૧) ગુજરાત વિદ્યાપીઠ અંતર્ગત માતૃભાષા સન્માન ૨૦૧૪

(૨) ભાવનગર જિલ્લા શિક્ષણ સમિતિ શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ ૨૦૧૦૫

(૩) The open page educators award-amdavad ૨૦૧૬

(૪) પૂ. મોરારિબાપુ દ્વારા ગુજરાત રાજ્ય કક્ષા ચિત્રકૂટ ઍવોર્ડ ૨૦૧૭

(૬) મા. રાજ્યપાલશ્રી દ્વારા ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ વર્ષ ૨૦૧૭-૧૮.

તેમણે છવ્વીસેક જેટલાં બાલસાહિત્ય અને અન્ય વિષયનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. એમનાં ઉપર્યુક્ત તમામ શૈક્ષણિક-સામાજિક કાર્યોમાં એમનાં શિક્ષિકા-પત્ની મમતાબહેન અને બંને બાળકો ચિ.મલય અને ચિ.ખુશાલીનું પણ અમૂલ્ય યોગદાન રહ્યું છે, એમ કહેતાં આપણે ગર્વનો અનુભવ કરીએ છીએ. આમ, નિજી શૈક્ષણિક દૃષ્ટિ અને નિષ્ઠા દ્વારા સ્વધર્મને શિક્ષકધર્મમાં પ્રસ્થાપિત કરનાર, બહુમુખી પ્રતિભા ધરાવતા બળવંતભાઈ માટે સમગ્ર લોકભારતી પરિવાર એમનું સન્માન કરીને આનંદ પ્રગટ કરે છે.

**લોકભારતી વિદ્યાર્થી સન્માન : પ્રતિભાવ**

‘વાછરું કૂદે એ તો ખીલાના જોરે’ એવી આપણે ત્યાં જાનપદી એક કહેવત છે. એ ન્યાયે કોઈ આદર્શને વરેલી વ્યક્તિ કે સંસ્થાના હેતુને પકડીને ચાલનાર એમનો કોઈ વિદ્યાર્થી-શિષ્ય ગમે તેટલું કાઠું કાઢે એમાં વશેકાઈ એ વ્યક્તિ-સંસ્થાની હોય છે, વિદ્યાર્થીની નહીં. હા, વિદ્યાર્થીના આંતરિક મનોબળ, એને પ્રાપ્ત સ્થિતિ-સંયોગો એ બધાંનો એમાં ફાળો ખરો જ, પણ માંહી પડેલા ઉત્તમ અંશોને

ઉજાગર કરનાર વ્યક્તિ કે સંસ્થાનો ઋણભાવ જેટલો વ્યક્ત કરીએ એટલો ઓછો ગણાય - આવી મારી સમજ રહી છે.

જેના માંડ પંદર વર્ષ પૂરાં થયાં હતાં એવા એક કિશોરને લોકભારતી સંસ્થાએ પ્રવેશ આપ્યો. સંસ્થા અને ગુરુજીઓએ પ્રત્યક્ષ-પરોક્ષ રીતે બે વર્ષ સુધી અહીંના પરિવેશમાં જ્યોતિ પ્રગટાવવાની જે તક આપી, એ મારા જીવનની ગુરુચાવી બની રહી. એના કારણે શિક્ષણનાં વિધવિધ આયામો-ક્ષેત્રોમાં હું પ્રવેશ કરી શક્યો અને યથામતિ મને પ્રામાણિક સંતોષ થાય એટલું અજવાળી શક્યો.

લોકભારતી સંસ્થાનો પરિવેશ, પૂ. નાનાભાઈ, પૂ. મનુભાઈ, પૂ. મૂળશંકરભાઈ, પૂ. બૂચભાઈના વિચાર-આચારોનાં શ્રવણ-વાચન અને તત્કાલીન કેટલાક ગુરુજીઓના વ્યવહાર-વર્તન દ્વારા મારા જીવનમાં અનાયાસે જ એક કેડી કંડારાતી ગઈ. મારી શિક્ષકીય જીવનશૈલીનો હું જ વિવેચક બનતો ગયો અને એને યથાશક્ય મઠારતો રહ્યો. 'શિક્ષક પોતાના વિચારથી ભણાવે એની મારે મન ખાસ કિંમત નથી, પણ શિક્ષક પોતાના આચારથી ભણાવે એની મારે મન મોટી કિંમત છે.' નાનાભાઈના આ જાણીતા વિધાને મને ચોવીસે કલાક જાગૃત રાખ્યો છે. શિક્ષકે શિક્ષણ વ્યવસ્થાના એક ભાગ તરીકે સાત કલાક શાળામાં જવાનું હોય છે. વાસ્તવમાં તો શિક્ષણકાર્ય એ કોઈ ધંધો-વ્યવસાય નથી, પણ ચોવીસેય કલાક આચરવાનો ધર્મ છે.

હું હંમેશાં એવું માનું છુ કે, શિક્ષકને જે કાંઈ પગાર મળે છે તે માત્ર ભણાવવાનો જ મળતો નથી, પણ શાળા સમય બાદના કલાકો પણ શિક્ષક તરીકે જીવવાનો મળે છે. આ ભૂમિમાંથી મળેલું સઘળું સારવીને મને મળેલું આ નાનકડું સત્ય સદા મારા જીવનમાં આજ સુધી જીવતું રહી શક્યું એ જ મારા માટે ગનીમત છે.

અહીં આજે થઈ રહેલું મારું સમ્માન એ લોકભારતીના મારા અનેક અનેક ગુરુ-ભાઈઓના વતી, પ્રતિનિધિરૂપ થતું મારું સમ્માન છે- આ મારા તદ્દન નિખાલસ અભિપ્રાય સાથે આજના દિવસે સંસ્થા-માતા તરફથી કરાતા મારા પોંખણા માટે મારો આનંદ વ્યક્ત કરું છું અને મા લોકભારતી અને સૌ કેળવણી-ગુરુઓનાં ચરણોમાં વંદન કરું છું.

'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ'

અસ્તુ.
બળવંત તેજાણી
મો. ૯૪૨૮૮૧૦૬૮૨

**આયોજન**

વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસને એક હજાર ઉપરાંત શોધ કરી છે. જીવનભર ખૂબ સંશોધનકાર્યો કર્યાં.

અનેક કામો તેઓ કરતા રહેતા. એકવાર એક પત્રકાર પરિષદ યોજાઈ ત્યારે એડિસનને પત્રકારે સવાલ કર્યોઃ 'વિવિધ કામોમાં સતત કાર્યરત રહેવા છતાં તમે એકેય કામ ભૂલી જતા નથી.

દરેક કામો તમને યાદ રહે છે ! કઈ રીતે આ બધું કરી શકો છો ? '

થોમસ એડિસને જવાબમાં કહ્યુંઃ 'મિત્ર, જયારે હું પથારીમાં સૂઈ જાઉં છું એ પહેલાં આવતી કાલે કરવાના કાર્યોની યાદી હું કાગળ ઉપર નોંધી લઉં છું. જે કરવાના કામો હોય તે કેટલાં સમયમાં કરવાના છે એની નોંધ પણ ટપકાવી લઉં છું. અને પછી બીજા દિવસે પરિશ્રમ,રસપૂર્વક એ કામો સારી રીતે પૂરાં કરવામાં નિમગ્ન થઈ જાઉં છું.'

પત્રકાર તો જવાબ સાંભળી વિસ્મય પામ્યો. ત્યાં ફરી થોમસ આલ્વા એડિસને કહ્યુંઃ 'આ રીતે કરવાના કામોની યાદી હોય, એની સામે નિર્ધારિત સમય ફાળવી દેવાથી દરેક કામ સારી રીતે થઈ શકે. આ રીતે પ્લાનિંગ પ્રમાણે ન ચાલીએ તો સમય વેડફાય જાય.'

એ સમયને વફાદાર હતા, પળેપળ કાર્યરત રહેતા,એક દિવસ એડિસનના એક મિત્ર એમના પુત્રનો જન્મદિવસ હોવાથી પુત્રને લઈને આ મહાન માણસના આર્શીવાદ લેવા આવે છે ત્યારે એડિસને આર્શીવાદમાં એક કાગળમાં લખી આપ્યુંઃ 'બેટા, તું કદી પણ ઘડિયાળ સામું જોઈશ નહીં.

તારા કર્મયોગને જ ઈશ્વર માનીશ એવું વચન લે.'

## (૦૪) કર્મશીલ માણસ : શ્રી જયેશભાઈ રાવલ

**હસમુખભાઈ પટેલ, વીરમપુર(ઉ.ગુ.)**



જયેશભાઈ રાવલનું જીવન અને તેમનું સામાજિક કાર્ય ગ્રામીણ ઉત્થાનની એક પ્રેરણાદાયી ગાથા છે. ૦૩ સપ્ટેમ્બર ૧૯૭૧ના રોજ દસાડા તાલુકાના પાનવા ગામે જન્મેલા જયેશભાઈના ઘડતરમાં તેમના શિક્ષક પિતા બચુભાઈ અને સેવાભાવી માતા મધુકાંતાબહેનનો સિંહફાળો રહ્યો છે. ઉત્તર ગુજરાતની લોકનિકેતન સંસ્થા અને ત્યારબાદ લબ્ધપ્રતિષ્ઠ લોકભારતી જેવી નઈ તાલીમ આધારિત સંસ્થાઓમાં રહીને તેમણે શિક્ષણ મેળવ્યું હતું, જેના કારણે સ્વાશ્રય, ખાદી અને સેવાના સંસ્કારો તેમને નાનપણથી જ વારસામાં મળ્યા હતા.

પોતાના અભ્યાસ બાદ તેમણે ડૉ. કુરિયનના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય વૃક્ષ ઉછેર સહકારી મહાસંઘ-આણંદ ખાતે કામગીરી શરૂ કરી અને આદિવાસી વિસ્તારોમાં વૃક્ષ ઉછેરની સઘન કામગીરી કરી. પરંતુ આ મધ્યમવર્ગીય યુવાનનું મન આ નોકરીમાં ન લાગતા તેમણે નોકરી છોડી દીધી અને ચાર જિલ્લાના ત્રિભેટે આવેલા પછાત નપાણિયા વિસ્તાર એવા બહુચરાજીમાં પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. આ વિસ્તારમાં સ્થાનિક શ્રમિકોનું શોષણ કરતા ખાનગી વ્યાજખોરો માસિક ૩૦૦ ટકા જેટલું ઊંચું વ્યાજ વસૂલતા હતા. આ અન્યાયની નાબૂદી માટે જયેશભાઈએ સૂક્ષ્મ ધીરાણની એક અનન્ય ઝૂંબેશ હાથ ધરી.

આ કાર્યમાં તેમને શ્રમિકોના મસીહા સનતભાઈ મહેતાનો ખૂબ મોટો સહયોગ મળ્યો. તેમણે સ્થાપેલી મહિલા અંત્યોદય બેંક ઉપરાંત કાલુપુર બેંક અને સુરતની મૈત્રી ટ્રસ્ટ જેવી સંસ્થાઓનો સાથ મળ્યો. આ પ્રયાસોના પરિણામે આસપાસનાં ૪૦ જેટલાં ગામડાંઓની ૧૦૦૦ ગ્રામીણ ગરીબ મહિલાઓના જીવનમાં મોટો બદલાવ આવ્યો અને તેઓ વ્યાજખોરોના ચક્રવ્યૂહમાંથી મુક્ત થઈને આર્થિક રીતે પગભર બની. જયેશભાઈની આ સફળતા સ્થાનિક રાજકારણીઓને માફક ન આવતાં તેમણે અનેક પ્રપંચો રચીને મહિલાઓ દ્વારા લીધેલી લોનની તેઓ પુનઃ ચુકવણી ન કરે તેવું કલુષિત વાતાવરણ ઊભું કર્યું. આના કારણે અંદાજે કુલ પાંચ કરોડ રૂપિયાની સૂક્ષ્મ લોનની વસૂલાતમાં પારાવાર મુશ્કેલી પડી, પરંતુ જયેશભાઈ હિંમત ન હાર્યા અને સતત પાંચ વર્ષ સુધી આ કપરા સંઘર્ષનો સામનો કરીને માંડમાંડ બહાર નીકળી શક્યા.

ત્યારબાદ તેમના જીવનનો બીજો અધ્યાય શરૂ થયો.

કચ્છના નાના રણને અડીને આવેલા દસાડા-પાટડી પ્રદેશમાં મીઠાના અગરોમાં કામ કરતાં બેહાલ અગરિયાઓના ઉત્થાન માટે તેમણે પાટડી ખાતે એક થાણું ઊભું કરીને પોતાના ગુરુ દર્શકદાદાના નામ સાથે 'દર્શક ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ'ની સ્થાપના કરીને નવેસરથી કામગીરી શરૂ કરી. આ સંસ્થામાં મૈત્રી ટ્રસ્ટ સુરતના પરિમલભાઈ દેસાઈના સહયોગથી છેલ્લાં ૧૫ વર્ષથી 'મહિલા આજીવિકા તાલીમ અને રોજગાર કેન્દ્ર' ચાલે છે, જેમાં અત્યાર સુધી ૮૦૦૦ જેટલી ગરીબ બેહેનોને તાલીમ આપી તેમને રોજગારી પૂરું પાડવાનું એક વિશેષ કાર્ય થઈ રહ્યું છે. આ ઉપરાંત અમદાવાદની ઝૂંપડપટ્ટી વિસ્તારની ૧૨૦૦ બહેનોને બ્યુટીપાર્લરની તાલીમ આપી છે. વૃક્ષારોપણના ક્ષેત્રે પણ તેમની કામગીરી નોંધપાત્ર છે. છેલ્લાં વર્ષોમાં તેમણે ૫૦,૦૦૦થી વધુ વૃક્ષો વાવીને ઉછેર્યાં છે અને અત્યારે ગવાણા ગામે ગ્રામ પંચાયતે તેમની સંસ્થાને ફાળવેલી ૬૭ વીઘા જમીનમાં ૧૦,૦૦૦ વૃક્ષો ઉછેરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

આમ, જયેશભાઈ ગ્રામોત્થાનના ક્ષેત્રે અનેક પડકારોનો સામનો કરીને પોતાના સાથી કાર્યકરો અને ગ્રામજનોના સહયોગથી પોતાનું મિશન હોંશભેર આગળ વધારી રહ્યા છે.

સન ૨૦૨૦માં જયેશભાઈની ગ્રામસેવાની નોંધપાત્ર કામગીરી બદલ અમેરિકાની 'ગાંધીયન સોસાયટી' દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ઍવોર્ડ અને રોકડ પુરસ્કાર દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

જયેશભાઈના જીવન પર મનુભાઈ પંચોળી-'દર્શક', લોકભારતીના અધ્યાપકો, પૂ. વિમલાતાઈ, ડૉ. દ્વારકાદાસ જોશી ઉપરાંત હરિસિંહ ચાવડાનો ખાસ્સો પ્રભાવ રહેલો છે.

### પ્રતિભાવ

મારા સમગ્ર ઉછેરમાં મારા માવતર ઉપરાંત લોકભારતીની કેળવણીનો સિંહફાળો રહ્યો છે. લોકનિકેતન-રતનપુરથી શાળાકીય અને સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવ્યા બાદ ૧૯૯૨થી ૧૯૯૪માં લોકભારતીના મારા અનુસ્નાતક શિક્ષણ દરમિયાન મારા ઘડતરનો પાયો નંખાયો. પૂજ્ય મનુદાદા અને પ્રાંતઃ સ્મરણીય સર્વશ્રી કુમુદભાઈ ઠાકર, મનસુખભાઈ સલ્લા, પ્રવીણભાઈ ઠક્કર અને અરુણભાઈ દવે જેવા ગુરુગણે મારા વ્યક્તિત્વને ઓપ આપવામાં મોટું યોગદાન આપ્યું.

લોકભારતીમાંથી અનુસ્નાતક થયા બાદ, શરૂઆતમાં ત્રણ વર્ષ ડૉ. કુરિયનના માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રીય વૃક્ષ ઉત્પાદન સહકારી મહાસંઘ'માં જોડાઈને મધ્ય ગુજરાતના આદિવાસી ગામડાંઓમાં કામ કર્યું. ત્યારબાદ કચ્છની સહજાનંદ ગ્રામ વિકાસ સંસ્થામાં કામ કરવાનું થયું.

પરંતુ એક દિવસ બહુચરાજીમાં મેં જોયેલી એક ઘટનાએ મને હચમચાવી દીધો. ત્યાંથી મારા જીવતરનો નવો અધ્યાય શરૂ થયો. ત્યાં એક ગરીબ બહેનને શાહુકાર પાસેથી દૈનિક દસ ટકા વ્યાજ પર નાણાં લેતી જોઈને હું હચમચી ગયો અને આ અંગે તરત કંઈક કરવાનું વિચાર્યું. લોકભારતીના સંસ્કારોને આધારે મેં લોકભાગીદારીથી ગરીબોને સ્વરોજગાર મળી રહે તે માટે તેમને સહેલાઈથી લઘુ ધીરાણ ઉપલબ્ધ કરાવવાનું કામ વ્યાપક સ્તરે શરૂ કર્યું. આ માટે ૧૯૯૯માં ગ્રામીણ વિકાસ સમર્થન કેન્દ્રની સ્થાપના કરી. આ સંસ્થાના માધ્યમથી લગભગ બારસો જેટલી બહેનોને લઘુ ધીરાણની સગવડ કરી આપવામાં આવી.

આ કામમાં આદરણીય સનતભાઈ મહેતા સ્થાપિત મહિલા અંત્યોદય બૅંક, સુરતનું મૈત્રી ટ્રસ્ટ, કાલુપુર બૅંક અને ફ્રેન્ડ્ઝ ઓફ વીમેન વર્લ્ડ બૅંકિંગ જેવી સંસ્થાઓના સહયોગથી લગભગ પાંચેક કરોડ રૂપિયાનું ધીરાણ ગરીબ બહેનોને આપવામાં અને પગભર કરવામાં અમને નોંધપાત્ર સફળતા મળી. આ ઉપરાંત વીસેક જેટલી શ્રમજીવી બહેનોને ઈંટભઠ્ઠાના કામમાં જોડીને દરેકને વાર્ષિક પચાસ હજાર

રૂપિયાની કમાણી દ્વારા આર્થિક રીતે સક્ષમ બનાવી. આ પ્રવૃત્તિએ તે વિસ્તારના સમગ્ર ગ્રામપ્રદેશમાં જબરદસ્ત ઉત્સાહનું વાતાવરણ ઊભું કર્યું. અમારી આ સફળતાને લીધે અમારે રાજકીય તત્ત્વોની ઈર્ષ્યાનો ભોગ બનવાની સ્થિતિ ઊભી થઈ. રાજકીય ખટપટોને કારણે ૨૦૦૫થી ૨૦૧૦ દરમિયાન લાભાર્થીઓની લોનની પરત ચુકવણી મેળવવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. સળંગ માનસિક અને પારિવારિક અનેક મુશ્કેલીઓ વેઠ્યા પછી મારા જીવનનો બીજો પડાવ શરૂ થયો.

આદરણીય સનતભાઈ મહેતા અને ઋષિતુલ્ય લોકસેવક પૂ. અરવિંદભાઈ આચાર્ય જેવા મહાનુભાવોની પ્રેરણાથી મેં અગરિયા ભાઈ-બહેનોમાં જાગૃતિ લાવવાના અને તેમને રોજગારી આપવાનાં કાર્યો હાથ ધર્યાં. આ કાર્યમાં અમને ખૂબ જ સફળતા મળી, જેના પરિણામે વર્ષ ૨૦૧૨માં મારા ગુરુ પૂ. મનુભાઈ પંચોળી-'દર્શક'ની પાવન સ્મૃતિમાં 'દર્શક મહિલા વિકાસ ટ્રસ્ટ, પાટડી'ની શરૂઆત કરવામાં આવી. આ ટ્રસ્ટને સાકાર કરવામાં ટ્રસ્ટીઓ તરીકે જોડાયેલા 'દર્શક'દાદાના સુપુત્ર રામચંદ્રભાઈ પંચોળી, તેમનાં પુત્રવધૂ દીપ્તિબેન પંચોળી અને મારા રાહબર હરજીભાઈ દૂધાત તેમ જ મૈત્રી ટ્રસ્ટ સુરતના સ્થાપક-સંચાલક પરિમલભાઈ દેસાઈ તથા અન્ય આગેવાનોનો મહત્ત્વનો સહયોગ રહ્યો છે.

આ ટ્રસ્ટના માધ્યમથી ૧૨૦૦ ગરીબ મહિલાઓ અને અગરિયાઓના વિકાસ માટે અનેકવિધ કાર્યો વ્યાપક રીતે ચાલી રહ્યાં છે. પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં પણ અમે લગભગ ૫૦,૦૦૦ જેટલાં વૃક્ષો ઉછેરવામાં સફળતા મેળવી છે. દસાડા તાલુકાના ગવાણા ગામે ગ્રામપંચાયતની ૬૭ વીઘા જમીન વૃક્ષારોપણ માટે અમને ફાળવવામાં આવી છે, જ્યાં આજે એક જ પરિસરમાં ૧૦,૦૦૦ જેટલા વૃક્ષો ઉછરી રહ્યાં છે. પૂજ્ય મનુદાદાની સ્મૃતિમાં શરૂ કરાયેલા આ વિકાસનાં કાર્યો મુશ્કેલીઓ અને આર્થિક અભાવ વચ્ચે પણ અવિરત ચાલી રહ્યાં છે, તેનો અમને સૌને અપાર આનંદ અને ગર્વ છે.

આજે લોકભારતી પરિવારના એક સભ્ય તરીકે મને સન્માનિત કરવાનો જે સમારંભ યોજાયો છે, તેને હું મારા જીવનની એક ખૂબ જ ગૌરવપૂર્ણ ઘટના માનું છું. આ અવસરે હું મારા ગુરુજનો, મારા સાથીદારો, દાતાઓ અને ટ્રસ્ટી મંડળના સૌ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

- જયેશ રાવલ

**આચરણનો સંદેશ**

ગુરુ ગોવિંદસિંહ એક શ્રીમંતને ઘરે ઊતર્યા હતા.

એ ઘરના માણસે એમને ચાંદીના પવાલામાં પાણી આપ્યું.

પાણી લેતા ગુરુજીએ હાથ તરફ જોઈ કહ્યું:

'દીકરા, તારો હાથ ખૂબ કોમળ છે.'

શ્રીમંતઃ 'ગુરુજી, કોમળ જ હોય ને મારે કાંઈ

પણ કામ કરવાનું હોય જ નહીં ને !'

ત્યારે..

ગોવિંદસિંહ : 'બેટા, તો હું આ તારા હાથનું પાણી નહીં પીઉં,

કારણ કે દીકરા, જે હાથ પરિશ્રમ નથી કરતા,

માનવસેવા નથી કરતા, તેને પવિત્ર ના કહેવાય.

પરિશ્રમ કરતો, મહેનત કરતો હાથ જ ખરો હાથ છે. સેવાર્થે સમર્પીત જીવન જીવતો માણસ જ ખરો માણસ છે.

દીકરા, તું પણ એ પ્રમાણે આચરણ કરતો થઈશ, ત્યારે તારા હાથનું હું પાણી પીઈશ. '

## (૦૫) જ્ઞાનની પરબઃ ગુજરાત વિશ્વકોશ

ડૉ. દિનુ ચુડાસમા

અદ્યતન સમયમાં મા સરસ્વતીનું સરનામું મેળવવું હોય તો ? અનેક કળાઓ જયાં પોષાતી હોય એવું કોઈ એક ઠેકાણું કયાં જડે ? અનેક તજજ્ઞો, કવિઓ, ઉત્તમ વક્તાઓ, લલિતકળાકારોનો જયાં ખૂબ આવરો-જાવરો રહેતો હોય એવી જગા આજે કયાં છે ? જયાં જ્ઞાનની જીવંત સરવાણી ૪૦ વર્ષથી અહર્નિશ ઝરી રહીને અનેકોને તૃપ્તિ આપે છે એવી જ્ઞાનની પરબ કયાં સ્થાપવામાં આવી છે ? આ સવાલોનો એક જવાબ આપું તે સરનામું એટલે 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'- અમદાવાદ.

આજે 'ગુજરાત વિશ્વકોશ' એટલે જ્ઞાનનો ઘાટ, કોઈ 'ઘાટ' કેમ સર્જાય ? જયાં માનવતાને કેન્દ્રમાં રાખીને જ્ઞાનની સાધના થતી હોય તે ધરતી 'ઘાટ' બને છે. આ ઘાટમાં સમસ્ત જીવો માટે સુખનું, શાંતિનું, પરમ વિશ્રામનું, અધ્યાત્મનું કોડિયું પ્રગટાવીને એનું અજવાળું સમસ્ત સમાજને મળે એવાં પ્રયાસો અથાક પરિશ્રમથી કરવામાં આવે છે. 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'- અમદાવાદ આજે આ પ્રકારના યાજ્ઞિક કર્મની ધૂણી ધખાવીને જ્ઞાનનો પ્રકાશ પૂંજ પ્રજ્જવલિત કર્યો છે.

ડૉ. ધીરુભાઈ ઠાકર નામના પુરુષાર્થીને વાર્ધકયે એક મહાન પ્રકલ્પનું આયોજન પરમેશ્વર સુઝાડે છે. એ અવિરત આ કાર્યને ઈશ્વરે સોંપેલ જવાબદારી સમજી સ્વીકાર કરી લે છે. એમના અથાક પ્રયાસોથી એક 'વિશ્વકોશ ટ્રસ્ટ'નું રૂપનિર્માણ- સ્થાપના થાય છે. એ પછી શ્રી શ્રેણીકભાઈ, શ્રી સાંકળચંદભાઈનો સહયોગ મળતાં જ વિશ્વકોશને ફૂંફ અને હામ મળ્યાં. ગુજરાતના ધનવીરો તો જીવંત દાનવીરો પણ છે જ એની સાબિતી તો આપણો ઇતિહાસ આપે છે. આજે પણ ગુજરાતીઓ આપવામાં પાછી પાની કરતા નથી...ખરો ગુજરાતી હો !!! એમાં આશીર્વાદ ભળે છે પૂ. પ્રમુખસ્વામી અને પૂ.મોરારિબાપુના પછી શું ઘટે આ ઘાટમાં ?

'ગુજરાત વિશ્વકોશ'નું એ સદ્‌ભાગ્ય રહ્યું છે કે, આ જ્ઞાનસરિતાના વહેણને જીવંતતાથી વહેતું રાખવા માટે કર્મશીલોની એક પ્રતિબદ્ધ ફોજ તૈયાર થઈ ગઈ છે. વિશ્વકોશના વર્તમાનમાં મુખ્ય સૂત્રધાર-શ્રી કુમારપાળ દેસાઈ જોગી-સાધક માણસ છે. આજીવન સરસ્વતીના ઉપાસક બની રહી-કર્મરત છે. કુમારપાળભાઈએ ગુજરાત વિશ્વકોશને પોતાનું જીવન સમર્પિત કરી દીધું છે, એથી એમની નિષ્ઠાપૂર્વકની કર્મઠતાથી સમગ્ર ટીમ ખૂબ આયોજનબદ્ધ કાર્ય કરે છે. આજે તો વિશ્વકોશનાં આકાશમાંથી જ્ઞાનનો પર્જન્ય અનરાધારે વરસી રહ્યો છે. જે ઝિલશે એ ભીંજાશે, ને કોરાં રહી જવું ગૂનો ગણાશે...હો બાપલા ! ગુજરાતી કવિ રમેશ પારેખ કહી ગયો છેઃ

**આજ વરસાદ નથી એમ ના કહેવાય, રમેશ,**
**એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા.**

જેણે ભીતરથી જ્ઞાનની સરવાણી ઉજાગર કરવી હોય તે અહીં વિશ્વકોશમાં આવીને પલાઠી મારી અડિંગો જમાવી શકે છે. જે કોઈ, જે તે ક્ષેત્રોના તજજ્ઞો છે તે સૌ આ કાર્યને ખૂબ માનથી-આદરથી નવાજે છે. સાહિત્ય, કળા, સંસ્કૃતિ અને ગુજરાતની અસ્મિતાનું જતન કરતી નાનાવિધ પ્રવૃત્તિઓ અહીં રસપૂર્વક થઈ રહી છે. માનવની ભીતર રહેલી આવડતો-કૌશલ્યોને વિકસિત કરતી અનેક પ્રકારની કાર્યશિબિરો અહીં ધમધમતી રહે છે. લોકસમાજને આપણી જ્ઞાનપરંપરાથી પ્લાવિત કરવાનું જબરું કર્મ વિશ્વકોશ આરંભથી કરી રહ્યું છે. એની એક ઝલક આપ સૌ માટે અહીં રાખું છુંઃ

**(૧) ગુજરાતી વિશ્વકોશઃ** એક બૃહદ જ્ઞાનકોશ જેના ૨૬ વૉલ્યુમ, ૨૬૦૦૦ પૃષ્ઠોમાં, ૨૪૦૦૦થી વધુ લખાણો અહીં સંગ્રહ કરવામાં આવેલ છે. આ વિશ્વકોશ ડિજિટલ જગતમાં ઑનલાઇન ઉપલબ્ધ છે. દર મહિને ૬ લાખ લોકો એની મુલાકાત લઈ જ્ઞાન મેળવે છે. ઉપરાંત ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ, પરિભાષાકોશ, તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ, બૃહદ નાટ્યકોશ, નારીકોશ,

બાળવિશ્વકોશનું પ્રકાશન થયું છે. આ કાર્ય સંદર્ભે આગામી સમયમાં અનેક પરિમાણ ઉમેરાશે.

(૨) **ગુજરાતી લૅક્સિકન-** ઑનલાઇન ઉપલબ્ધ છે. ૪૫ લાખથી અધિક શબ્દ સમાવેશ કરતો આ ભાષાકોશની વેબસાઇટની પાંચ કરોડ લોકોએ મુલાકાત લીધી છે.

(૩) **વિવિધ સામયિક પ્રકાશનઃ** દર મહિને 'વિશ્વવિહાર', ત્રૈમાસિક ગુર્જરી ડાયજેસ્ટ, સ્ત્રીઓ માટે ચાલતું 'વિશ્વા'-નું પ્રકાશન થઈ રહ્યું છે.

(૪) **ગ્રંથશ્રેણીઓ જેવી કેઃ** (૧) શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી.(૨) કર્મયોગી સ્વ સાંકળચંદભાઈ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી. (૩) શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યાશ્રેણી. (૪) શ્રી કાંતિલાલ ઠાકર જ્ઞાનવર્ધક ગ્રંથશ્રેણી. (૫) ધન્ય ગુર્જરી કેન્દ્ર દ્વારા પુસ્તક પ્રકાશન.

(૫) **કાર્યશિબિરઃ** (૧) ભરતનાટ્યમ્ (૨) નિરામય યોગશિબિરો (૩) પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે યોગશિબિરો. હસ્તપ્રતવિદ્યા, રોબૉટિક્સ, પ્રૂફવાચન, કૅલિગ્રાફી, ભયનિવારણ, બ્રાહ્મીલિપિ, સર્જનાત્મક લેખનશિબિર.

(૬) **બહેનો માટેનું પ્રવૃત્તિ કેન્દ્ર 'વિશ્વા'** અહીં બહેનો માટે અનેકવિધ પ્રવૃત્તિઓ નિયમિત યોજવામાં આવે છે.

(૭) **વ્યાખ્યાનશ્રેણીઓઃ** (૧) જ્ઞાન, વિજ્ઞાન, સંશોધન, કળા, સાહિત્ય, અધ્યાત્મ, ટૅકનૉલૉજી, ધર્મ ઉપર તજજ્ઞ વક્તાશ્રીઓ અહીં આવીને જ્ઞાનની સરવાણી વહાવે છે.

(૮)**કૌશલ્યવર્ધક સ્પર્ધાઓઃ** (૧) વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ ઉજાગર થઈ શકે એ માટે લલિતનિબંધ, એકપાત્રીય અભિનય અને નાટકની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું રહે છે.

(૯) **વિશ્વકોશ સ્થળમાં આવેલ કેન્દ્રોઃ** વિશ્વકાશમાં અનેકવિધ કેન્દ્રો બાળકો-કિશોરો માટે કળાત્મક,સાહિત્યિક, સંશોધનાત્મક પ્રવૃત્તિઓ કરે છેઃ જે- (૧) વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર -આર્ટ ગૅલેરીમાં નાનાવિધ કળાઓની પ્રસ્તુતિ કરવામાં આવે છે. (૨) શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્યકેન્દ્ર- બાળ-કિશોરને સંબંધિત પ્રવૃત્તિઓ (૩) રસિકલાલ છો. પરીખ વિદ્યાકેન્દ્ર- વિવેચન અને સંશોધનનું કાર્ય.

(૧૦)**વિશ્વકોશ દ્વારા ઍવૉર્ડ-પારિતોષિક અને ચંદ્રકઃ** અહીંથી સારસ્વતોને એમની કાર્યનિષ્ઠાને પ્રોત્સાહિત કરવામાં આવે છે. કુલ ૧૧ કેટેગરીમાં- ખૂબ બધાં સન્માનોથી વિદ્યાધરોને નવાજવામાં આવે છે. જેથી સમાજને આવા સદ્‌ગુણીઓના સર્જનનો બૃહદ લાભ મળતો રહે.

(૧૧) **ઑનલાઇન :** વિશ્વકોશ અદ્યતન સમય સાથે કદમ મિલાવીને એના કેટલાંક ઉપક્રમોને ઑનલાઇન કર્યા છે. જેમાં યૂટ્યૂબ, ફેસબુક, વૉટ્સએપ, ઇ-બુક શ્રેણી ઈત્યાદિ માધ્યમોનો ઉપયોગ કરી જે કાંઈ શ્રેષ્ઠ છે તે લોકાભિમુખ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

એક અનન્ય અને અનોખું ટ્રસ્ટ એટલે વિશ્વકોશ જયાં કળાકારો આવીને કળાની પ્રસ્તુતિ કરી શકે છે. કવિઓ આવીને કવિતાનું પઠન કરીને રસની નિર્ઝરિણી વહાવી શકે છે. ગાયકો આવીને સુગમ ગીતોને અભિવ્યક્તિ આપી ભાવાવરણ નિર્મિત કરી આપે છે. ઉત્તમ વક્તાઓ પોતાના જીવનભરના જ્ઞાનની વાતોને પીરસીને હળવાશ અનુભવે છે. જયાં બાળકોના બાળપણને કેમ જતન કરવું એની સરવાણી સહજ વહે છે. સ્ત્રીઓને માન-સન્માન આપીને નારીઊર્જાનો સકારાત્મક આદર કરવામાં આવે છે. વિશ્વકોશનું આંગણું એટલે નૃત્યનો મંચ જાણે કે અહીં આવતા જ પગમાં લયનો સંચાર થાય છે. આ એક એવું ઉમદા પ્રાંગણ છે કે જયાં અનેક ક્ષેત્રના કળાકારો આવે-જાય છે. લલિતકળાઓના કળાકારોને કારણે નિજાનંદ-પરમાનંદ મળે-ભળે છે. લલિતેતર કળાકારોની આવડતથી ભૌતિકજીવન સગવડભર્યું બને છે. જયાં કળાસંગત, કલાકારોને ગમતું ભાવાવરણ સર્જાય એ વિશ્વકોશમાં અલખપણું પણ ભળતું રહે છે. પૂજય પ્રમુખસ્વામી મહારાજ, પૂજય મોરારિબાપુ અને સાથે અનેક પૂજય ચરણ અહીં આવી ગયા છે. સૌ કોઈ વિશ્વકોશ ટ્રસ્ટના કાર્યથી આનંદિત થાય છે.

આજે સમાજને અજવાળું આપવાનું આવું ભગિરથકાર્ય વિશ્વકોશમાં થઈ રહ્યું છે ત્યારે કવિ નર્મદની એક પંક્તિ મૂકી અટકું છુંઃ

ઝટ ડહોળી નાખો રે, મનજળ થંભ ગયેલું.

મો.૯૯૭૯૧૮૭૫૮૭

## (૦૬) જે સ્મિતસભર છે તે જ શિક્ષિત છે...

**પારસકુમાર**

કોયલે કહ્યું, 'કેરી' નહીં હોય તો 'માઝા' ચાલશે,પોપટે કહ્યું, 'મરચું' નહીં હોય તો 'મરચાં પાઉડર' ચાલશે, રીંછે કહ્યું, 'મધ' નહીં હોય તો 'આઇસક્રીમ' ચાલશે. મોરે કહ્યું. ગરજતો 'સાવન' નહીં હોય તો વરસતો 'શાવર' ચાલશે. માછલીએ કહ્યું, 'સાગર' નહીં હોય તો 'સ્વિમિંગ પૂલ' ચાલશે. વાંદરાએ કહ્યું, કુદવા માટે વૃક્ષની 'ડાળી' નહીં હોય તો 'ચકડોળના સળિયા' ચાલશે, પણ હે પ્રભુ ! વર્ગમાં ઊભેલા શિક્ષકના ચહેરા પર સ્મિત નહીં હોય તો કેમ ચાલશે?

શિક્ષકનું સ્મિત જ શિક્ષકની સિગ્નેચર છે. શિક્ષકના સ્મિત થકી જ શિક્ષણનું અસ્તિત્વ ઘડાતું હોય છે. ઘટમાં ઘડાઈને ઘડે તે શિક્ષક. જે હસી ન શકે તે ક્યાંય વસી પણ ન શકે. જે સસ્મિત છે તે જ શિક્ષિત છે. જે નૂતન છે તે જ બેનમૂન છે. બેનમૂન સ્મિતની બુનિયાદ જ માણસને શિક્ષિત બનાવે છે. સ્મિતસભર જીવ 'સુધારક' કહેવાય અને સ્મિતવિહોણો જીવ 'સંહારક' કહેવાય. સ્મિતવિહોણું હોવું એટલે મતિવિહોણું હોવું. ક્ષણેક્ષણમાં સ્મિત ઉમેરાય ત્યારે શિક્ષણ પણ શિક્ષિત થયું કહેવાય. વિચારપુરુષ ગુણવંત શાહનું વિધાન છેઃ **'જે દિવસે સ્મિત જાળવીને વર્ગમાં જવાનું શક્ય ન હોય તે દિવસે શિક્ષકે રજા લઈ લેવી જોઈએ.'**

હિંદુસ્તાનના શિક્ષણની જીવંત ચેતનાનું નામ ચાણક્ય છે. વાહિયાત વિચારો તળે જે શિક્ષક સિગ્નેચર કરવાનું ટાળે છે તે શિક્ષક જ ચાણક્યનો વંશજ છે. સમર્પિત શિક્ષકને રંજાડવો એ પાપ છે અને સમર્પિત શિક્ષકે અત્યાચાર સહન કરવા શક્તિ કેળવવી એ સ્વયં ચાણક્યનું અપમાન છે. કર્મશીલ શિક્ષકની આંખમાં આંસુ એટલે સ્વયં ચાણક્યની આંખમાં આંસુ. ચાણક્યની આંખમાં આંસુ ક્યારે આવે ? ઉમળકા વિનાનો શિક્ષક વર્ગમાં પ્રવેશે છે ત્યારે ચાણક્યની વાઘ જેવી વિકરાળ આંખો પણ ભીની થઈ જાય છે. ચાણક્યના શિક્ષકત્વને જીવંત રાખવા ભીતરના ચાણક્યને જગાડવો ખૂબ જરૂરી છે. ચાણક્યના શૌર્યથી અજાણ રહેનાર શિક્ષક વ્યવસાયે શિક્ષક હોઈ શકે, સ્વભાવે નહીં. માન્યવર, પૃથ્વીને એક નહીં પણ બે ઉપગ્રહ છેઃ 'એક ચંદ્ર અને બીજો શિક્ષક'.

હિંદુસ્તાનમાં બે પ્રકારના શિક્ષકો છેઃ આવેલા અને લાવેલા. જે પોતાની મરજીથી શિક્ષણના વ્યવસાયમાં આવ્યા છે તે આવેલા શિક્ષકો છે અને જે માત્ર પગભર થવાના હેતુથી શિક્ષક બન્યા છે તે લાવેલા, આયાત કરેલા શિક્ષકો છે. આપણે ત્યાં વ્યવસાયને બદલે સ્વભાવથી શિક્ષક હોય તેવા શિક્ષકો કેટલા ? કર્મશીલ શિક્ષકો જ શૂરવીર શિક્ષકો છે. શિક્ષક થવા માટે જેટલી કરુણતા જરૂરી છે તેટલી જ કર્તવ્યનિષ્ઠા પણ જરૂરી છે.

શિક્ષકની ખરી સિગ્નેચર તો વિદ્યાર્થીના વદન પર છેલારા મારતી મધુર મુસ્કાન છે. શાળામાં બાળકોના હસ્તાક્ષર નબળા હશે તો ચાલશે પણ વર્ગમાં હસતાં ચહેરા નહીં તો નહીં ચાલે. જરા તપાસ તો કરો શાળામાં નાપાસ થઈને પણ હસી પડેલા બેનમૂન મનવા તમારા હૃદયથી કેટલા મીટરના અંતરે મહેકી રહ્યા છે ? ઘણીવાર ગણિતમાં ગોલ્ડમેડલ લાવનાર શિક્ષક વર્ગમાં બાળકોને ગોલ્ડન સ્માઇલ પણ આપી શકતો નથી. બાળકોને મન તો ટીચરની ગોલ્ડન સ્માઇલ જ ગોલ્ડમેડલ ગણાય.

ઘરેથી છલકતી આંખે નીકળેલું બાળક શાળામાં શિક્ષકને જોતાવેંત સ્મિતથી છલકાઈ ઉઠે ખરું ? આવા

શિક્ષકોને મળવાનું થાય ત્યારે લાગે કે હા, ફરિશ્તે હોતે હૈ ! શિક્ષકનું ઉપનિષદ ભલે શિક્ષણ હોય પરંતુ વિદ્યાર્થીનું ઉપનિષદ તો મધનો પણ વધ કરે એવી એની મીઠી મુસ્કાન જ હોઈ શકે.

કલાત્મક શિક્ષકની બદલી થાય ત્યારે સ્કૂલના શેરબજારમાં પણ ગાબડું પડતું હોય છે. પોતાની જ નજરમાંથી નીચે ઉતરી જનાર શિક્ષક બીજું બધું હોઈ શકે પણ શિક્ષક તો ના જ હોઈ શકે. વડની છાયામાં બાળકોને પોતાનો પડછાયો શોધવાની પ્રેરણા આપનાર શિક્ષક એક દિવસ ક્લાસમાં પોતાનો પડછાયો પડતો મૂકીને નીકળી જાય છે. શિક્ષકનું વ્યક્તિત્વ શાળાની સંપદા કહેવાય. ઉતમ શિક્ષક નિવૃત્ત થાય કે બદલી કરે છે ત્યારે શાળાની સંપદામાં ઘટાડો થાય છે. કલાત્મક શિક્ષકનો તાસ પૂરો થાય ત્યારે કિતાબમાં બેઠેલાં કવિઓ અને વૈજ્ઞાનિકોને પણ ડૂમો આવી જાય છે.

જે શિક્ષક જૂની સ્કૂલના વિયોગમાં ઝૂર્યા વિના રોજેરોજ નવી સ્કૂલને માણી શકે છે તે શિક્ષક જ શિક્ષિત છે, જે શિક્ષક નવી સ્કૂલના નવા નિશાળિયામાં શામળિયાના દર્શન કરી શકે છે, તે શિક્ષક જ શિક્ષિત છે, જે શિક્ષક જૂની નિશાળની જેમ જ નવી નિશાળમાં પણ જીવંત રહી શકે છે તે શિક્ષક પણ શિક્ષિત છે. શિક્ષક માટે શિક્ષિત હોવું એટલે જ જીવંત હોવું. ક્યારેક શિક્ષકત્વ અને માતૃત્વ વચ્ચે મધુર હરીફાઈ જામતી હોય છે. વિશેષ પ્રકારના શિક્ષકત્વ આગળ માતૃત્વને પણ સંઘર્ષ કરવો પડતો હોય છે. શાળાના મેદાનમાં ઊગીને યુવાન થયેલાં વૃક્ષો શિક્ષકોનો શોર સાંભળી સાંભળીને ક્યાંક સાક્ષર તો નહીં બની જતાં હોયને ?! શાળાની બહાર રસ્તાને કિનારે ઊભેલાં વૃક્ષો સામે કોલર ઊંચો કરીને શાળાના સાક્ષર વૃક્ષો ક્યાંક રૂઆબ તો નહીં મારતાં હોયને ? છેવટે તો વિદ્યાર્થીમાં વૃક્ષત્વ સ્વરૂપે ખીલી ઊઠે એ જ સાચું શિક્ષકત્વ.

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે માધુર્યપૂર્ણ વાત થાય ત્યારે વર્ગમાં પડેલી લાકડાંની પ્રત્યેક પાટલીમાં વૃક્ષત્વનો સાક્ષાત્કાર થાય. લાકડાંની દરેક પાટલી તેના પર બેઠેલાં બાળકને ડાળીએ બેઠેલું પક્ષી તો નહીં માનતી હોયને ? લાકડાંની પાટલી વૃક્ષની ડાળી જ કહેવાય. પાટલી પર બેઠેલાં પ્રત્યેક પક્ષીને વર્ગમાં ટહુકા કરવાની છૂટ હોવી જોઈએ. મૌન માણસને જ શોભે પક્ષીને નહીં, પ્રભાતે પક્ષી મૌન પાળે તો ઢગલાબંધ પુષ્પ ખીલ્યાં વિના જ ખરી પડે. પક્ષીનું મૌન એટલે પુષ્પનું મૌત. ટહુકાના પર્યાય શબ્દ તરીકે 'જલસા' શબ્દને શબ્દકોશમાં સ્થાન ક્યારે મળશે ? વૃક્ષની ડાળી કોઈ પક્ષી માટે ક્યારેય સાઇલન્સ ઝોનનો સિમ્બોલ હોઈ શકે ખરી ? પક્ષીના ટહુકવા પર પ્રતિબંધ મૂકાય ત્યારે વૃક્ષમાં પાનખરને બદલે પ્રલય પથરાય.

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતી વાતચીતના વ્યવહારે વાટકી વ્યવહારનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. કેટલાક શિક્ષકો બાળકો સાથે ફકરામાં વાત કરવાને બદલે બે ત્રણ શબ્દોથી જ ચલાવી લેતા હોય છે. કુરુક્ષેત્રના મેદાનમાં કૃષ્ણ અને અર્જુન વચ્ચે થયેલાં સંવાદની પ્રતિકૃતિ કે યુધિષ્ઠિર અને યક્ષ વચ્ચે થયેલી ગોઠડીની પ્રેમાળ આકૃતિ આપણા વર્ગખંડોમાં ક્યાંક તો જોવા મળતી જ હશે. વર્ગખંડમાં વિદ્યાર્થી વિહંગ બન્નીને ટહુકે ત્યારે લાકડાંની નિર્જીવ પાટલીનાં ખૂણેથી કૂંપળ પણ ડોકિયું કરે. પુષ્પ અને પક્ષીના ટહુકા વચ્ચે ગુરુત્વાકર્ષણ જેવો સંબંધ હોય છે. પક્ષીના સ્વરમાં સ્મિત રેડાય ત્યારે ટહુકો સર્જાય. પક્ષીની ચાંચમાંથી ખરેલો ટહુકો પુષ્પની કોમળ પાંખડી પર ઝીલાય ત્યારે ફૂલમાંથી ફોરમ સર્જાય. પ્રત્યેક પુષ્પ આવા ટહુકાનું ટેણિયું ભાઈબંધ છે. પુષ્પને ટહુકો હુકકાની જેમ ગડગડાવવાનું મધુર વ્યસન હોય છે. પારિજાતના પુષ્પ આખી રાત પક્ષીનો ટહુકો સાંભળ્યાં વિના જ ક્યાંક તરફડી તરફડીને વહેલી સવારે ખરી તો નહીં પડતાં હોયને ?!

હે સ્મિત, મુસ્કાન, હાસ્ય તુમ બીન જીયા જાયે કૈસે ! કૈસે જીયા જાયે તુમ બીન ?

મો. ૯૮૨૫૯ ૯૬૫૩૯

## (૦૭) સત્યજિત રે અને એમની વિખ્યાત અપુત્રયી

**સોનલ પરીખ**

જપાનના પ્રસિદ્ધ ફિલ્મસર્જક અકિરા કુરોસાવાએ ૧૯૭૫માં મોસ્કોમાં લેક્ચર આપતા કહ્યું હતું, 'સત્યજિત રે ફિલ્મકલાના માસ્ટર છે. એમની ફિલ્મો જોયા પછી મારું મન જે રીતે રણઝણી ઊઠે છે એને હું વર્ણવી શકતો નથી.' 'પથેર પાંચાલી'ને યાદ કરતાં કુરોસાવાએ કહ્યું કે 'કાન્સ ફેસ્ટિવલમાં એ ફિલ્મ બતાવાયા પછી સિનેમેટિક ગ્લૉબલિઝમનો નવો યુગ બેઠો. જાણે કોઈ મહાનદીનો ઉદાત્ત પ્રવાહ વહી નીકળ્યો.' સત્યજિત રે અને એમની અપુત્રયી('પથેર પાંચાલી', 'અપરાજિતો' અને 'અપુર સંસાર') એવા વિષયો છે કે એમના વિશે વારંવાર વાત કરવી ગમે. કેવું છે 'પથેર પાંચાલી'નું પ્રથમ દશ્ય ?

વિશાળ જળરાશિ પર એક બાજુ કમળનાં પાંદડાં ફેલાયેલાં છે. બેચાર કમળ ઝૂલે છે. વચ્ચેથી ઊભા થયેલા એક પર્ણહીન ભીના થડિયા પર એક વરસાદી જીવડું લાંબી પારદર્શક પાંખ ફફડાવતું બેઠું છે. કેમેરા જળરાશિને પોતાનામાં સમાવતો કિનારાની વનશ્રી અને હરિયાળા વગડા પરથી પસાર થતો ગામમાં પ્રવેશે છે. નાની કાચી શેરીને છેડે લાકડાના થાંભલાવાળા વરંડામાં એક સ્ત્રી હાથ વતી પંખો હલાવતી સૂતી છે. ઘરમાં એક નાના આયનામાં જોતી આઠ,નવ વર્ષની કન્યા આંખમાં આંજણ આંજે છે, એ જ આંગળીથી કપાળ પર ચાંદલો કરે છે અને લીટીવાળી બંગાળી સાડી સંભાળતી, નાનો ઘડો કાંખમાં લેતી ઘર પાછળના નાના ફળિયામાં જાય છે. ખાડો ખોદી, એક છોડ રોપી, પાલવ ગળા ફરતો લઈ તે એ છોડને પ્રણામ કરે છે.

બીજા દશ્યમાં એક નાનો છોકરો - માત્ર ધોતી પહેરેલો - હરિયાળા મેદાનમાં દોડે છે. પાછળ આ કન્યા દોડે છે. વરસાદ તૂટી પડે છે. છોકરો એક મોટા ઝાડ નીચે આશ્રય લે છે, બહેન ગોળગોળ ફરતી ભીંજાતી રહે છે. થોડીવારમાં એ ઝાડ નીચે આવે છે ત્યાં સુધીમાં ઝાડની ઘટા ટપકવા માંડી છે. બહેન ધ્રૂજતા ભાઈને પોતાના પાલવમાં વીંટી લે છે. આ બાજુ મા થોડા પાંદડા એકઠાં કરતી, નીચે પડી ગયેલું કોઈક વનફળ લઈ ફાટેલા પાલવથી માથું ઢાંકતી ઘર તરફ દોડે છે.

થોડી સેકન્ડોમાં સમેટાઈ જતા આ દશ્યમાં કેટલું કેટલું કહેવાયું છે - તેમાં ગતિ છે, વાર્તાનો ઉપાડ છે, સંવેદન છે, સર્જક-ભાવ-કથાનકને જોડતી શાંત એકતાનતા છે...

૧૯૫૫માં બનેલી 'પથેર પાંચાલી' સત્યજિત રેની પહેલી ફિલ્મ હતી. ૧૯૫૬ના કાન્સ ફેસ્ટિવલમાં આ ફિલ્મ અનેક ઍવૉર્ડ જીતી. ૧૯૯૨માં ૬૪મા ઑસ્કાર સમારંભમાં ઓડ્રી હેપબર્ને ઘોષણા કરી, 'ધ ઓનરરી ઑસ્કાર ઑફ ધીસ યર ગૉઝ ટુ ધ ગ્રેટ ઈન્ડિયન ફિલ્મમેકર સત્યજિત રે'. ૭૦ વર્ષના સત્યજિત રે એ સમારંભમાં હાજર ન હતા, હૃદયરોગની સારવાર માટે કોલકાતાની એક હૉસ્પિટલમાં દાખલ થયેલા હતા. એમણે હૉસ્પિટલમાંથી આપેલો પ્રતિભાવ અમેરિકામાં ચાલી રહેલા ઑસ્કાર સમારંભમાં સ્ક્રીન પર બતાવાયો હતો.

ઑસ્કાર મળ્યો તે જ વર્ષે તેમને ભારતરત્ન મળ્યું. એ જ વર્ષે તેમનું મૃત્યુ થયું. એમણે પોતાની માતૃભાષા બંગાળીમાં ફિલ્મો બનાવી, પણ એની અપીલ વૈશ્વિક હતી. સભાન રીતે નોંધાયા વિના જે અસ્તિત્વને ગાઢ રીતે સ્પર્શી જાય તે ફિલ્મ-ટેકનિકનું શ્રેષ્ઠ રૂપ છે. એટલે જ સત્યજિત રે કે એમની ફિલ્મોને વર્ણવવાં એટલાં સરળ નથી. સ્થાનિક

વિષયો, અત્યંત સરળતા અને સાદગીભરી અભિવ્યક્તિ છતાં તેમાં સર્વવ્યાપકતાનો સ્પર્શ હોય છે.

અપુત્રયી એ બાળક અપૂર્વની પુખ્ત ઉંમર સુધીની જીવનયાત્રા છે. ઉપરાંત 'જલસાઘર', 'દેવી', 'તીન કન્યા', 'ચારુલતા', 'નાયક', 'અશ્રી સંકેત', 'શતરંજ કે ખિલાડી', 'ઘરે બાહિરે', 'ગણશત્રુ', 'શાખા પ્રશાખા' અને 'આગંતુક' આ ફિલ્મોએ તેમને અકિરા કુરોસાવા, આલ્ફ્રેડ હિચકોક, ચાર્લી ચેપ્લિન, ડેવિડ લીન, રિત્વિક ઘટક, વિક્ટોરિયો દ સિકા જેવા સર્જકોની હરોળમાં મૂકી આપ્યા.

સત્યજિત રેના દાદા અને પિતા લેખક, વિચારક, પ્રકાશક અને સમાજસુધારક. સત્યજિત ત્રણ વર્ષના હતા ત્યારે પિતા ગુજરી ગયા. માએ કષ્ટ વેઠીને પુત્રને મોટો કર્યો અને તેનો કલાપ્રેમ જોઈ શાંતિનિકેતન પણ મોકલ્યો. મેધાવી સત્યજિત શાંતિનિકેતનને કંઈક રમૂજથી જોતા, પણ ત્યાં જ તેમની પાંખો ખૂલી. ગ્રાફિક આર્ટ શીખી તેમણે જવાહરલાલ નહેરુના 'ડિસ્કવરી ઑફ ઈંડિયા' સહિત થોડા પુસ્તકોનાં કવરપેજ બનાવ્યાં હતાં.

૧૯૪૭માં એમણે અન્ય સાથે મળી કલકત્તા ફિલ્મ સોસાયટી બનાવી, જેમાં વિદેશની ફિલ્મો પ્રદર્શિત થતી. સત્યજિત આ દરેક ફિલ્મો જોતા. ૧૯૪૯માં એમને દીર્ઘકાલીન પ્રેમિકા સાથે લગ્ન કર્યાં. એ જ વર્ષે ફ્રેંચ દિગ્દર્શક ઝાં રેન્વૉર કોલકાતા આવ્યા હતા. એમની 'ધ રિવર' ફિલ્મના શૂટિંગમાં સત્યજિત મદદરૂપ થયા અને પોતાના મનમાં ઘોળાતો 'પથેર પાંચાલી' પ્રોજેક્ટ ચર્ચ્યો. ૧૯૫૦માં કંપનીએ સત્યજિતને ૩ મહિના માટે લંડન મોકલ્યા. આ ત્રણ મહિના દરમિયાન એમણે ૯૯ ફિલ્મો જોઈ. વિક્ટોરિયો દ સિકાની 'બાયસિકલ થિવ્ઝ' અને ઝાં રેંવૉરની 'રુલ્સ ઑફ ધ ગેમ'થી એટલા પ્રભાવિત થયા કે હવે એવી ફિલ્મો જ બનાવવી એવું નક્કી કરી લીધું. મોટાભાગની ફિલ્મોની વાર્તાઓ પોતે જ લખી. સંગીત પણ આપ્યું અને સિનેમેટોગ્રાફી પણ કરી.

'પથેર પાંચાલી'ની વાર્તા ૧૮૨૮માં બિભૂતિભૂષણ બંદોપાધ્યાયે લખેલી આ જ નામની વાર્તા પર આધારિત હતી. વિદ્વાન પણ ગરીબ બ્રાહ્મણ હરિહર અને એની પત્ની સર્બજયા બાળકો દુર્ગા અને અપૂર્વ સાથે એવા નાના ગામડામાં રહે છે, જ્યાંથી દિવસમાં એક વાર પસાર થતી ટ્રેન પણ નવાઈનો વિષય છે. હરિહરની એકમાત્ર વાડી વેચાઈ ગઈ છે. દેશ નવો સ્વતંત્ર થયો હતો, બંગાળનો મોટો ભાગ પાકિસ્તાનમાં જતો રહ્યો હતો. ગ્રામીણ બંગાળથી લઈ બનારસ ને પછી કોલકાતા સુધી અપુત્રયીની યાત્રા છે. મોટી ચકિત આંખોવાળો બાળક અપુ અનેક ઊતરચઢમાંથી પસાર થતો વિચારશીલ યુવાન બને છે.

સત્યજિત અને તેમના બધા તરવરિયા સાથીઓ ત્યારે નવા હતા, બધા જ પછીથી પ્રખ્યાત થયા. શુટિંગની શરૂઆત ૧૯૫૨માં પોતાની બચતમાંથી કરી પણ પછી પૈસા ખૂટતા ગયા. સત્યજિત ત્યારે પણ પૂર્ણતાના આગ્રહી. પટકથામાં ફેરફાર ઈચ્છનારની મદદ ન સ્વીકારે. છેવટે સરકારે મદદ આપી. ૧૯૫૫માં ફિલ્મ રિલિઝ થઈ. કલાકૃતિ તરીકે વિદેશોમાં પણ વખણાઈ. 'ટાઈમ્સ'એ તેને 'પ્યૉર સિનેમા' કહી. આ ત્રણે ફિલ્મોના અનુભવો સત્યજિત રે એ 'માય યર્સ વિથ અપુ-અ મેમ્વૉર' પુસ્તકમાં સમાવ્યા છે. ત્રણે ફિલ્મોનું સંગીત પંડિત રવિશંકરે આપ્યું હતું.

સત્યજિતે કહ્યું હતું, 'ઘણીવાર મને લાગે છે કે શેરીમાં ચાલતો એક સાધારણ માણસ મહાનાયકો કરતાં વધારે પડકારરૂપ વિષય છે. આછાઘેરા પડછાયામાં આવૃત્ત એની સધારણતા, એના અસ્તિત્વમાં ગૂંજતું ભાગ્યે જ સંભળાય તેવું જીવનસંગીત મારે શોધવું છે, પકડવું છે, વ્યકત કરવું છે.'

કુરોસાવા કહે છે, 'લોકો જન્મે છે, જીવે છે અને મૃત્યુ આવે ત્યારે એને સ્વીકારે છે. થિયેટરમાં અપુત્રયી જોયા વિના જો મૃત્યુ આવે તો એને પાછું કાઢજો.'

મો.૯૮૩૩૭૦૮૪૯૪

## (૦૮) પુસ્તક પરિચય : જેના ઉત્તર નથી એવી કવિતાઓ !

**ડંકેશ ઓઝા**

દરેક સમાજની પોતાની આગવી અનેરી ઓળખ હોય છે જે એની અસ્મિતા સાથે અભિન્નપણે જોડાયેલી હોય છે. વિકસિત સમાજોની પોતાની ઓળખ વિસરાતી અને ભૂંસાતી જતી આપણે જોઈએ છીએ ત્યારે આદિવાસી સમાજ હજુ પોતાની વિશિષ્ટ ઓળખ જાળવી શક્યો છે. વિશ્વભરમાં આદિવાસી પ્રજા છે, તેમાં વિવિધતા છે અને સાંસ્કૃતિક તફાવત પણ છે.

માનવજાતે પ્રકૃતિથી સંસ્કૃતિ તરફનો જે વિકાસ સાધ્યો તેમાં સરળ, સહજ અને કુદરતી જીવન જીવતા આદિવાસી સમાજો થોડા પાછળ તો રહી ગયા જ છે. કુદરત સાથે મૈત્રીપૂર્ણ લગાવનો સંબંધ જાળવતા સમાજ ઉપર કોઈક પ્રકારે અલગાવ અને દમનના કિસ્સાઓ પણ બન્યા છે. જળ, જમીન, જંગલ અને જનાવરને આ આદિવાસીઓ પોતાની મહામૂલી સંપત્તિ ગણે છે. તેને કોઈપણ ભોગે જાળવી રાખવા માંગે છે. પોતાના આગવા ઉત્સવો, પરંપરાઓ, બોલીઓ એ જ એમનું વિશિષ્ટ એવું વૈવિધ્ય છે.

આપણા જાણીતા ગુજરાતી કવિ અને વાર્તાકાર તથા સંશોધક એવા કાનજી પટેલે 'અનુત્તરિત લોકો' શીર્ષકથી ભારતીય સમકાલીન આદિવાસી કવિતાઓનો દળદાર એવો સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે. આ કવિતાઓના હિન્દી, અંગ્રેજી અનુવાદો વિવિધ કવિઓએ કર્યાં છે. ૧૪૧ બોલીઓમાં ૩૮૨ કવિઓની ૭૦૦ જેટલી કવિતાઓ અનુવાદ સ્વરૂપે આપણી સામે મૂકવામાં આવી છે. (પ્રકાશન સેતુ,- નોઈડા ઉત્તરપ્રદેશનું છે.)

કાનજી પટેલ તળના લોકોની કવિતાનું સામયિક 'વહી' પ્રગટ કરતા હતા. લુણાવાડા નજીક કલેશ્વરી જેવા પુરાતત્ત્વીય સ્થળ ખાતે તેમણે આદિવાસી મેળાઓનું વર્ષોવર્ષ આયોજન કર્યું છે, તેમાંથી આવો કવિતા સંપાદનનો વિચાર એમને આવ્યો હતો. તેને તેઓ સરસ કરી શક્યા છે.

કવિતામાં પ્રકૃતિની વિપુલતા, પ્રબળતા સાથે તેમને - લોકોને થતા અન્યાય અને ભેદભાવના પ્રતિરોધરૂપી સ્વરો પણ બોલકાં બને છે. કુદરત સાથે જોડાયેલા વિશાળ સમાજને વિકસિત સંસ્કૃતિના નામે અનેક પ્રકારે હેરાન કરવામાં આવે છે. એની એક સહિયારી ચીસ આ સમગ્ર કવિતામાંથી ઉપસે છે. એ ચીસમાં ઘણાં સવાલ છે જેનો આપણી પાસે કોઈ જવાબ નથી. એ સંભળાય છે, એ સમજાય છે પણ એનો ઉકેલ આપણને ઊગતો-સ્ફૂરતો નથી. વિકાસના માર્ગે ક્યારેય ક્યારેક અનાયાસપણે આ પ્રાકૃતિક સમુદાયને આપણાથી અન્યાય થઈ ગયો છે. એવો અપરાધબોધ સંવેદનશીલ વર્ગને ઘેરી વડે છે.

એક તબક્કો હતો જ્યારે અંગ્રેજ શાસન દરમિયાન આદિવાસી પ્રજાને ગુનેગાર પ્રજાનું એક કલંક લગાડવામાં આવ્યું હતું. 'ગુનેગાર જાતિઓ' નામનો ૧૮૭૧નો કાયદો હતો. ૧૯૫૨માં આપણે આ સમાજને પેલા કાયદામાંથી મુક્ત કર્યાં છે. ડુંગરોમાંથી વિકાસનો જે પ્રતિકાર થતો તેને કદાચ ગુનો ગણી લેવામાં આવ્યો હશે ! આ વાત અંગ્રેજોથી આગળ અને તે પૂર્વે મહાભારત સુધી જાય છે. જેમાં ખાંડવવનના દહનની ઘટના છે. ભલે ઝઘડો કૌરવો, પાંડવો વચ્ચે હતો પણ તેમાં દહન તો વિશાળ જંગલનું પણ થયું હતું. શંબુક અને એકલવ્યની ઘટનાઓ પણ પ્રાચીનકાળની છે. વેદવ્યાસ જેમણે મહાભારત લખ્યું તેઓ પણ માછીમારી કોમમાંથી આવતા હતા એ તો જાણીતું છે. આ બધો પૌરાણિક વારસો છેક સાંપ્રત સુધી ખેંચાતો આવે છે. મુખ્ય પ્રવાહમાંથી અમુક પ્રજાઓ દૂર રહી છે, ક્યારેક જાણી જોઈને પણ દૂર

રાખવામાં આવી છે.

આઝાદી પછી અને સ્હેજ પહેલાં આદિવાસી જીવન - સંસ્કૃતિના અભ્યાસ સાતત્યપૂર્વક થતા રહ્યા. વડાપ્રધાન નહેરુએ 'આદિવાસી પંચશીલ' દ્વારા આ સમસ્યા અંગેના પોતાના વિચારો મૂક્યા હતા. જેમાં આદિવાસીઓ પર વિકાસ લાદવામાં ન આવે, એમની સંસ્કૃતિનો આદર કરવામાં આવે એ સૂર પ્રધાન હતો. એમના પર વહીવટી તંત્ર હાવિ ન થાય, વિકાસના નામે તેમની સંસ્કૃતિનો વિનાશ ન થાય એ જોવા નહેરુએ સૂચનાઓ આપી હતી. આવા વ્યાપક સંદર્ભમાં આ આદિવાસી કવિતાઓને સમજવાનો આપણે પ્રયાસ કરવો જોઈએ. એમની જે વ્યથાઓ છે એને સમજવી જોઈએ. આજે આદિવાસીઓ પોતાની વ્યથા પોતાની આગવી રીતે પ્રગટ કરતા થયા છે, સ્વમાનપૂર્વક તેમ કરે છે, ત્યારે એમના અવાજને આપણો સમાજ કાને ધરે, એમના પ્રત્યે સહાનુભૂતિ અનુભવે, એમના દુઃખ દર્દોને વિકાસ પ્રક્રિયામાં ધ્યાને લેવામાં આવે, ધ્યાને લેવામાં સભાનતા જાળવે એ ખૂબ જરૂરી છે.

ઘણી બધી કવિતાઓ અહીં ઉતારવી શક્ય નથી. કારણ કે તે લાંબી છે એમની બોલીમાં લખાયેલી છે. અનુવાદ એ માટેનો અધુરો પ્રયાસ મનાયો છે. અહીં કેટલીક કવિતાઓના શીર્ષકો જોઈએઃ

'ટેકરીઓ પરથી એક પ્રેમપત્ર', 'આગનું બીજ', 'ઝાડનું થડ જ તારું તીર્થ છે', 'મારી ધરતી માટે અને તારી માટે', 'તેઓ જે અનુત્તરિત રહ્યા', 'એક સ્વપ્ન જોયું હતું', 'દીકરાનો એક સવાલ', 'ઈશ્વરનું મૃત્યુ નક્કી છે' વગેરે વગેરે. થોડીક આ કવિતાઓમાંથી પંક્તિઓ જોઈએ :

(૧) પથ્થર ચૂપ હતો કારણ કે
દર્દ તેનું એકલાનું નહોતું !

(૨) જ્યારે શહેર મને અહીંથી લઈ જશે,
હું શહેરને જંગલની બધી વાત કરીશ.
કહેવાય છે કે શહેર બહુ બોલે છે
અને કોઈનું સાંભળતું જ નથી !

(૩) કયા ગીતની ધૂન આવી હતી,
ટેકરીની પેલે પારથી ?
ન જાણે ક્યાં ખોવાઈ ગઈ ?

(૪) જ્યારે જંગલ હતું,
ત્યારે સવારની ચાંચ પર પૃથ્વીનું
સ્મિત ખુશીથી પડતું હતું !
જ્યારે જંગલ હતું.

(૫) આસમાન જ્યારે વરસે છે,
તો છાપરી રડે છે.

સમજી શકાય છે કે આ આદિવાસી કવિતાઓ કેવી બોલકી છે, એમની સમસ્યાઓ કેવી વિદારક છે. આજે આપણે બિરસા મુંડા અને ગોવિંદગુરૂની વાતો જાણતા થયા છે. અંગ્રેજ શાસન સામે આદિવાસીઓએ ઘણા બળવા કર્યા છેઃ ભગત ચળવળ, માનગઢ હત્યાકાંડ, એકી ચળવળ, દેવી ચળવળ, દઢવાવ હત્યાકાંડ અને કોટલા મહેતા, મોતીલાલ તેજાવત, રૂપા નાયક વગેરે વિશે આપણે જાણવું રહ્યું. આ કવિતાઓનું ભાવન આપણને થોડા અભ્યાસની અવશ્ય ફરજ પાડશે.

મો.૯૭૨૫૦૨૮૨૭૪

**ડંખ વગરની કેળવણી**

મેડમ મૉન્ટેસોરીને કહેવામાં આવ્યું કેઃ

ઇઝરાયેલે એવી મધમાખી શોધી છે, જે મધ તો આપે છે, પણ ડંખ નથી મારતી.

એ સાંભળીને મેડમ મૉન્ટેસોરીએ કહેલું કે,

'આ સારા સમાચાર છે, પણ મારી શોધ તો ડંખ વગરનો માણસ તૈયાર કરવાની છે.'

## (૦૯) તે હું જ હતો

**ભાણદેવ**

એક હતા રાજા... તેઓ વિશાળ સામ્રાજ્યના અધિપતિ હતા. મોટા સમ્રાટ હતા પરંતુ તેમાનો મહેલ નાનો હતો. એકવાર સામ્રાજ્યના અધિકારીઓએ સમ્રાટને કહ્યું, 'મહારાજ આપ વિશાળ સામ્રાજ્યના અધિપતિ છો પરંતુ આપનો રાજમહેલ પ્રમાણમાં નાનો છે. અમારી સૌની એવી ભાવના છે કે આપના માટે એક વિશાળ રાજમહેલની રચના કરવામાં આવે તો સરસ. સમ્રાટે તેમની વાતનો સ્વીકાર કર્યો અને એક વિશાળ રાજમહેલની રચનાનો આદેશ આપ્યો. સમ્રાટના આદેશ અનુસાર એક વિશાળ રાજમહેલની રચના કરવામાં આવી. આ રાજમહેલના રંગ રોગનું કામ ચાલે છે, આ રાજમહેલમાં અનેક ઓરડા છે અને અનેક ખંડ પણ છે. એક સૌથી મોટો ખંડ છે-રાજ સભાખંડ. આ રાજ સભાખંડની વિશાળ દીવાલો હતી. રંગકામ ચાલી રહ્યું છે. દીવાલો પર ચિત્રો પણ બની રહ્યા છે. વિશાળ સભાખંડની સૌથી મોટી દિવાલ પર ચિત્ર બનાવવું છે. દીવાલ વિશાળ છે અને વિશાળ ચિત્ર બનાવવાનો રાજાનો મનોરથ છે. મંત્રીઓની પણ એ જ સલાહ છે. હવે પ્રશ્ન થાય છે આ વિશાળ દીવાલ પર કેવું ઉત્તમ ચિત્ર બનાવવું? અનેકવિધ ચર્ચા વિચારણાને પરિણામે આ પ્રમાણે નિર્ધારિત થયું; 'ભગવાન શ્રીકૃષ્ણ અને કંસ કુસ્તી યુદ્ધ લડી રહ્યા છે તે ચિત્ર બનાવવું.'

સમ્રાટની આજ્ઞાનું પાલન કરવાનો પ્રારંભ થયો એક મહાન ચિત્રકારને માનપૂર્વક બોલાવવામાં આવે છે. રાજ્યના દીવાન ચિત્રકારને શાનું ચિત્ર બનાવવું તે વિગતવાર સમજાવે છે. 'શ્રીકૃષ્ણ અને કંસનું યુદ્ધ' આ વિશાળ દીવાલ ઉપર ચિત્રિત કરવાનું છે. ચિત્રકાર બધું સમજીને કહે છે કે: 'ચિત્ર બનાવવા માટે નમૂનારૂપ વ્યક્તિઓ જોઈએ પહેલા શ્રીકૃષ્ણનું ચિત્ર બનાવવું છે તે માટે નમૂનારૂપ એક સુંદર બાળક લઈ આવો.'

મહારાજાએ ચિત્રકારને જોઈએ એવા બાળકની શોધ કરવાનો આદેશ કર્યો. મહારાજની આજ્ઞા પ્રમાણે રાજ્યમાં નમૂનારૂ બાળકની શોધ શરૂ થાય. ખૂબ તપાસને પરિણામે સુંદર,નમણું એક બાળક મળી આવે છે, જે અદ્દલ કૃષ્ણ જેવો જ દેખાય છે. બાળકના માબાપની મંજૂરીથી બાળકને રાજમહેલમાં લઈ આવવામાં આવે છે.તેને સ્નાન કરાવવામાં આવે છે, સુંદર વસ્ત્રો ધારણ કરાવવામાં - પહેરાવવામાં આવે છે. મસ્તક પર મોર મૂંગુટ ધારણ કરવામાં આવે છે. હાથમાં બંસી આપવામાં આવે છે. તે બાળક એક સુંદર આસન પર બેસે છે. તેને શ્રીકૃષ્ણના ચિત્ર માટે નમૂનારૂપ ગણીને ચિત્રકાર શ્રીકૃષ્ણનું ચિત્ર તૈયાર કરી રહ્યો છે. કળાકાર એની સાધનામાં ડૂબી ગયો છે. દીવાલ ઉપર કૃષ્ણ ઉજાગર થઈ રહ્યાં છે. સમયાનુસાર સરસ રીતે શ્રીકૃષ્ણનું ચિત્ર દીવાલ ઉપર તૈયાર થઈ ગયું છે. તે બાળકને વિવિધ ભેટ આપીને, ખૂબ રાજી કરીને તેના માતા પિતા પાસે પહોંચાડી દીધો. ચિત્ર હજુ અધૂરું છે, ચિત્ર અડધું તૈયાર થયું છે અડધું હજુ હજુ બાકી છે. કૃષ્ણનું ચિત્ર તૈયાર થયું છે પરંતુ કંસનું ચિત્ર બનાવવાનું કાર્ય હજી બાકી છે.

ચિત્રકાર રાજાને કહે છે, 'મહારાજ, હવે એવો માનવી શોધો જે કંસ જેવો ક્રુર,જંગલી અને કઠોર લાગે. રાજાની આજ્ઞાથી તેવા માણસની શોધ શરૂ થઈ. ખૂબ મહેનત

થાય છે પરંતુ કંસના ચિત્ર માટે નમુનારૂપ બને તેવો કઠોર ધાતકી અસંવેદનશીલ માણસ મળતો નથી. સમય પસાર થઈ રહ્યો છે,શોધ ચાલુ છે. ચિત્રકાર વારાફરતી અનેક માનવોને જોઈ છે પરંતુ ચિત્રકારને સંતોષ થતો નથી. કંસના ચિત્ર માટે ઉદાહરણરૂપ બને તેવો માણસ મળતો નથી. રાજ્યના અધિકારીઓ તપાસ કરે છે ખૂબ તપાસને અંતે ૨૦ વર્ષ વીતી જાય છે. ચિત્રકાર રાજા અને સૌ અધિકારીઓની ધીરજ ખૂટી ગઈ છે. આખરે રાજ્યની જેલોમાં તપાસ શરૂ થાય છે. અનેક જેલોમાં અનેક કેદીઓ રહે છે. ઘણી જેલોમાં તપાસ આરંભ કરવામાં આવે છે. અનેક કેદીઓ છે તપાસ કરતા એક માનવી મળી આવે છે. આ માનવી એક રીઢો ગુનેગાર છે. હત્યા,ચોરી,બળાત્કાર,શરાબપાન અનેક ગુનાઓ કર્યા છે. આ રીઢા ગુનેગારને ચિત્રકાર પાસે લાવવામાં આવે છે. આ ક્રુર, કઠોર માનવીને જોઈને ચિત્રકારને સંતોષ થયો. તેને કંસના ચિત્ર માટે નમૂના રૂપ માનવી તરીકે પસંદ કરવામાં આવે છે.

જેલમાંથી લઈ આવવામાં આવેલ ભયંકર દેખાવના માણસને વિશાળ દીવાલમાં ચિત્રકાર ચિત્ર તૈયાર કરી રહ્યો છે ત્યાં લાવવામાં આવે છે. તેને રાજાને શોભે તેવા રેશમી વસ્ત્રો પહેરાવવામાં આવે છે. તેના મસ્તક પર રાજાને શોભે તેવો સુવર્ણનો મુગટ પહેરાવવામાં આવે છે. તેનો ચહેરો તેને મૂછો અને દાઢી એવી રીતે બનાવવામાં આવે છે કે તેનો ચહેરો કંસના ચહેરાને અનુરૂપ લાગે. ચિત્રકાર એને જોઈને જ કહી દે છે કે આ કંસ જેવો જ ક્રુર- ભયંકર લાગે છે.

જે દીવાલ પર ચિત્રકાર 'કૃષ્ણ અને કંસ કુસ્તીયુદ્ધ'નું ચિત્ર બનાવે છે ત્યાં સૌ પહોંચે છે. યુવાનને એક મોટા આસન પર બેસાડવામાં આવે છે. ચિત્રકાર તે યુવાનનું નિરીક્ષણ કરે છે, ખૂબ ઝીણવટપૂર્વક ચિત્રકાર તેના દેહનું ચહેરાનું નિરીક્ષણ કરે છે. ચિત્રકાર કંસનું ચિત્ર બનાવવા લાગે છે. બધું બરાબર છે હમણા જ હવે ચિત્રકાર કંસનું ચિત્ર બનાવવા માટે પોતાના ચિત્રકાર્યોનો આરંભ કરે છે. વિશાળ દીવાલ સામે તે યુવાન છે, તે ઉપરાંત મહારાજા અને રાજ્યના અન્ય અધિકારીઓ પણ હાજર છે. તે યુવાન શું કરે છે ? દીવાલ ઉપરના બાળકના ચિત્રને જોઈને ખૂબ રડવાં લાગે છે. તેની આંખોમાંથી આંસુની ધાર વહી રહી છે. તે હીબકા ભરી રહ્યો છે, અરે તે યુવાન કરુણ આક્રંદ કરી રહ્યો છે. મહારાજને, ચિત્રકારને અને ઉપસ્થિત સૌને ખૂબ ખૂબ આશ્ચર્ય થાય છે. આવો કઠોર યુવાન કોઈ દેખીતા કારણ વિના રડી કેમ કરી રહ્યો છે ? મહારાજા યુવાનને પૂછે છેઃ 'ભાઈ, તું આમ શા માટે રડે છે ? તે યુવાન કાંઈ ઉત્તર આપતો નથી, તેનું રુદન ચાલુ જ છે. મહારાજા ફરીથી પૂછે છે તને કાંઈ દુઃખ થાય છે ? તને કાંઈ બીક લાગે છે ? યુવાન માત્ર આટલું જ કહે છે, 'ના મહારાજ.'

રાજા અને મંત્રીઓ તેને આશ્વાસન આપી પૂછે છેઃ 'તને કાંઈ યાદ આવે છે ?'

યુવાનઃ 'હા યાદ આવે છે મહારાજ,'

અને સૌને આશ્ચર્ય થાય છે. માત્ર મહારાજ વાત કરે છે. મહારાજ ખૂબ સહાનુભૂતિપૂર્વક તેને પૂછે છે : 'ભાઈ, તું ભય ન પામીશ કહે શું વાત છે ? હું તને કોઈ સજા કરીશ નહીં. વિના સંકોચે કહી દે તને શું યાદ આવે છે ?' મને યાદ આવે છે, થોડીવાર યુવાન આગળ ચલાવે છે, મને યાદ આવે છેઃ 'અહીંયા શ્રીકૃષ્ણનું ચિત્ર બનાવવા માટે તમે જે બાળકને લઈ આવ્યા હતા તે બાળક હું જ હતો'

સૌ નિઃશબ્દ બની ગયા. કોઈ કાંઈ જ બોલતા નથી ! કોણ શું બોલે ?

મોબાઈલઃ૯૩૭૪૪૧૬૬૧૦

## (૧૦) ૨: ફ્લાઇટ લૅન્ડિંગ કરે અને પુનઃ ટેકઑફ કરે...

### વિનોદ માંગુકિયા

વિમાન કોઈ બસ કે ટ્રેન નથી. વિમાન તો વિમાન છે! તેનું ઊતરવું અને ચડવું એ કોઈ ખાવાના ખેલ નથી ! એક તો કોઈપણ વિમાનને સલામત રીતે રનવે ઉપર ઉતારવામાં અને પછી તેને ટેકઑફ કરીને હવામાં તરતું કરવામાં દરેક પાયલોટની કસોટી થાય છે. ફ્લાઇટ લૅન્ડિંગ કરે અને પુનઃ ટેકઑફ કરે તેમાં કેટલો સમય લાગતો હશે ?

જુઓ ! તમારી ફ્લાઇટ રનવે ઉપરથી ઉતરીને તમારા ટર્મિનલ ઉપર આવી ગઈ છે પણ તમને એમ જલદી પ્રવેશ નહીં મળે. ફ્લાઇટ કંઈ ખાલી હાથે નથી ઉતરી ! મોટી જંબો ફ્લાઇટમાં ૫૦૦ જેટલાં મુસાફરો હજી બેઠાં છે. તેમને સૂચના ન મળે ત્યાં સુધી ઊભા થવાનું નથી. મોટાં વિમાનમાં બહાર નીકળવાના બે ગેટ હોય છે. એ બંને ગેટ ઉપર એરોબ્રીજ જોડાઈ જાય પછી જ વિમાનના ગેટ ખૂલે. ૫૦૦ યાત્રીઓને ધીમે ધીમે ઉતરતાં પણ વાર લાગે. એક બાજુ પ્રવાસીઓ ઉતરતાં હોય અને બીજી બાજુ વિમાનને ચારે બાજુથી ઘેરી લઈને ઍરપૉર્ટના કર્મીઓ પોતપોતાનું કામ ચાલુ કરી દે છે. લગેજનો દરવાજો ખોલીને ૫૦૦ યાત્રીઓની ૧૦૦૦ મોટી બેગો તથા પાર્સલો બહાર કાઢવામાં આવે છે! આ બેગો ચારપાંચ ટ્રોલીઓમાં વ્યવસ્થિત ગોઠવીને ઍરપૉર્ટના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલા બેગ કલેક્શન બેલ્ટ ઉપર પહોચાડવાનું કામ એક ટીમ ઝડપથી કરે છે.

ફ્લાઇટ ૧૫૦૦૦ કિલોમીટર કાપીને આવી છે તો તેનું ફ્યુઅલ ખાલી નહીં થયું હોય ? ફ્યુઅલ ભરવા ક્યાં જવાનું ?દુનિયાના પ્રત્યેક ઍરપૉર્ટ ઉપર ફ્યુઅલની વ્યવસ્થા હોય છે. રનવેથી દૂર મોટી ટાંકીઓ ભરેલી જ હોય પણ ફ્યુઅલ ભરાવવા વિમાનને ત્યાં લઈ જવાનું ? તો તો ઘણો સમય જાય. ટાંકીઓ પાસે વિમાનોની ભીડ થાય તેનું શું ? વ્યવસ્થા એવી હોય કે જ્યાં વિમાન ઊભું હોય ત્યાં જ જમીનમાં ફ્યુઅલની પાઇપ લાઇન બિછાવેલી હોય. તેનો અર્થ એ થયો કે જેટલાં ટર્મિનલ હોય તેની નીચે ફ્યુઅલની પાઇપલાઇનનું એક મોટું જાળું ગૂંથાયેલું હોય! તેની સાથે લૂઝ પાઇપ જોડીને, વાલ્વ ખોલીને વિમાનની બંને પાંખમાં નીચેથી જ ફ્યુઅલ ભરવાની વ્યવસ્થા હોય છે. એક બાજુ બંને પાંખમાં આશરે એક એક લાખ લીટર ફ્યુઅલ ઝડપથી ભરાય છે તો બીજી બાજુ વિમાનની અંદર સફાઈ કરવામાં આવે છે. યાત્રીઓને ત્રણ વાર પીરસેલા ભોજનની ખાલી ડીસો,પ્લાસ્ટિક ગ્લાસ, પેપર વગેરે કચરો ઉતારાય છે અને તે પછી નવી યાત્રા માટે ૫૦૦ યાત્રીને ત્રણ વાર પીરસાય એટલો નવો આહાર ભરવામાં આવે છે ! દરેક પ્રવાસીને પ્રવાસ દરમિયાન કુલ બે વાર પાણીની બોટલ ફ્રી મળે છે. એટલે કુલ ૧૦૦૦ બોટલ પ્રવાસીઓ માટે, ઠંડીમાં ઓઢવા માટે સૌને એક એક ગરમ શાલ, બાથરૂમમાં જવા માટે તદ્દન હળવાંફૂલ સ્લીપર, મેનુકાર્ડ, હેડફોન વગેરે ભરવામાં આવે છે.

વિમાનનાં ભંડકિયામાં બે ટાંકી હોય છે. એકમાં શુદ્ધ પાણી હોય છે જે વિમાનના તમામ ટોયલેટના નળ સુધી પ્રેસરથી પહોંચી જાય છે અને પાણીની બીજી એક મોટી ટાંકી ખાલી હોય છે જેમાં ટોયલેટની ગંદગી ઍરપ્રેસરથી નીચે આવીને ટાંકીમાં ભરાય છે. આમાંની ગંદકીવાળી એક ટાંકી ઍરપૉર્ટના કર્મીઓ પ્રેસર પંપ વડે ઝડપથી ખાલી કરી, સાફ કરે છે જ્યારે બીજી ટાંકીમાં નવું પાણી ભરી દે છે. આ બધું એટલી ઝડપથી થાય છે કે સમય બગડે નહીં. બીજી બાજુ પેલી ૧૦૦૦ બેગો ખાલી થઈ હોય તેની જગ્યાએ બીજી નવી ૧૦૦૦ બેગો અને અન્ય પાર્સલો ઝડપથી ગોઠવાય છે.

લાંબી મુસાફરી કરીને આવેલા ચારેય પાઇલોટ અને આઠ,દસ ઍરહોસ્ટેસ અને ક્રૂ મેમ્બર રજિસ્ટરમાં સહી કરી વિમાનમાંથી ઍરપૉર્ટ ઉપર ઉતરી આવે છે અને પાયલોટ સહિત નવો સ્ટાફ ડ્યૂટી સંભાળી લે છે.

ટર્મિનલ ઉપર કલાકોથી પ્રતીક્ષામાં રહેલા મુસાફરોની આતુરતાનો અંત આવે છે. ફ્લાઇટમાં બધું જ બરાબર ગોઠવાઈ ગયા પછી એરોબ્રીજમાં પ્રવેશ મળે છે. અહીં તમારે ત્રીજી વાર પાસપોર્ટ અને સાથે બોર્ડિંગ પાસ બતાવવો પડે છે. આમ કોઈ એક ફ્લાઇટ ઉતરે અને ચડે તેની વચ્ચે

દોઢથી બે કલાકનો સમય લાગી શકે છે.

ઍરપોર્ટ : જ્યાં રોજ લોકમેળો યોજાય છેઃ

મોટાં અને મધ્યમકદનાં ઍરપૉર્ટ એટલે ૩૬૫ દિવસ યોજાતો લોકમેળો જોઈ લ્યો ! આ ઍરપૉર્ટ કદી બંધ રહેતાં નથી સિવાય કે કર્મીઓની હડતાલ હોય કે કુદરતી આફત હોય. જોરદાર સ્નોફોલ હોય કે વાવાઝોડું હોય અને ઍરપૉર્ટ થોડો સમય બંધ રાખવું પડે તો અફડાતફડી મચી જાય! લંડન, ન્યૂયોર્ક, શિકાગો, વોશિંગ્ટન, સાનફ્રાન્સિસ્કો, મુંબઈ, દિલ્હી, સિડની સિંગાપુર, દુબઈ, ટોકિયો,અબુધાબી જેવા મોટાં ઍરપૉર્ટ ઉપર આપણને સમગ્ર દુનિયાના પ્રવાસીઓ જોવા મળે છે. સૌના રંગ જુદા, સૌના ડ્રેસ જુદા, સૌની હેરસ્ટાઈલ જુદી જુદી ! મોટા ઍરપૉર્ટ ઉપર રોજ લાખ બે લાખ પ્રવાસીઓ આવે છે અને જાય છે. સૌની ભાષા અલગઅલગ પણ આખરે અંગ્રેજી જ કામ આવે. એક સાથે હજારો પ્રવાસીઓ આમથી તેમ ફરતા હોય પણ કોઈ ઘોંઘાટ નહીં ! યુવકયુવતીઓ પોતાની મસ્તીમાં મહાલતાં હોય અને સિનિયર યાત્રીઓ આરામ ફરમાવતાં હોય. રોજ લાખ બે લાખ મુસાફરોને તેઓની ફ્લાઇટમાં ભૂલ વિના બેસાડવાં, તેમનો ભારે સામાન પણ સાથે ગોઠવવો અને છ મહિના પહેલાં પણ જેણે ટિકિટ બુક કરાવી હોય તેઓનું પ્લેન સમયસર ટર્મિનલ ઉપર આપેલી તારીખ અને સમયે હાજર કરી દેવું એ એક મોટો પડકાર હોય છે.

કોઈને ખોટી ફ્લાઇટમાં બેસાડી દો તો જે તે ઍરલાઇન્સે જવાબ આપવો ભારે પડે ! જે શહેરમાં એકથી વધુ ઍરપૉર્ટ હોય અને જે મુસાફરોને ડોમેસ્ટિક ફ્લાઇટમાંથી ઊતરીને ઇન્ટરનેશનલ ફ્લાઇટમાં બેસવાનું હોય અને તે ટર્મિનલ પાંચ, સાત કે દસ કિલોમીટર દૂર હોય તો મુસાફરો ત્યાં કઈ રીતે પહોંચે ? આવા મુસાફરો પાછા રોજ હજારો હોય તો ? તેનો ઉપાય પણ તમામ મોટાં ઍરપૉર્ટ પાસે હોય છે. ફ્લાઇટ બદલાવનાર મુસાફરોને ઍરપૉર્ટની ઇલેક્ટ્રિક બસમાં બેસાડીને દસ મિનિટમાં ફ્રી પહોંચાડવામાં આવશે!

કેટલાંક ઍરપૉર્ટમાં અન્ડરગ્રાઉન્ડ ઇલેક્ટ્રિક મીનીટ્રેન ચાલતી હોય છે જે મુસાફરોને સરળતાથી બીજા દૂરનાં મોટાં ટર્મિનલ ઉપર પહોંચાડી દે છે ! ઉપર રનવે હોય અને નીચે ટ્રેન કે બસ ચાલતી હોય! કમાલ છે ને ! અરે ! એક ઍરપૉર્ટની વચ્ચેથી નીચે ૮ ટ્રેકનો હાઇવે નીકળતો જોયેલો! કદાચ પેરિસમાં હશે. ઉપર વિમાનો દોડીને ચડે કે ઉતરે અને એ મેદાનની નીચે સીટીનો હાઇવે ઘર્રાટી બોલાવતો હોય ! આ કાળાં માથાંનો માનવી જ કરે છે ! દુનિયાના પાંચેય ખંડોમાં આશરે ૨૦૦ જેટલા નાના,મોટા દેશો છે પણ મોટા દેશોની મોટી ઍરલાઇન્સ સૌથી વધારે વિમાનો ધરાવે છે. દુનિયાની શ્રેષ્ઠ ઍરલાઇન્સ કઈ કઈ છે તેનું લીસ્ટ યૂટયૂબ ઉપર જોઈ શકાય છે. બહુ મોટાં વિમાનો ડબલડેકર હોય છે ! અંદર પ્રવેશ કરો એટલે તમે કોઈ લઘુ રાજમહેલમાં આવી ગયા હો તેવો અનુભવ થશે. તેમાં પણ ફર્સ્ટક્લાસમાં મુસાફરી કરનારા ફાઇવસ્ટાર હોટલ જેવી સુવિધા સાથે આરામથી પ્રવાસ કરશે. આવા પ્રવાસીઓ એક જ ટ્રીપમાં ઇકોનોમી ક્લાસના મુસાફરો કરતા ડબલ કે અઢી ગણા રૂપિયા ટિકિટ પાછળ ખર્ચી શકે છે ! અને મહારાજાની માફક સૂતાં સૂતાં મુસાફરી કરી શકે છે. જ્યારે કલાકોની લાંબી મુસાફરીમાં ઇકોનોમી ક્લાસવાળા લોકોને તો ટૂંટિયું વાળીને, સાંકડમોકડ, હાલ્યા ચાલ્યા વિના દસ, બાર,પંદર કે સત્તર કલાક સજડબમ મુસાફરી કરવી પડે છે જે સૌથી કંટાળાજનક હોય છે. પણ સ્ટીમર કરતાં વહેલા પહોંચી શકાય ! બાકી જ્યારે વિમાનોની શોધ થઈ નહોતી ત્યારે આપણા દેશમાંથી લંડન કે આફ્રિકા જવા માટે સ્ટીમરો જ એક માત્ર વાહનો હતાં ! ફર્સ્ટક્લાસ અને બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરનારા માલેતુજાર આત્માઓને ભાવતા ભોજન સાથે તેઓને મનગમતો વાઇન પણ પીરસવામાં આવે છે ! જ્યારે ઇકોનોમી ક્લાસના મધ્યમવર્ગીય આત્માઓને ભોજન પછી ઠંડા પીણાં મળે છે ! ફર્સ્ટક્લાસના વિભાગમાં આવેલાં ટોયલેટમાં બિઝનેસ ક્લાસ કે ઇકોનોમી ક્લાસમાં મુસાફરી કરતા મુસાફરોને જવાની મનાઈ હોય છે. તેથી સૌ પોતપોતાના વિભાગનો ઉપયોગ કરે છે.

લાંબા લાંબા ટર્મિનલો ઉપર આરામદાયક હજારો ચેર સાથે અનેક જગ્યાએ ગોઠવેલાં ડિસ્પ્લેમાં વિમાનોની છેલ્લામાં છેલ્લી માહિતી સતત અપડેટ થતી જાય છે. તમારી ફ્લાઇટ અંગે તમારે કોઈ ટિકિટ બારી ઉપર પૂછવા જવું પડતું નથી. તમારા વહાલા મોબાઇલમાં જ તમને બધી માહિતી મળ્યા જ કરે છે ! દરેક ઍરપૉર્ટ ઉપર મોબાઇલની બેટરી રીચાર્જ કરવાની સુવિધા હોય છે. દર આઠ કલાકે ઍરપૉર્ટનો સ્ટાફ સતત બદલાતો રહે છે પણ ઍરપૉર્ટ પોતે તો થાક્યા વિના ૨૪ કલાક અને ૩૬૫ દિવસ સેવારત રહે છે ! ઍરપૉર્ટને રિસેશ કે વેકેશન નથી હોતાં !

ક્રમશઃ

મો-૯૪૨૭૬૯૪૭૭૦

## (૧૧) વડીલો માટે ઘરકામ હાથવગી કસરત

ડૉ. નાનક ભટ્ટ

આઝાદીની ચળવળ કરતાં પ્રથમ દરજ્જે સમાજ ઘડતર માટે જાગ્રત મહાત્મા ગાંધીજીએ નિત્ય પ્રાર્થનામાં 'રઘુપતિ રાઘવ રાજારામ' પ્રજામાનસમાં ઉતારી પણ તેથી વિશેષ હજારો વર્ષની પરંપરામાં જકડાયેલી કર્મકાંડી સમાજને અને વિશેષ સ્ત્રીઓને કહ્યું 'કરતા જવું ઘરના કામ લેતા જવું શ્રીહરિનું નામ'

૧૯૪૦-૪૭નો કાળ દારૂણ ગરીબી, અસ્પૃશ્યતા, નિરક્ષરતા અને નબળા સ્વાસ્થ્યનો ગુલામી કાળ હતો. એવા સમયે સમાજ પોતાની ક્ષણ-ક્ષણનો ઉપયોગ કરી ઉદ્યમી બને, શ્રમકાર્ય અને સ્વાસ્થ્ય સુધાર માટે ખર્ચી આત્મનિર્ભર બને તે આવશ્યક હતું. મહાત્મા ગાંધીએ ધર્મને આધાર લઈ સમુદાયને કંઠસ્થ કરાવ્યું કે પૂજા-પાઠ માટે, ધર્મ ધ્યાન માટે મંદિર, મસ્જિદ ગિરજાઘરમાં સમય વ્યતિત કરવા કરતા ઘરકામ કરી ઉત્પાદક શ્રમ કરતા-કરતા પ્રાણ અને વિચારને એક-મેકમાં પરોવી પરમશક્તિનું સ્મરણ રાખી શકાય છે.

ધર્મ કાર્ય માટે આઝાદી પર્વની મહત્તા હવે શરીર સ્વાસ્થ્ય માટે અનુસરવા જેવું બન્યું છે. હવામાનનું પ્રદૂષણ, વાહનો અને પશુઓથી ભરાતા રસ્તાઓ, અતી ખર્ચાળ જીમ અને ફિઝીયોથેરાપી સેન્ટર, જાહેર બગીચાઓ અને જોગર્સ પાર્કમાં ગંદગી, લાખોની વાર્ષિક ફી ભરીને મળતું ક્લબનું સભ્યપદ જેવી આધુનિક સમાજ વ્યવસ્થાનાં પ્રશ્નો વચ્ચે સવાલ રહે છે કે સિનિયર સિટીજન શરીરને હરતું-ફરતું રાખવા ક્યાં જઈને કસરત કરે ! કાના-માત્રના વળગણ વિના સલાહ આપવામાં અત્યંત સરળ કસરતને અપનાવવાનું શહેરીજન માટે ભારે કઠણ બને છે. ત્યારે ઉપાયે ઘરકામને કસરતનું સાધન બનાવવાનો એક નવો દૃષ્ટીકોણ વિચારવા લાયક બને છે.

સામાજીક સુધારના નામે સમાજે અપનાવેલ સાધન સજ્જ કાર્યપ્રણાલીનાં કારણે હવે ઘરમાં ઘંટીનાં બે પથરામાં અનાજ દળાતું નથી. વોશિંગ મશીન હાથ લગાડ્યા વિના જ કપડાં ધોઈ આપે છે. ક્યાંક ડિશવોશર તો ક્યાંક કામવાળાની મદદથી ઢગલો વાસણ ધોવાય છે. આથી હાથનાં ઈન્ટ્રિન્સિક અને એકસસ્ટેન્સરી ગ્રુપનાં મસલ્સ અને ખભાનાં ફ્લેકસર ગ્રુપનાં મસલ્સને મુવમેન્ટ મળતી નથી. એટલું જ નહીં પણ પ્રાકૃતિક રીતે હાથનાં ૧૦ આંગળા અને હથેળીની તાકાતથી વસ્તુ પકડવી, ઉંચકવી અને સોયમાં દોરો પરોવવો કે ફૂલની માળા તૈયાર કરવા જેવી નાની દેખાતી કામગીરી ગૌણ બની રહી છે. માનવ મસ્તિષ્કની કુલ ઊર્જામાંથી ફાઇન મોટર ઉપયોગ માટે વપરાતા ૩૭% માત્ર હાથ સાથે સંકલિત હોય મનુષ્ય માટે બે હાથનો ઉપયોગ શરીર સ્વાસ્થ્ય માટે અતિ મહત્ત્વનું બને છે.

કોવિડ કાળમાં ઘરમાં બધાજ સભ્યોએ કચરાપોતા કરવા પડતા આથી શહેરી જનો સાજા તો રહ્યા પણ શારીરિક વજનમાં જોઈ શકાય તેવો ઘટાડો થયો. એટલું જ નહીં પણ પુરૂષો પણ ફિટનેસ લેવલની હોશે-હોશે વાત કરતા થયા. કમરથી નીચા નમી ૨૫-૩૫ મિનિટ કચરો વાળવામાં કમરનાં એક્સ્ટેન્સાર મસલ્સમાં લચીલાપણું મળે છે. પાણીમાં ફીનાઇલ નાખી જમીન પરની લાદી ઘસીને સાફ કરતાં હાથ અને પગના સ્નાયુઓ મજબૂત બને છે. આ કાર્યથી હાડકાંના સાંધામાં ન્યુટ્રિશન મેળવે છે. તેથી વધુ હિપ-બોર્નને રક્ષણ આપતા અને ઉઠવા બેસવામાં શરીરના ઉપરના ભાગને યોગ્ય આકારમાં રાખવામાં મદદ કરતાં ગ્લુટીયલ મસલ્સ

કાર્યન્વિત રહેતા પાછલી ઉંમરે દેખાતા કમરના દુખાવામાં પેઈનકીલર વિના વડિલોને પણ રાહત રહે છે.

હવે ઘરમાં લાકડાં-કોલસાનાં ચુલાની સગવડ નથી. ફેફસાના જોરે અગ્નિ પ્રગટ થતો નથી. ત્યારે પ્રાણાયમ કે ઝડપથી ચાલવાનું અનિવાર્ય બને છે. બ્લેક્રિટ તો એક ખરીદી ઉપર એક ફ્રી ની લાલચ આપે છે. પણ તે લ્હાયમાં શાકભાજી, કરીયાણાની થેલીનો ભાર ઉંચકી, ઘર સુધીનો રસ્તો ચાલી રસોડા સુધી પહોંચવાનું બંધ થતા મૅનોપોઝ પછી બહેનોમાં ૫૦-૫૫ વર્ષે દેખાતો ઓષ્ટીઓ આર્થરાટિસ્ટ આજે ૪૦-૪૨ વરસે દસ્તક દેવા લાગે છે. શરીરમાં પરિભ્રમણ કરતાં લોહીમાં પ્રાણવાયુ ભરતા ફેફસા તો અધિક શ્રમથી જ ગતિશીલ રહે છે અને શરીર માધ્યમને ધર્મનું સાધન બનાવે છે.

બગીચા કે ઘરની અગાશી-ગેલેરીનાં મુકેલ ફૂલ છોડનાં કુંડામાં ખાતર પાણી આપવાના મનગમતા કાર્યમાં કે પછી શ્લોક-કીર્તન ગીતો ગાતા ગરમ-ઠંડા પાણીનાં મસાજ પ્રકારે સ્નાનમાં આનંદનો અહોભાવ માનવ મસ્તિષ્કને ડોપામીન, ઑક્સીટોસીન-એન્ડોરફિન અને સેરોટોનિનનાં પ્રવાહથી ભરી દે છે. જે શરીરને દિવસભરનાં ચડાવ-ઉતરાવ (સ્ટ્રેસ)ને સહન કરતા તૈયાર કરે છે. ઘરના પૌત્ર, પ્ર-પૌત્ર સાથેની બાળરમતો, વ્યાયામ અને નિજાનંદનો અદ્‌ભુત સંગમ બની કાર્ડિયાક એરેસ્ટ જેવી ગંભીર સ્થિતિમાં હૃદય રોગની અક્સીર દવા બને છે.

હજારો વર્ષની માનસિકતા વશાત પુરુષો માટે ઘરકામ સ્ત્રૈણ લાગે છે. અને સ્ત્રીઓ માટે આનંદ પ્રમોદ અસંસ્કારી બને છે. હજારો વર્ષની માનસિકતામાં આમૂલ પરિવર્તન કરવું પડે એમ છે. કોઈપણ કામ કદી નાનું હોતું નથી..સાવરણો લઈને ઘરનુ આંગણું વાળવું, જમી લીધાં પછી પોતાની થાળી જાતે ઉટકવી, પોતાના કપડાં જાતે ધોવા,બાગાયત કરવું કે ઘરના કાર્યોમાં સહભાગીતા પરિવારને પ્રેમથી સભર કરી આપે છે.

આધુનિક મનોવિજ્ઞાન અને વર્તન વિજ્ઞાન કહે છે કે વાર્ધકયે પહોંચેલ વડીલોએ પોતાના સ્વાસ્થ્યની કાળજી પોતાના ઘરથી કરવાની છે. પોષક આહાર અને પ્રેરક વ્યાયામથી જ શરીર અને મન પ્રફુલ્લિત રહેશે. સહજીવન જ શ્રેષ્ઠ જીવન બનશે. ગુલામીનાં સંસ્કારો ખંખેરી પશ્ચિમની રીત રસમો છોડી હવે આત્મદીપો ભવની ભારતીયતા અપનાવીયે. કહેવાયું છેઃ 'પહેલું સુઃખ તે જાતે નર્યા' આ કામ કોઈ કલબ, જીમ, દવાખાના, હોટેલનાં હવાલે ન રાખતા વયસ્ક નાગરિકે પોતાના જીવનરથની લગામ પોતાના હાથમાં રાખવી રહી એમાં જ એનું કલ્યાણ છે.

મો-૯૮૯૮૪૬૩૪૮૯

**મેઘધનુષી ઘટનાઃ લવ થેરાપી**

મૃત્યુનો સામનો કરી શકે એવી
એક જ ઘટના છે અને એ છેઃ 'પ્રેમ'.
પ્રેમ જેટલો ઉદ્દાત,
અભય તેટલો જ ઉન્નત.
લગ્નનો સંબંધ સંસ્કૃતિ સાથે છે
અને
પ્રેમનો સંબંધ પ્રકૃતિ સાથે છે.
માણસની સૌથી જૂની ટેવ સેકસ છે.
અને એની સૌથી પ્રાચીન ઝંખના પ્રેમ છે.
ગુજરાતની કોઈ યુનિવર્સિટી 'પ્રેમપદારથ'
અંગેનો અભ્યાસક્રમ શરૂ કરે તો
તે એક એવી ક્રાંતિ હશે,
જેને કારણે કેમ્પસ રળિયામણું અને વ્યસનમુકત બનશે.
પ્રેમ એ હોર્સપાવરમાં ન માપી શકાય તેવી પરમશકિત છે.
પ્રેમનો પરચો પામ્યા વગરનું જીવન
અર્થશૂન્ય બની રહે છે.

-ગુણવંત શાહ

## (૧૨) બાઉલ બીબાઢાળ નથી હોતા...

**સતીશચંદ્ર વ્યાસ**

લુપ્ત થયેલ નગર તામ્રલિપ્તના ટીંબા પરનું નવસર્જન તે તમલુક નગર, આ નગરનું નામ, તામ્ર એટલે કે તાંબા પરથી પડેલું. જે સારા કારીગર હતા તે તાંબા અને સોના-ચાંદીના સિક્કા બનાવતા, મધ્યમકક્ષાના કારીગર હતા તે તાંબાના વાસણો બનાવતા.

આજે વર્ષો પછી પણ અહીં તાંબાની જણસનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં છે, અમે બાઉલ સાથે બડા બજાર પાસે આવેલ કંસારા બજારમાં ગયા. ત્યારે સુજા નામે એક કંસારાની દુકાને ગયાં બાઉલ સુજાનો પરિચય કરાવતા રખાલદાસે અમને કહ્યું કે, 'સતીશ, આ સુજા તાંબાની સુંદર મૂર્તિઓ બનાવે છે ! સપ્રમાણ,ઘાટીલી,મૂર્તિઓ ખૂબ જ વેચાય છે.' ત્યાં અમે દેવી-દેવતાઓની મૂર્તિ જોઈ. અમે સમજી ન શકીએ તે હેતુથી, બાઉલે રાઢી તળપદી બંગાળીમાં કહ્યું, 'સુજા! આ કંઈ ખરીદવાવાળા નથી, મફતના ઘરાક છે ! ફક્ત તારી મૂર્તિ અને દુકાન જોવા માટે આવ્યા છે !'

સુજાએ હકારમાં માથું હલાવ્યું. અમે ખરીદનાર નથી, તે જાણ્યા છતાં તેને કશું વાંધો હોય તેવું તેના વર્તન અને ચહેરા પર ન લાગ્યું. તેણે મારી સામે વીણાવાદિની, કમલાશની, માતા સરસ્વતીની બે મૂર્તિ મૂકી કહ્યું કે, 'ભાઈ, આમાં કઈ મૂર્તિ તમને સારી લાગે છે ?' બંને મૂર્તિઓ સાવ સમાન જેવી લાગતી હતી. પણ અમે એક મૂર્તિ તરફ આંગળી ચિંધી હતી. તે બોલ્યો, 'આ બે મૂર્તિઓ સરખા જેવી લાગે છે, પરંતુ તેમની કિંમત વચ્ચે ૨૦ ગણો ફરક છે !'

અમે પૂછ્યું, 'એવું કેવી રીતે ?' તે બોલ્યો, 'આ એક મૂર્તિ ૫૦૦ ની છે અને બીજી ૧૦,૦૦૦ ની છે. બંને તાંબાની જ છે. છતાં તેની કિંમતમાં ફરક છે.' અમે કહ્યું, 'શું તેમના વજનમાં ફરક છે ? દેખાવ તો સમાન છે !'

તે બોલ્યો, 'તમે જે પસંદ કરી તેવી મૂર્તિ બજારમાં હજારોની સંખ્યામાં મળી જશે. જ્યારે બાજુમાં પડેલી બીજી મૂર્તિ જેવી એક પણ નહીં મળે !' અમે કહ્યું, 'સુજા ! વાત સમજાતી નથી !'

આ બધું સાંભળી, રખાલદાસ- બાઉલ મદદમાં આવ્યો, 'સતીશ! મૂર્તિ બે રીતે બને, એક ઢાળો નાખીને, બીજી ઘડીને !'

થોડું રોકાઈને બાઉલ બોલ્યો, 'ઢાળો નાખીને બનાવેલ મૂર્તિ એટલે એક બીબામાં પીગળાવેલ તાંબુ નાખી અને ઢાળી દીધેલી મૂર્તિ, તેમાં બીબામાંથી કાઢ્યા પછી, મૂર્તિમાં થોડું સમારકામ કરી, ફિનિશિંગ કરી, તેને તૈયાર કરાય છે. તેમાં ઝાઝું કામ કરવાનું રહેતું નથી, ઝડપથી બને છે, સસ્તી પડે છે. ઘડવાની મૂર્તિમાં વાત જુદી હોય છે ! તેમાં કારીગર જાતે કામ કરી, ઘડી ઘડીને, મૂર્તિનું સર્જન કરે છે. તેમાં હુન્નર, સૂઝ અને ધીરજ જોઈએ ! તે ધીમે ધીમે આકાર પ્રાપ્ત કરે છે, તેથી ખૂબ મહેનતના અંતે, એક જ નંગ બને છે. તેના જેવી બીજી જ મૂર્તિ ન બની શકે ! બીબાઢાળમાં તો એક સરખી મૂર્તિનો ઢગલો હોય છે !'

બાઉલે વાત પૂરી કરી, ત્યાં સુજાએ બોલવાનું શરૂ કર્યું, 'હા, આપણી સ્કૂલોમાં કૉલેજોમાં જેમ ઢાળો ઢાળી અને હજારો બીબાઢાળ યુવાનો બનાવીએ છીએ તેવું જ !'

પછી બાઉલ સામે આંગળી ચિંધી બોલ્યો, 'આ બાઉલોને જુઓ ! તેના ગુરુ, એક એક બાઉલને નોખા નોખા ઘડે છે. બાઉલ બનાવવાના બીબા નથી હોતા, તેથી તો બાઉલ બીબાઢાળ નથી હોતા, અને ભાઈ,તેથી જ તેનું મૂલ્ય છે !'

મો.૯૮૯૮૬૪૩૩૫૩

# (૧૩) લોકભારતીમાં એક મહિનો

**હિમાંશી પરમાર**

લોકભારતીમાં કાર્યકર તરીકે મારી ભરતી કરવામાં આવી એને એક મહિનાનો સમય થયો છે. એ સાથે જ લાગે છે મારામાં 'હું' મટીને કોઈક નવીજ 'હું'નો ઉદય થયો છે. આમ તો હું સણોસરાની જ વતની છું. એટલે લોકભારતીની વાતો અને વાતાવરણથી અજાણી નહોતી. પરંતુ જ્યારે અહીંયા આવી ને રહી, અને જ્યારે એક મહિનો વિતાવ્યો ત્યારે લાગે છે કે આ લોકભારતી વિશે તો ક્યારેય સાંભળ્યું જ નહોતું ! જાણ્યું જ નહોતું ! અનેક વખત મુલાકાત કરી હોવા છતાં આ લોકભારતીમાં તો પહેલા હું આવી જ નહોતી!

લોકભારતીનો એ ઊંચેરો મુખ્ય દ્વાર ઉન્નત મસ્તકે દરેકને આવકાર આપવા અણનમ શાનથી ઊભો છે. જાણે નાનામોટાનો ભેદ તે ભૂંસી નાખે છે. જ્ઞાતિના કોઈ વાડા એને નથી, ને દરવાજા પર દરવાજાના જ આકારે ગોઠવાઈને બેઠેલા કબૂતરો દરવાજા સુધી આવનાર દરેકને કહ્યા કરે છે, 'પધારો! આ દરવાજો તો હરકોઈ માટે ખુલ્લો છે. અહીં માણસ - માણસમાં તો શું પરંતુ માણસ અને પશુ - પક્ષીઓમાં પણ ભેદ નથી. ધર્મોના કિલ્લાઓ તો વડીલોએ ક્યારના ભેદી નાખ્યા, ને અહીં આવીને વસનાર પેઢીને એક જ ધર્મ શીખવાડવાનો જાણે કરાર કુદરત સાથે તેમણે કરેલો, તે છે માનવતાનો ધર્મ.'

દરવાજાની અંદર પ્રવેશતા જ લાંબી હરોળમાં ઊભેલા લીબડા, આંબા અને ગુલમહોર આપણા જ સ્વાગતમાં સજ્જ થયાં હોય તેવું લાગે. તેનો છાંયડો આપણાજ કોઈ આપણાથી અતિ દૂર છતાં હૃદયના દરેક ખૂણે બિરાજતા વડીલના છાંયડાથી શું ઓછો મીઠો છે ! પેલી સહેજ ઝૂકી ગયેલી બોગનવેલ, અસલ લળીને પ્રણામ કરતી નમણી નાર. ને બે રસ્તાઓ વચ્ચે ઉગાડેલા એ ચંપા અને કરેણ ! એક હારમાં ઊગાડેલા તે આખાય વાતાવરણને એવુ તો સુવાસિત કરે છે કે બે ક્ષણ માટે એમ થાય શું ઈન્દ્રના સ્વર્ગમાંય આવી સુગંધ મળે ખરી ! લાલ, ગુલાબી, ને સફેદ ચંપા તરુણાવસ્થામાં પાપા પગલી માંડી રહેલી, સમજદારી ને દુનિયાદારીથી ખાસ્સા અંતરે ઉઘાડા માથે ઊભેલી ભોળી કન્યાઓ જેવા સમીરના સંગીતમાં લહેરાતા રહે છે. ને પેલી નાની ચકલીઓ જાણે તેની પજવણી કરતી હોય એમ ક્યારેક પર્ણ પર તો ક્યારેક ફૂલ પર ચાંચો અડાડીને ઉડી જાય છે. ને ચંપા ડોલ્યા કરે છે ને કહ્યા કરે છે, 'પજવી લે પજવી લે,પણ યાદ છે ને થાક ખાવા તો ફરી આ જ ડાળ પર બેસવું પડશે ને ? પછી ખડખડાટ હસતા હોય તેમ દસ - બાર ફૂલો રસ્તા પર વેરી નાંખે છે.

ખિસકોલીઓની રમત જોતા-જોતા ખેતરમાં શ્રમ કરતા વિદ્યાર્થીઓ પ્રકૃતિ પાસેથી એવા તો જીવનપાઠ ભણે છે જે વિશ્વની કોઈ શાળા કે મહાશાળાના વર્ગખંડમાં ભાગ્યે જ શીખી શકાય. ગોશાળામાં ગાયો દોહતા વિદ્યાર્થીઓને જોઈએ ત્યારે ગોકુળ ને ગોવાળો બંને તાદ્રષ થઈ જાય. વળી અહીં દરેક ગાયોના અને તેના વાછરડા - વાછરડીઓના નામ પણ છે, જેમ ગોવાળ એક હાકલ પાડે ને ગાય દોડી આવે એમ જ અહીંની ગાયો પોતાનું નામ સાંભળે કે તરત

દોડતી આવે છે. અહીંની દોડતી આવતી ગાયો ને જુઓ તો કામધેનુનું ટોળું દોડ્યું આવતું હોય એવો આભાસ થયાં વિના ન જ રહે. જ્યારે સાથીની પાછળ ચાલતા બગલા, સોનવરણા થઈને લહેરાતા ઘઉંના ખેતરો, વરસાદના મિલનથી ઢીલી પડેલી ધરતીમાં રોપાતા દરેક બીજ ને પેલો દૂર દેખાતો રાજેન્દ્ર હિલ્સ રાત - દિવસ શ્રમ અને સાદગીનો જ મહિમા ગાયા કરે છે. સાદગીની વાત આવે ત્યારે અહીંના રહેઠાણો ને કેમ ભૂલી શકાય ! દેશી નળિયાંના છાપરાવાળા, સાદગી છતાં જીવન જરૂરી દરેક સગવડથી સજ્જ એવા એ ઘરો વર્ષોથી 'સાચું સુખ તે સાદગી'નું પ્રમાણ દેવા જ ટકી રહ્યા હોય તેવું લાગે! દરેક ઘરને સરસ નાનું એવું આંગણું અને વાડોલિયાની જગા હોય ને એમાં જાંબુ, ચીકુડી, રાયણ કે જમરૂખડી ડોલતી ન હોય તો જ નવાઈ. ઘરની ફરતે ઈંટ - સિમેન્ટની નહિ પરંતુ મહેંદીની વાડ હોય છે. વિશ્વાસના પડઘા પાડતા ટહુકા કરતા મોર એક છાપરેથી બીજા છાપરે ઉડ્યા કરે છે. ને વાદળા ઘેરાતા જ સોળે કળાએ નાચી ઉઠે ત્યારે વાતાવરણમાં પ્રાર્થના નહિ પરંતુ સમગ્ર વાતાવરણ જ પ્રાર્થના લાગવા લાગે છે.

દાયકાઓથી સાંજે સાત વાગ્યે થતી સાયંપ્રાર્થનામાં બેઠા હોઈએ ને સમગ્ર લોકભારતી પરિવાર એક જ સૂરમાં વિશ્વેશ્વરને યાદ કરતો ગાતો હોય ત્યારે બે ઘડી લાગે કે નાનાદાદા, મનુદાદા ને અન્ય આ ધરોહર આપી ગયેલા પૂર્વજો ફરી હાજરાહજુર થયાં છે. ને કર્તવ્યનિષ્ઠા, પરમારથ, શ્રમ, કરુણા, પ્રેમ, ને સર્વધર્મ સમભાવની શુભાશિષ આપી રહ્યા છે. કોઈના ભાંગી ગયેલા હૈયાને, કોઈના થાકી ગયેલા જીવને, કોઈના મુંઝાયેલા મનને, ને અટવાયેલા ચિતને સાજા કરવાની અદ્‌ભુત શક્તિ આ પ્રાર્થનામાં છે. ખબર નહિ એવુ ક્યુ વારી આ સારસ્વત ભવનના પરસાળમાં ભર્યું હશે?

લોકભારતીમાં ખૂબ ઝાડ-વૃક્ષો છે. તેની ડાળે - ડાળે બાંધ્યા છે વહાલના હીંચકા. અહીં અભ્યાસાર્થે આવેલા વિદ્યાર્થીઓને જ્યારે ઘર સાંભરે ત્યારે તે આ વહાલના હીંચકાઓ પર ઝૂલે છે. ને બે ક્ષણમાં પવનના સુસવાટા, એ ઝાડવા ને એ હીંચકા તેમને એવી તો હૂંફ આપે છે કે વિદ્યાર્થીને લોકભારતી જ પોતાનું ઘર લાગવા લાગે છે. પ્રકૃતિની વચ્ચે ભણતાં, શ્રમ કરતાં, રમતાં, દોડતાં, ને જીવનના અમૂલ્ય પાઠો શીખતાં વિદ્યાર્થીઓ એ જ આશ્રમ પદ્ધતિથી ઉછરે છે જેમાં કદાચ દશરથના ચાર પુત્રો કે કુંતીના પાંચ પુત્રો ભણ્યા હતા. અહીં અધ્યાપકો અધ્યાપન તો કરાવે જ છે પરંતુ તેની સાથે વિદ્યાર્થીઓના વાલી, વડીલ અને મિત્રની ભૂમિકા પણ ભજવે છે. વિદ્યાર્થી સાથે હસી - મજાક ને જરૂર પડ્યે મીઠો ઠપકો આપવાનું પણ તેઓ ચૂકતા નથી.

દર બુધવારે મળતી બુધસભામાં અધ્યાપકો અને અન્ય કાર્યકરો જ્યારે મળે અને હળવી વાતો સાથે હળવો નાસ્તો કરે ત્યારે ખરેખર જ એવુ લાગે કે આ માણસનું કેવું ઉન્નત સ્વરૂપ છે ! જ્યાં વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે મતભેદ હજાર છે, પણ મનભેદ તો નથી. અહીં થાય છે હળવી ટીખળ, મશ્કરી, ને સોં વર્ષોથી અડીખમ ઊભેલા વડલા સમાન વડીલોના વર્ષાનુભવોની વાતો. ને એટલે જ લોકભારતી માત્ર સંસ્થા સાથે 'લોકભારતી પરિવાર' બન્યો છે.

અમારો હિમાલયના બાળ સમો ઉન્નત ઊભેલો દરવાજો, તેના પર બેઠેલા કબુતરો, તરૂણાવસ્થાના ઓટલે ઊભેલ કન્યા સમા ચંપા, આ છાપરે ટહુકા કરતા મોર, ગોશાળામાં તમારી વાટ જોતી કામધેનુઓ, ને તેથીય વિશેષ અમે સૌ લોકભારતીમાં કાર્યરત કાર્યકરો પાંપણ પાથરીને આપની રાહમાં છે. તો ક્યારે આવો છો ? લોકભારતીની જીવનશૈલીને, કેળવણીને, અહીંના ભાવાવરણને માણવા...

## (૧૪) વાર્તાનું શિક્ષણ

### ડૉ. સી. ટી. ટૂંડિયા

વાર્તાશિક્ષણ એ કળા છે. વાર્તા સંભળાવવી અને સાંભળવી એક આગવો મિજાજ છે, પરંતુ વાર્તા કહેવી એ તો એક આગવી કળા છે. આપણા કુટુંબમાં નાના બાળકોને દાદા-દાદી, બા-બાપુજી, ભાઈ-બહેન કે આડોશી-પાડોશીમાં વાર્તાઓ કહેતાં સાંભળ્યા છે, અને સાંભળેલ પણ છે. વાર્તા દ્વારા બાળકો હરહાલ ખુશમિજાજ અને ખુશહાલમાં રહે છે. બાળકો સાથે પ્રેમ કરવા માટે 'વાર્તા' એ પ્રથમ પગથિયું છે, માટે જ વાર્તા એ સારામાં સારી મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

બાળકોને વાર્તા દ્વારા મૂલ્યશિક્ષણના પાઠ શીખવી શકાય છે. આદર્શ વાર્તાકથનને પરિણામે બાળકોમાં કલ્પનાશક્તિનો વિકાસ, જિજ્ઞાસાઓ, જીજીવિષાઓ, સ્મૃતિ, ચારિત્ર્ય, સામાજિક સદ્‌ગુણો, રસ-રૂચિ અને એકાગ્રતામાં વધારો થાય છે. આ તમામ બાબતો ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે વાર્તાકથન કરનાર વ્યક્તિ તમામ સિદ્ધાંતોને ખ્યાલમાં રાખીને 'વાર્તા' રજૂ કરે છે.

બાળકેળવણીકાર શ્રી ગિજુભાઈ બધેકા (મૂછાળી મા) વાર્તા અંગે કહ્યું છે કે, 'વાર્તા સાંભળવી એ બાળકોનો અધિકાર છે, વાર્તા કહેવી એ વાલીઓની ફરજ છે. આપણે વાલીઓ વાર્તા વાંચીને તથા કહીને બાળકોના આ અધિકારની રક્ષા કરીએ.' સાચે જ બાળપણમાં પ્રગતિશીલ શિક્ષણ સંયમપૂર્વક પાસાઓને સમજીએ, બાળકના ચિત્તમાનસ પર સમભાવના, સંવેદના પ્રગટ કરવી હોય તો શિક્ષકે અચૂકપણે બાળકોને વાર્તા કહેવી જોઈએ, વાર્તાઓ અનેક પ્રકારની વાંચવા સાંભળવા મળે છે. જેમાં - સત્ય, અહિંસા, બલિદાન, પ્રેમ, સમર્પણ, હિંમત, ઐતિહાસિક ઘટનાઓ-બનાવો, ચારિત્ર્ય, પશુ-પક્ષીઓ, પર્યાવરણ, રાષ્ટ્રપ્રેમ જાગૃત કરતી અનેક વાર્તાઓ છે.

વાર્તા અંગેના અનેકાનેક સંગ્રહો જોવા મળે છે. જેમાં - પંચતંત્રની વાર્તાઓ, ઈસપની વાર્તાઓ, અકબર-બીરબલની વાર્તાઓ, હિતોપદેશની વાર્તાઓ, બત્રીસ પુતળીની વાર્તાઓ, રામાયણ અને મહાભારતના પાત્રો, ગિજુભાઈ બધેકાની વાર્તાઓ મુખ્યત્વે જોવા મળે છે. વાર્તાસંગ્રહો વયોવૃદ્ધ વ્યક્તિ વાંચે ત્યારે તેઓ સમયનું ભાન ભૂલી જાય તો બાળકો જીવનાનંદ પામે છે. ચાલો, આપણે પણ વર્ગશિક્ષણ દરમિયાન 'વાર્તાકથન' કેવી રીતે કરીશું? તે અંગેના સિદ્ધાંતો જોઈએ, વિચારીએ.

● વાર્તા કંઠસ્થ હોવી જોઈએ: વાર્તાશિક્ષણનો પ્રથમ સિધ્ધાંત છે કે, વાર્તા સૌ પહેલાં કંઠસ્થ હોવી જોઈએ. પુસ્તકમાં જોઈ વાંચી વાર્તા ક્યારેય કહેવાય જ નહીં, કારણ કે બાળકો સાથે આપણે જે આંખ દ્વારા સાયુજ્ય સ્થાપન કરવાનું છે. વાર્તા કંઠસ્થ હોય તો જ વાર્તાકથનનો પ્રથમ હેતુ સિદ્ધ થાય છે, માટે વાર્તા કંઠસ્થ હોવી તે તેનો પ્રથમ સિદ્ધાંત છે.

● વયકક્ષાનુસાર વાર્તા: બાળકોની વયકક્ષાને ધ્યાનમાં રાખીને વાર્તા કહેવી અતિ આવશ્યક છે. ધોરણ-૧ના બાળકો સમક્ષ આપણે ધોરણ-૭ની કક્ષા અનુરૂપ વાર્તા કહીએ તો તે કેટલી બાળભોગ્ય બને ? પ્રસંગકથાઓ ઉપલા ધોરણમાં વાર્તા સ્વરૂપે ચાલે પણ નીચેના ધોરણમાં પશુ-પક્ષીઓ કે કાલ્પનિક વાર્તાઓ (ચકા-ચકી, સિંહ-શિયાળ વગેરે) કહેવી જોઈએ.

● આરોહ-અવરોહ સાથે વાર્તાકથન: વાર્તા કહીએ ત્યારે આપણી વાણીમાં ઉતાર-ચઢાવ એટલે કે આરોહ-અવરોહ આવવો જોઈએ. દા.ત. પૂ. મોરારિબાપુ 'રામકથા' રજૂ કરે ત્યારે જે આરોહ-અવરોહ લાવે છે અને શ્રોતાને પકડી રાખે છે તેમ વાર્તાકથન દરમિયાન આરોહ-અવરોહ લાવવાથી વિદ્યાર્થી વાર્તાકથન સમજપૂર્વક ગ્રહણ કરશે, ધ્યાન કેન્દ્રીત રાખશે. આપણું કથન બાળકોને

સંમોહિત કરનારું હોવું જોઈએ. મિ. નટવરલાલ ફિલ્મમાં એક ગીત છેઃ "જંગલ મેં એક શેર આયા.." સાંભળજો તો ખરા (પોતાના નિજાનંદ માટે પણ). આવી પ્રયુક્તિઓનો ઉપયોગ વાર્તાકથન દરમિયાન ચોક્કસ કરવો જોઈએ. પશુ-પક્ષીઓના અવાજ શક્ય હોય તો સાથોસાથ રજૂ કરીએ તો વિદ્યાર્થીઓને સવિશેષ ગમશે જ. કેળવણીકાર મૂળશંકર મો. ભટ્ટ કહે છે કે, 'બાળકને મન વાર્તા એ કેવળ બનાવો નથી પણ શબ્દનાં મોજા પરની સહેલગાહ છે.'

● હાવ-ભાવ તથા અભિનયનો ઉપયોગઃ વાર્તાશિક્ષણ કરનાર શિક્ષકે બાળકોમાં ચેતનાનો સંચાર કરવાનો છે. વાર્તા જ્યારે રજૂ કરી રહ્યા હોઈએ ત્યારે આપણા ભ્રમર, ચહેરો, હલન-ચલન તથા યોગ્ય જગ્યાએ અભિનય પણ કરવો જોઈએ. દા.ત.. સસાભાઈ સાંકળિયાની વાર્તા કહીએ ત્યારે અભિનય સાથે વ્યક્ત થઈએ તો બાળકો માટે વિશેષાનંદ બીજો ક્યો હોઈ શકે ? ટૂંકમાં વાર્તા રજૂ કરે તે તરોતાજા અને ચેતનાયુક્ત હશે તો જ તે વાર્તા વિશેનો માહોલ કે વાતાવરણ બનાવી શકશે.

● પ્રશ્નોત્તરી કદાપિ ન કરીએઃ વાર્તા રજૂ કરતી વખતે વચ્ચે પ્રશ્નોત્તરી ક્યારેય ન કરીએ. બાળકને તેના ભાવાવરણમાંથી બહાર ન કાઢીએ. આપણે વાર્તા રજૂ કરીએ ત્યારે આપણે કહીએ કે, 'હવે સિંહ ક્યાં જશે?' અથવા 'રાજાને કેટલી રાણીઓ હતી ?' અરે ભાઈ ! સિંહ ક્યાં જશે અને રાજાને કેટલી રાણીઓ હતી એ તો વાર્તા કહેનારને જ ખબર હોય ! જો આપણે પ્રશ્ન કરીએ અને બાળક કૈંક બીજો જ જવાબ આપે તો વાર્તાશિક્ષણમાં ભંગ થાય.

●વાર્તા લાંબી ક્યારેય નહી કહીએઃ વાર્તા બહુ લાંબી ક્યારેય પસંદ ન કરીએ, કારણ કે બાળકોની જિજ્ઞાસાઓ છે તે આપણે વહેલા સંતોષીએ. બે-ત્રણ દિવસમાં વાર્તાનો અંત આવે. (દરરોજ અડધા ક્લાકના પ્રમાણે) વર્ગખંડમાં આપણે 'રામાયણ' અને 'મહાભારત'ની કથાઓ માંડીએ.

● વાર્તા અધૂરી રાખી શકાયઃ શાળા છૂટવાને અડધાએક ક્લાકનો સમય બાકી હોય ત્યારે આપણે બાળકોને વાર્તા કહેવાનું રાખીએ. વાર્તા આપણે એવા સમયે અધૂરી છોડી દઈએ કે, બાળકો શાળાએ બીજા દિવસે શાળાના સમય કરતા એક ક્લાક વહેલા પહોંચી જાય. કારણ કે બાળકોને વાર્તા બહુ જ પ્રિય છે. વાર્તા સાંભળવા માટે બાળક લલચાશે અને હોંશેહોંશે તે શાળાએ વહેલો આવશે.

● કરુણ વાર્તા ક્યારેય કહેવી નહીંઃ કરુણ વાર્તા બાળકો સમક્ષ ક્યારેય નહીં કહેવી. બાળકને આપણે અત્યારે કરુણરસનો અનુભવ નથી કરાવવાનો. ઘણીવખત વાર્તા એવી કરુણ કહેવામાં આવે છે કે, બાળકની આંખમાં શ્રાવણ-ભાદરવો વહેવા લાગે, ક્યારેક તો શિક્ષકની આંખમાં પણ. કોઈપણ વાર્તાનો અંત કદાપિ કરુણ ન બનાવશો, કે ના કહેશો.

● જોડકણાંયુક્ત વાર્તાને પ્રથમ અગ્રતા આપવી : જોડકણાંયુક્ત વાર્તા કહેવાથી બાળકની સ્મૃતિશક્તિમાં વધારો થાય છે. તેની જિજ્ઞાસાઓ વાર્તાકથનના વિકાસ સાથેસાથે વધતી જાય છે. તેનું ધ્યાન વિકેન્દ્રીત થવાના સંજોગો ઓછા ઊભા થશે.

● વાર્તાનો બોધપાઠ ક્યારેય કહેવો નહીં, પૂછવો પણ નહીંઃ વાર્તા કહ્યા બાદ આપણે જે વાર્તા રજૂ કરી તે વાર્તામાંથી આપણે શું બોધપાઠ લેવાનો છે ? અથવા વાર્તામાંથી શું ફલિતાર્થ સિદ્ધ થાય છે ? તે અંગેની બાળકો સમક્ષ પ્રશ્નોત્તરી ન કરવી. વાર્તાનો બોધપાઠ તો ક્યારેય ન કહેવો.

ઉપરોક્ત સિદ્ધાંતોને આપણે 'વાર્તાકથન' દરમિયાન કેન્દ્રસ્થાને રાખીને વાર્તા રજૂ કરીશું તો બાળક વાર્તાને પચાવી શકશે, માણી શકશે, સુખાનંદની અનુભૂતિ કરી શકશે. સાંપ્રત સમયમાં બાળકના ઘરમાં અને ઘર બહાર ટૅક્નૉલૉજીનું આક્રમણ થઈ રહ્યું છે. શિક્ષણમાં દશ્ય-શ્રાવ્ય સાધનો-ઉપકરણો વિષયનો વિનિયોગ. શિક્ષણને વાર્તાના માધ્યમથી સામેલ કરીએ તો તેના ગહનત્ત્વની વિભાવનાઓ બાળકો સરળ-સહજ રીતે સમજી શકશે.

ચાલો, આપણે 'વાર્તા' બાળકો સામે રજૂ કરીને આપણી ફરજ અદા કરીએ.

જય વાર્તાશિક્ષણ...

મો. ૯૮૨૪૮ ૨૫૫૬૧

## (૧૫) સંસ્થા સમાચાર (ઑગસ્ટ, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

● તા.૦૧ના દિવસે લોકસેવા મહાવિદ્યાલયમાં નવા પ્રવેશેલ વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ શ્રી અરુણભાઈ દવે અને શ્રી રામચંદ્રભાઈ પંચોળીની ઉપસ્થિતિમાં પૂર્ણ થયો. બપોરે ૨ થી ૩ દરમિયાન ભારતીય જ્ઞાનપરંપરા અંતર્ગત બિહારથી પધારેલ મહાત્માગાંધી કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ ડૉ. શ્રી સંજીવભાઈ શર્માએ ભારતીય સંસ્કૃતિ વિશે વાર્તાલાપ કર્યા.

● તા. ૩ના લોકભારતી અધ્યાપનમંદિરના ૭૯માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી. સંસ્થાના વડીલોએ સૌને શુભાશિષ પાઠવ્યા.

● તા.૦૩ના રોજ IQAC અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ અને એન.એસ.એસ વિદ્યાર્થી સમિતિની બેઠક યોજાઈ ગઈ.

● તા.૦૪ અને તા.૦૫ના રોજ દ્વિતીય વર્ષના વિદ્યાર્થી ભાઈઓ- બહેનો વિસ્તરણ વિષયના ફિલ્ડવર્ક નિમિત્તે સ્વાતંત્ર પર્વની ઉજવણીની પૂર્વતૈયારી રૂપે પાંચ ગામોની શાળાકીય પ્રવૃત્તિઓ માટે જઈ આવ્યા.

● લોકભારતી કાર્યકર કોઑપરેટીવ ક્રેડીટ સોસાયટીની નવનિયુક્ત કારોબારી સમિતિની પ્રથમ બેઠક તા.૦૪ના રોજ યોજાઈ ગઈ, જેમાં પ્રમુખ તરીકે શ્રી જગદીશગિરિ ગોસાઈ અને મંત્રી તરીકે શ્રી જગદીશભાઈ સરવૈયાની નિયુક્તિ કરવામાં આવી.

● તા.૦૫ના રોજ બુધ સંમેલન અંતર્ગત લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના એન.એસ.એસ. વિભાગના બંને યુનિટ દ્વારા નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે એન.એસ.એસ. ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાઈ ગયો.

● કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા પ્રોજેક્ટ, ભાવનગરના સંયુકતે ઉપક્રમે તા. ૦૫થી ૦૯ સુધી પાંચ દિવસીય કૃષિ સખી બહેનોની 'પ્રાકૃતિક કૃષિ' વિષય પર તાલીમ યોજાઈ ગઈ.

● કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી શીલાબહેન બોરીચાની આગેવાનીમાં કૃષિ-સખી બહેનોને એકસપ્લોઝર વિઝિટ માટે કરકોલિયા મુકામે તાલીમ આપવામાં આવી.

● તા.૦૮ના રોજ શનિ સંમેલન અંતર્ગત પ્રકૃતિદર્શન-ખજાનાની શોધ કાર્યક્રમ વિશેની અભિમુખતા યોજવામાં આવી જેમાં વિદ્યાર્થી પ્રતિભાવ અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા દ્વારા આખાય કાર્યક્રમની ગુણવત્તા તથા સાવચેતી અને ફોરેસ્ટ વિભાગના સહયોગ વિશે વાત કરી જ્યારે શ્રી મિલનભાઈ કેરાસિયા દ્વારા સૂચનાઓ આપવામાં આવી.

● લોકભારતીને જેણે પોતાની સંસ્થા કહી છે અને જેમના તરફથી ખૂબ શુભેચ્છાઓ અને આશીર્વાદ સાંપડ્તા રહે છે. તેવા પૂ. મોરારિબાપુ તા.૦૯ના રોજ ઓચિંતા જ સંસ્થા મુલાકાતે આવી ગયા.

● તા.૧૦ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરાના એન.એસ.એસ.વિભાગના બંને યુનિટ દ્વારા સિહોર તાલુકાના ફોરેસ્ટ વિભાગની પીપરલા રેન્જમાં આવતી ચોર વડલા ગામની અનામત વીડીમાં પ્રકૃતિ દર્શન સાથે વિશ્વ સિંહદિવસની આખો દિવસ ફોરેસ્ટ અધિકારીઓની ઉપસ્થિતિમાં ઉજવણી થઈ. 'ગીરની જાગીર' જેવા પુસ્તકના લેખક ડૉ. દિક્પાલસિંહ જાડેજાએ 'શેલાર' નિબંધ વાચન કર્યું. સમગ્ર ઉજવણીમાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી રામચંદ્રભાઇ પંચોળીની પ્રેરક ઉપસ્થિતિ રહી.

● કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રદીપભાઈ ક્યાડા તા. ૧૦ના રોજ આત્મા પ્રોજેકટ, ભાવનગર દ્વારા આયોજિત

મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.

● કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજિત પ્રિ-ઝોનલ વર્કશોપમાં ઓનલાઈન ભાગ લીધો.

● સ્વાતંત્ર્યદિન નિમિત્તે શ્રી ડંકેશભાઈ ઓઝાએ ધ્વજવંદન કરાવ્યું અને સંમેલનમાં 'આધુનિક ભારતના ઘડવૈયાઓ' વિષયને કેન્દ્રમાં રાખી વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય આપ્યું.

● તા.૧૨ના રોજ વંદેમાતરમ્ ગાનના ૧૫૦ વર્ષ થતા તા.૯,ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન સમગ્ર રાષ્ટ્રમાં થતી ઉજવણીના ભાગરૂપે બુધ સંમેલન અંતર્ગત લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના એન.એસ.એસ. યુનિટ દ્વારા રાષ્ટ્રીય ગીત વંદેમાતરમ્ ગાન અને રાષ્ટ્ર વંદનાનો કાર્યક્રમ યોજાઈ ગયો. મુખ્ય મહેમાન વક્તા તરીકે શ્રી મલયભાઈ રામાનુજ અને શ્રી વિશાલભાઈ જોષીએ વંદેમાતરમનું ગાન કર્યું.

● તા. ૧૩ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય ખાતે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી જાળવવાના ઉદ્દેશ્યથી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી વિશાલભાઈ જોશી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી તેમજ એન.સી.સી.ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

● તા. ૧૪ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરાના એન.એસ.એસ. વિભાગ દ્વારા ભારત સરકારના "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

● પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં ઓગસ્ટ માસ દરમિયાન જે વક્તાશ્રીઓએ આવીને વિચાર-વિમર્શ કર્યો તેની યાદી નીચે પ્રમાણે છેઃ શ્રી યાકૂબભાઈ કોઠારિયા- પ્રેક્ટિકલ ગ્રામસભા યોજી ગયા. શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને ધરતીબેન જોગરાણા પી.પી.ટી. દ્વારા રસપ્રદ રીતે ખગોળ વિજ્ઞાનની સમજ આપી હતી. શ્રી નિગમભાઈ શુક્લા- ખેત સુધારણા, કૃષિ વિષયક આધુનિકરણ અને કે.વી.કે.ની મહત્તા. શ્રી વિશાલભાઈ ભાદાણી તાલીમાર્થીઓ સમક્ષ એ.આઈ. ટેકનોલોજી, મકવાણા સંજયભાઈ - ઈ-ગ્રામ સુવિધા, ડિજિટલ ગુજરાત.

● તા ૧૪ના રોજ તાલીમ વર્ગ ૮૫ના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ ઉપસ્થિત રહીને તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

● તા.૧૫થી ૧૭ દરમિયાન ત્રણેય વર્ષમાંથી પસંદ કરેલ કુલ ૧૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો નીલપર,કચ્છ ખાતે યોજાયેલ યુવા અને સામાજિક નિસ્બત શિબિરમાં જઈ આવ્યા. તેમની સાથે ગૃહમાતા શ્રી રેખાબેન વ્યાસ પણ જોડાયાહતાં.

● તા.૧૯ના રોજ બુધ સંમેલન અંતર્ગત વિસ્તરણ વિષય અનુસંધાને પાંચ ગામોમાં યોજાયેલ ખાસ વિસ્તરણ ફીલ્ડવર્કમાં રાષ્ટ્ર વંદના સપ્તાહ, તિરંગા રેલી અને સાંસ્કૃતિક કાર્યક્રમની ટુકડી પ્રતિનિધિઓ દ્વારા રજૂઆત અને વીડિયો ક્લિપ નિદર્શન યોજવામાં આવ્યું.

● તા.૧૯ના રોજ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન ભાવનગર યુનિવર્સિટી દ્વારા આયોજિત પીએચ.ડી. વિદ્યાર્થીઓ માટેની RACમાં ઉપસ્થિત રહી કામગીરીની સમીક્ષા કરી હતી.

● તા.૧૯ના રોજ શ્રી નીતિનભાઈ ભીંગરડિયાએ સમાજકાર્ય ગ્રામવિદ્યાશાખાની સેક્શન-૫૦ની પરીક્ષાલક્ષી બેઠકમાં ગ્રામવિદ્યાશાખાના ડીન તરીકે હાજરી આપી હતી.

● તા ૨૦/૦૮/૨૦૨૬થી તા ૧૭/૧૧/૨૦૨૬ સુધી ત્રણ માસ માટે પ.રા.તા.કે.માં તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ક્રમાંક ૮૬ શરૂ થયેલ છે. જેમાં ભાવનગર,અમરેલી,બોટાદ અને મોરબી જિલ્લાના કુલ ૪૧ તાલીમાર્થી ભાઈઓ હાજર થયેલ છે. જેના વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં તા ૨૧/૦૮/૨૦૨૬ ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ વર્ગને ખુલ્લો મૂક્યો હતો.

● તા.૨૦ના રોજ સાયંપ્રાર્થના બાદ લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા યોજાણી. આ વખતે પ્રશ્નો

તો માત્ર ચારેક જેટલા જ પૂછવામાં આવેલા, પણ મંત્રીઓની કામગીરીની પ્રસંશા અને ધન્યવાદના લગભગ ત્રણસો-ચારસો પત્રો મળ્યા. આવેલા પ્રશ્નોના મંત્રીઓએ ધીરજપૂર્વક જવાબ આપ્યા. મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહ ગોહિલે પણ કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી સમગ્ર આમસભાનું સંચાલન કર્યું. વિભાગીય હોદેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં. અંતે નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી. અને છેલ્લે શ્રી કાંતિભાઈ ગોઠીએ વિદાય થતાં મંત્રીમંડળની કામગીરીને બીરદાવી અને નવનિયુક્ત મંત્રીમંડળને શુભેચ્છાઓ આપી.

● તા. ૨૦ના લોકભારતી અધ્યાપનમંદિરનો પ્રકૃતિદર્શન કાર્યક્રમ ચોરવડલાના કાળભૈરવ આશ્રમે યોજાયો. મહંત ઋષિપરીબાપુએ ઉદ્‌બોધન કર્યું.

● તા. ૨૧ના અમિતભાઈ સાસાણી અધ્યાપમંદિરના પ્રથમ વર્ષ પ્રવેશ કામગીરી સંદર્ભે ગાંધીનગર જઈ આવ્યા.

● તા.૨૧ના રોજ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ નંદકુવરબા મહિલા કૉલેજ,ભાવનગર અને જે.કે.સરવૈયા કૉલેજ, ભાવનગર આયોજિત અભિમુખતા કાર્યક્રમ ઉધ્ધોષમાં ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહી વક્તવ્ય આપ્યું તથા ભાવનગર યુનિવર્સિટી બોર્ડ ઓફ ડીનની મિટિંગમાં હાજરી આપી.

● લોકસેવા મહાવિદ્યાલયની ૧૯૯૮ની બેચના લગભગ ૫૮ જેટલા પૂર્વવિદ્યાર્થીઓ પરિવાર સાથે તા.૨૩મીના રોજ લોકભારતી આવ્યા. તે સૌએ લોકભારતીના ભાવાવરણને વર્ષો પછી ફરી શ્વસ્યું. સૌ પ્રસન્ન થયા.

● તા.૨૪ના રોજ સવારે ૧૧:૧૫ કલાકે લોકસેવા મહાવિદ્યાલયની IQAC ની એક બેઠક સંવાદ કક્ષમાં યોજાય ગઈ.

● પેન્ટાગોન ચેરીટેબલ ટ્રસ્ટ અને જશોદા ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી વિકાસભાઈ તારીખ ૨૪થી ૨૬ એમ ત્રણ દિવસ લોકભારતી, માઈધાર, મણાર અને આંબલા એમ બધી સંસ્થાઓની અભ્યાસ મુલાકાતે આવી ગયા.

● તા. ૨૫ના લોકભારતી અધ્યાપનમંદિરના હિસાબી અને વહીવટી ઈન્સ્પેકશન માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગરના હિતેશભાઈ દવે, જગદીશસિંહ ગોહિલ અને જયપાલસિંહ ચુડાસમા આવી ગયા.

● લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની ટ્રસ્ટીમંડળની એક મિટિંગ તા.૨૫ના રોજ ડ્યૂઅલ સિસ્ટમથી યોજાઈ ગઈ, જેમાં મોટા ભાગના ટ્રસ્ટીશ્રીઓ પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા, થોડાએ વર્ચ્યૂઅલી હાજરી નોંધાવી અને વહીવટી અને નીતિવિષયક નિર્ણયો કરવામાં આવ્યા.

● તા.૨૫ના રોજ ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ પટેલે લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ સાથે લોકભારતીથી ફેર ટ્રેડ સુધી વિષય પર સંવાદ કાર્યો.

● આગામી 'દર્શક' વ્યાખ્યાનમાળા અને પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમની પૂર્વતૈયારી રૂપે સમગ્ર કાર્યકરોની એક સંયુક્ત બેઠક તા.૨૬ના રોજ મળી ગઈ, જેમાં આગામી બે કાર્યક્રમો અંગે શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી કાંતિભાઈ ગોઠીએ વિગતો રજૂ કરી અને શ્રી અરુણભાઈ દવેએ સંસ્થાગત કેટલીક વાતો કરી.

● તા.૨૮ના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા તરીકે જાણીતા અધ્યાપિકા તથા લેખિકા બહેન શ્રી મીનળબહેન દવેએ મનનીય વક્તવ્ય આપ્યું. રક્ષાબંધન નિમિત્તેનો રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ તા.૨૯મીની રાત્રે રજૂ કરવામાં આવ્યો.

● તા.૨૯મી ઓગસ્ટના રોજ પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો ત્રેવીશમો મણકો અને પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમ લોકભારતી સંગીતવૃંદના ગીતથી પ્રારંભ થયો. શ્રી અરુણભાઈ દવેએ આવકાર આપ્યો અને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી. વક્તાશ્રીનો પરિચય લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ આપ્યો. વ્યાખ્યાનમાળાના આ મણકાના મુખ્ય વક્તા જાણીતા લેખિકા

અને અધ્યાપિકા મા. શ્રી શરીફાબહેન વીજળીવાળાએ 'સાહિત્ય અને સમાજ' વિષય ઉપર અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓ : 'પ્રાકૃતિક ખેતી અને આરોગ્ય' માટે શ્રી મૂળજીભાઈ ભલાણી-સીદસર-ભાવનગર, 'બાળસાહિત્ય' માટે શ્રી વાસુદેવભાઈ સોઢા-અમરેલી, 'શિક્ષણ' માટે શ્રી બળવંતભાઈ તેજાણી-ભાવનગર અને 'ગ્રામવિકાસ' માટે શ્રી જયેશભાઈ રાવલ-દસાડાનું સન્માનપત્ર, સ્મૃતિ-ભેટ અને રૂપિયા એકવીશ હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું આભાર દર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં લોકભારતીના સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ જહેમત ઊઠાવી. લોકભારતીની સમગ્ર કાર્યક્રમની ગુણવત્તા-વ્યવસ્થા-ભોજન-સફાઈ-સુઘડતા અંગે સૌ મહેમાનોએ રાજીપો વ્યક્ત કર્યો.

● તા.૩૦ના રોજ યુવા બાબતો અને રમતગમત માંગલ્ય તથા એન.એસ.એસ માર્ગદર્શન રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે 'ખેલેગા ભારત બઢેગા ભારત' સૂત્ર હેઠળ હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની શ્રધ્ધાજલી રૂપે મેદાનની રમતો ક્રિકેટ,ખો-ખો,કબડી,વોલીબોલ તેમજ અન્ય રમતોમાં ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓ અને કાર્યકરો જોડાયા.

**આંબલા સમાચાર**

● ગ્રામદક્ષિણામૂર્તિ સંચાલિત-આંબલા અને મણાર બંને સંસ્થાની ગોશાળામાં શુદ્ધ ઘીનું વેચાણ શરૂ કરવામાં આવેલ છે. આ પહેલને પૂર્વવિદ્યાર્થીઓ તથા સંસ્થાના શુભેચ્છકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

● તા. ૦૬ તથા ૨૯ના રોજ ભાવનગર મુકામે યોજાયેલી એન.સી.સી.ની બેઠકમાં શ્રી મહર્ષિભાઈએ હાજરી આપી હતી. બેઠક દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ અને આગામી આયોજન અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી.

● એન.સી.સી.ના પી.આઈ. સ્ટાફ ચાર વખત સંસ્થાની મુલાકાતે આવ્યા હતા. મુલાકાત દરમિયાન કેડેટ્સને પરેડની તાલીમ આપવામાં આવી હતી.

● તા. ૦૬ના રોજ શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી વિનામૂલ્યે નેત્રમણિ અને નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આજુબાજુના ગામોના ગ્રામજનોએ બહોળી સંખ્યામાં કેમ્પનો લાભ લીધો હતો. તપાસ દરમિયાન જેમને ઑપરેશનની જરૂર જણાઈ હતી, તેવા દર્દીઓના રાજકોટ સ્થિત ટ્રસ્ટની હૉસ્પિટલમાં વિનામૂલ્યે ઑપરેશન કરવામાં આવ્યા હતા.

● તા.૦૫ના રોજ સંસ્થા મુલાકાતે ભાવનગર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને સાંસ્કૃતિક વિભાગના વડા શ્રી દિલીપસિંહ ગોહિલ પધાર્યા હતા. તેમણે સંસ્થાના વિદ્યાર્થીઓને જીવનઘડતરમાં રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક તેમનું માર્ગદર્શન મેળવ્યું હતું.

● તા. ૦૮ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના વિદ્યાર્થીઓ માટે સંસ્થાની આગવી પરંપરા સમાન 'ખજાનાની શોધ'નો માનીતો અને મોજભર્યો કાર્યક્રમ યોજાયો હતો. આનંદમય વાતાવરણમાં દિવસને યાદગાર બનાવ્યો હતો.

● તા.૦૭ના રોજ ટાગોર જયંતિ નિમિતે દરેક વિધાર્થીઓએ પોતાના છાત્રાલયમાં વેસ્ટમાંથી બેસ્ટ કરી છાત્રાલયને સુશોભિત કરેલ હતું.

● તા.૧૦ના રોજ વિશ્વસિંહ દિવસની ઉજવણી વિદ્યાર્થીઓ સાથે જૈવવિવિધતાનું મહત્ત્વ અંતર્ગત પ્રશ્નોતરી અને ચર્ચા કરી ઉજવવામાં આવી.

● તા. ૧૫ના રોજ સ્વતંત્રતા દિવસની ઉજવણી સરકારી પ્રાથમિક શાળાના પ્રાંગણમાં મોજીલી પ્રાથમિક શાળા, લોકશાળા તથા સરકારી પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે ઉત્સાહભેર કરવામાં આવી. આ પ્રસંગે ગામના સરપંચ શ્રી રજદીપસિંહ ગોહિલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ત્રણેય શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ગ્રામજનોએ બહોળી સંખ્યામાં

ઉપસ્થિત રહી રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવનાથી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી હતી. ત્રણેય શાળાના વિદ્યાર્થીઓએ સાસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

● તા. ૨૨ના રોજ વિદ્યાર્થીઓનો રાત્રિ રમતોત્સવ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓ તથા કાર્યકરોએ ઉત્સાહસભર ભાગ લીધો હતો.

● તા.૨૫ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ,આંબલા ટ્રસ્ટની ટ્રસ્ટીમંડળની બેઠક લોકભારતીમાં યોજાઈ હતી. આ બેઠકમાં નીતિવિષયક નિર્ણયો લેવામાં આવેલ.

● તા. ૨૮ના રોજ લોકશાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી ભાવનગર રૂપાંતર ફાઉન્ડેશનના ચેરમેન શ્રી ડૉ. છાયાબહેન પારેખના મુખ્ય મહેમાનપદે યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત સંગીત ટુકડી દ્વારા પ્રસંગને અનુરૂપ ગીતથી કરવામાં આવી હતી, શ્રી વાઘજીભાઈએ સ્વાગત પરિચય આપ્યો હતો, વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વનું મહત્ત્વ અને ઈતિહાસ રજૂ કરવામાં આવ્યો હતો અને પ્રતીકાત્મક રીતે રક્ષાબંધનની વિધિ કરવામાં આવી હતી. મુખ્ય મહેમાનશ્રી છાયાબહેનના પ્રાસંગિક વક્તવ્ય બાદ શ્રી મેહુલભાઈએ આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

● તા. ૨૨ના રોજ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપમાં જિલ્લાકક્ષાની સ્પર્ધા (ભાવનગર ગ્રામ્ય-૨૦૨૬) સિદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ભાવનગર ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં આપણી શાળાના છ બાળકોએ શાનદાર પ્રદર્શન કરી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે અને રાજ્યકક્ષાએ રમવા જવા માટે પસંદગી પામી શાળાનું ગૌરવ વધાર્યું છે.

● મોજીલી પ્રાથમિક શાળાના કુલ સાત બાળકોએ અલગ અલગ ઈવેન્ટમાં ભાગ લીધેલ. જેમાં:- (૧) બાંભણીયા હર્ષિલ અને હુંબલ ભારત આર્ટિસ્ટિક પેરની અંદર તૃતિય નંબર પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ અને રિધમિક પેરમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે.(૨) ચૌહાણ વેદાંત આર્ટિસ્ટિક સિંગલ ઈવેન્ટમાં ભાગ લઈ તૃતિય નંબર પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. (૩) ગોહિલ રોનક ટ્રેડિશનલ ઈવેન્ટમાં તૃતિય નંબર પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. આ નંબર પ્રાપ્ત કરેલ તમામ બાળકો રાજ્યકક્ષાએ રમવા માટે પસંદગી પામેલ છે.

**મણાર સમાચાર**

● તા. ૪ ના રોજ મોરેશિયસ ખાતે યોજાયેલી ૧૧મી 'ક્વાલિટી યૂથ ઈનિશિયેટિવ્સ સમિટ ૨૦૨૬માં 'સેકન્ડ રનર્સ અપ' અને 'બેસ્ટ ડિસિપ્લિન' ટ્રોફી જીતીને પરત ફરેલા વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષક શ્રી ગોરધનભાઈ દિહોરાનું, આચાર્ય શ્રી ડાંગરભાઈ દ્વારા ગુલાબનું પુષ્પ આપી અને મોં મીઠું કરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

● તા. ૧૦ના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે ઉત્સાહભેર જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ દેશભક્તિનો સંદેશ આપતા 'હર ઘર તિરંગા' અભિયાનની પણ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

● તા. ૧૩, ૧૪ અને ૨૧ ઓગસ્ટના રોજ યોજાયેલ ભાવનગર ગ્રામ્ય જિલ્લાકક્ષાના -૭૦મા અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ ૨૦૨૬ અંતર્ગત યોજાયેલી વિવિધ રમતોમાં આપણા વિદ્યાર્થીઓએ ખૂબ સારો દેખાવ કર્યો છે. ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત-કૌશલ્ય દાખવીને રમતસ્પર્ધામાં ૧૧ ગોલ્ડ અને ૪ સિલ્વર, ટાએક્વોન્ડો સ્પર્ધામાં ૮ ગોલ્ડ, બહેનોની કુસ્તી સ્પર્ધામાં ૬ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ તથા ભાઈઓની કુસ્તી સ્પર્ધામાં ૧ ગોલ્ડ મેડલ. આમ, લોકશાળા મણારના નામે કુલ ૨૬ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ નોંધાયા છે.

● તા. ૧૫ના રોજ ભારતનો ૮૦મો સ્વાતંત્ર્ય દિન શાનપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધ્વજવંદન આ જ વર્ષે નિવૃત્ત થયેલાં શાળાના શિક્ષિકાબહેન શ્રીમતી કંચનબેન થડોદાના હસ્તે કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તેમણે ઉપસ્થિત સૌને પ્રસંગોચિત ઉદ્બોધન આપ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી પ્રભાતફેરી તથા પરેડમાં એન.એસ.એસ. અને એન.સી.સી.ના કેડેટ્સનો વિશેષ

દબદબો જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો અને સન્માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર શાળા પરિવારે આનંદથી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હતી.

● તા.૧૬ના રોજ આપણાં મદદનીશ શિક્ષિકા શ્રીમતી કંચનબેન આર. થડોદા અને મદદનીશ શિક્ષક શ્રી વિનોદરાય આર. વાઘેલા સેવા નિવૃત્ત થતાં, બંને શિક્ષક બહેન-ભાઈનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં શ્રી અરૂણભાઈ દવેએ અધ્યક્ષસ્થાને રહીને શાલ ઓઢાડી, શ્રીફળ, સાકરનો પડો અને સન્માનપત્ર આપી બંનેનું નિવૃત્તિ સન્માન કર્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં પૂર્વકાર્યકરો, સંસ્થાના અગ્રણી શ્રી ભગવતસિંહ ગોહિલ, ગ્રામ્ય આચાર્ય સંઘના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ બતાડા, શ્રી મેહુલભાઈ ભટ્ટ, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી ડાહ્યાભાઈ ડાંગર તેમજ અન્ય મંચસ્થ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

● વિદ્યાર્થીઓના વિકાસ અર્થે શ્રી વિનોદભાઈ વાઘેલા તરફથી ૧૧,૦૦૦/- નો ચેક, શ્રીમતી કંચનબેન તરફથી ૫૧,૦૦૦/- નો ચેક તથા કંચનબેનના ભાઈ શ્રી નારાયણભાઈ થડોદા તરફથી ૧૧,૦૦૦/- રોકડા અર્પણ કરવામાં આવ્યા હતા, તેમજ સમગ્ર ભોજનનો ખર્ચ પણ તેઓ તરફથી આપવામાં આવ્યો હતો. પરિવારજનો, મહેમાનો અને પૂર્વવિદ્યાર્થીઓ દ્વારા ભેટસોગાદો અર્પણ કરાઈ હતી. શ્રી મનસુખભાઈ ગુજરિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આચાર્યશ્રીએ આભાર દર્શન કર્યું હતું.

● તા.૨૫ના રોજ જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, ધરમપુરના પ્રતિનિધિ શ્રી વિકાસભાઈ મણિયાર તથા તેમની સાથે શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી હિતેશભાઈ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા.

● તા.૨૮ના રોજ શાળામાં રક્ષાબંધનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નિવૃત્ત શિક્ષિકા શ્રીમતી કંચનબેન અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગોચિત વાતો કરી હતી.

● રક્ષાબંધનના આ પાવન પ્રસંગે શ્રી વિજયાબેન ધીરુભાઈ બારૈયા તરફથી ધોરણ નવથી બારના તમામ બહેનોને રૂપિયા ૧૦૧/ રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવી છે. બહેનો પ્રત્યેનાં આ અસીમ પ્રેમ, ઉદારતા અને શિક્ષણને બળ આપતાં સરાહનીય કાર્ય બદલ શાળા પરિવાર તેમનો આભાર માને છે .

● ગત વર્ષે ધોરણ બારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અણઝારા ધ્રુવ મોહનભાઈને ધોરણ ૧૨માં ઉત્કૃષ્ટ પરિણામ લાવવા બદલ ગુજરાત સરકાર તરફથી રૂપિયા ૪૧,૦૦૦/ નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

**માઈધાર સમાચાર**

● તા. ૪ના રોજ ભાવનગરથી લોકભારતીના શુભેચ્છક અને જાણીતા વકીલ શ્રી વિનુભાઈના પુત્રવધુ જ્યોતિબેન પરીખ તથા તેના મિત્રો સંસ્થા મુલાકાતે આવી ગયા. વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી રાજીપો વ્યક્ત કર્યો.

● તા.૪ના રોજ સરકારી આરોગ્ય વિભાગ દ્વારા વિદ્યાર્થીનું વજન, ઊંચાઈ, હિમોગ્લોબીન મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને ડૉકટરોની ટીમ દ્વારા જરૂરી માર્ગદર્શન અને દવા આપવામાં આવી હતી.

● તા.૧૦ના રોજ વિશ્વસિંહ દિવસ નિમિત્તે પ્રાર્થનાનાં અનુસંધાને સિંહની ઓળખ- પ્રસંગો, વાર્તાઓ- ગીતો વગેરે ત્રણ દિવસ સુધી વિદ્યાર્થીઓ -કાર્યકરો દ્વારા પ્રસ્તુતિ કરીને ઉજવણી કરાઈ હતી.

● તા.૧૧ના રોજ વિશાલભાઈ ભાદાણીએ વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ સંવાદ કર્યો.

● તા.૧૫ના રોજ ૧૫મી ઓગસ્ટ ધ્વજવંદન કાર્યક્રમ પછી શાળા દ્વારા રમોત્સવનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતો રમીને મોજ કરી. શ્રી અરુણભાઈએ હાજર રહીને રાજીપો વ્યક્ત કર્યો.

● તા.૧૫ અને ૧૬ બે દિવસ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા નિબંધલેખન કાર્યશાળા યોજાઈ ગઈ. શિબિર

સંચાલક શ્રી મહેન્દ્રસિંહ પરમાર અને સંયોજક શ્રી ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી સાથે ૩૦ લેખકોએ હાજર રહીને આ કાર્યશાળામાં ભાગ લીધો હતો. સાંજની પ્રાર્થનામાં સ્નેહલ જોષી લેખિત 'રા'નાળો' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. મહેન્દ્રસિંહ પરમાર તેમજ અરુણભાઈએ પ્રાસંગિક સંવાદ કર્યો.

● તા.૧૬ના રોજ લોકશાળા મણારમાં વયનિવૃત્ત થતાં વિનોદરાય આર.વાઘેલા અને કંચનબેન આર. થાડોદાનાં સન્માન સમારંભ કાર્યક્રમમાં પાતુભાઈ આહિર અને નિર્મળભાઈ પરમાર જઈ આવ્યા. આ કાર્યક્રમના અનુસંધાને વળતાં શ્રી અરુણભાઈ દવે, કુણાલભાઈ ગાલા અને રામદેવસિંહ ગોહિલ માઈધાર મુલાકાતે આવી ગયા.

● તા.૨૨ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયનાં વિદ્યાર્થીઓના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સાંઢીડા મહાદેવના દર્શન કરી ત્યાંથી લોકભારતી સુધી ખજાનાની શોધ કાર્યક્રમ કરવામાં આવ્યો. લોકભારતી સંસ્થાદર્શન, આંબલા લોકશાળા - મોજીલી શાળા, રાજપરા ખોડિયાર મંદિર, ગૌતમેશ્વર મહાદેવ જેવા સ્થળોની મુલાકાત લઈ એક દિવસ પ્રવાસમાં સહુએ મોજ માણી.

● તા.૨૪ના રોજ વિશ્વ ગુજરાતી દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં બે વિદ્યાર્થીઓ અને શિક્ષક શ્રી ક્રિષ્નાબેન ચૌહાણે માતૃભાષા અંગે વિચારો અભિવ્યક્તિ કર્યાં.

● તા.૨૫ના રોજ જશોદા નરોત્તમ ચેરિટેબલ ટ્રસ્ટ -ધરમપુરથી આવેલ શ્રી વિકાસભાઈને લઈને વિશાલભાઈ ભાદાણી અને હિતેશભાઈ સોલંકી માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા.૨૫ના રોજ કંચન ફાઉન્ડેશન વતી શ્રી મમતાબેન ચૌહાણે ૧૬ વિદ્યાર્થી ભાઈ- બહેનને શિક્ષણ ફી માટે રૂ. ૫૦૦૦- ૫૦૦૦ની સહાય વિતરણ કરી પ્રાસંગિક સંવાદ કર્યો હતો.

● તા.૨૫ના રોજ જિલ્લાકક્ષાનો શાળાકીય રમતોત્સવ ભાવનગર સ્પોર્ટસ કૉમ્પ્લેક્ષમાં યોજાયો હતો. જેમાં ગોળાફેંક અને ૨૦૦ મીટર દોડમાં આપણી શાળાની બે વિદ્યાર્થીનીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. શ્રી અરુણભાઈ દવેએ આનંદ પ્રગટ કરી આગળ રમવા માટે શુભેચ્છા પાઠવી.

● તા. ૨૭ના રોજ રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થિનીઓ દ્વારા રાખડી જાતે તૈયાર કરવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા પ્રસંગોચિત સ્વાધ્યાય રજૂ કરવામાં આવ્યા. મુખ્ય મહેમાન - લોકભારતી અધ્યાપનમંદિરના પૂર્વવિદ્યાર્થી હાલ નાયબ જિલ્લા શિક્ષણાધિકારી - સુરત ફરજ બજાવતાં શ્રી આશાબહેન ચૌધરી આવી ગયાં.

● તા.૨૯ના રોજ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' સ્મારક વ્યાખ્યાનમાળા કાર્યક્રમમાં પાતુભાઈ આહિર જઈ આવ્યા.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના શુભેચ્છક અને સંવેદનશીલ સર્જક શ્રી ધ્રુવભાઈ ભટ્ટ (મો. ૯૪૨૬૩૩૧૦૫૮)નાં પત્ની સ્વ.શ્રી દિવ્યાબહેન ભટ્ટનું તા.૧૩નો રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક શ્રી શૈલેષભાઈ ગાલાના સુપુત્ર અને શ્રી કૃણાલભાઈ ગાલા (મો. ૯૨૨૭૭૧૨૪૦૧)ના મોટાભાઈ સ્વ. શ્રી હર્ષલભાઈ ગાલાનું તા. ૨૬ના રોજ ૪૪ વર્ષની વયે ઉંમરગાવ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમ



સન્માનિત થતા શ્રી મૂળજીભાઈ ભલાણી



સન્માનિત થતા શ્રી વાસુદેવભાઈ સોઢા



સન્માનિત થતા શ્રી બળવંતભાઈ તેજાણી



સન્માનિત થતા શ્રી જયેશભાઈ રાવળ

## લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓમાં રક્ષાબંધન પર્વની ભાવસભર ઉજવણી



લોકભારતી ખાતે શ્રી મીનળબહેન દવે દ્વારા પ્રાસંગિક રજૂઆત



આંબલા ખાતે શ્રી છાયાબહેન પરીખ દ્વારા પ્રાસંગિક રજૂઆત



મણાર ખાતે શ્રી કંચનબહેન થડોદા દ્વારા પ્રાસંગિક રજૂઆત



માઈધાર ખાતે શ્રી આશાબહેન ચૌધરી દ્વારા પ્રાસંગિક રજૂઆત




TO.


**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-